
કુમાર

આસો : ૧૯૮૭

અંક ૯૪મો

તંત્રી : રવિશંકર રાવળ





તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક–પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટઃ સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨
જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ મેસર્સ રાવલ બ્રધર્સ મૂળજી જેઠા બિલ્ડિંગ પ્રિન્સેસ સ્ટ્રીટ

ધર્મત્રિશૂળ * ફણા ત્રીજી

મંદિર

દેવદુવારાની ગાવડી રેણુ,
ચરતી વગડા પાર. (૨)
સાંજ નમે ને વાછરૂ જોતાં,
દૂધની છૂટે ધાર.
આંચળ એના મૂઠ ન માતા !
દધીના કૂપ સમાતા !

આંખડી બે એની કોડિયાં જેવી,
શીંગડી દીપક–વાટ. (૨)
કામદુધાની બેટડી રેણુ,
સંતનો ઉર ઉચાટ.
ટણુણુણુ ઘંટડી બોલે !
દિશાનાં બારણું ખોલે !

કેમ થતું એ કોઈ ન જાણે,
સંત રૂએ દિનરાત. (૨)
દિવસ ઉપર દિવસ ચાલ્યા,
વાછરૂને રધવાટ.
રેણુનાં ધાવણુ ખૂટચાં !
જોગીડાનાં સત શું તૂટચાં ?

વાયરે વાયરે વાતડી ચાલી,
ફરકયા કાનેકાન. (૨)
વાળંદિયે વાત નૃપને કીધી,
રાણીને માલણુસાન.
'પાણો કો' વગડા પારે !
નવાડતી દૂધની ધારે !'

ચોરેચૌટેથી માજન ચાલ્યાં,
ઊમટચાં ચારે જન. (૨)
રાજા રાણી બેઉ પાલખી બેઠાં,
જોગીનાં ફૂલતાં મન.
જંગલમાં મંગળ થાતાં !
જનો હૈયેહૈયાં દળાતાં !

શેવતીમાં શિવલિંગ છુપાયું,
ઊપર છાતીમ છાંય. (૨)
રેણુડી મોકળે આંચળ ઊભી:
દૂધની ધારે ન્હાય.
ધતૂરાનાં ફૂલડાં ડોલે !
બપૈયા બે ડાળિયે બોલે !

લંકાદ્વિપેથી સોનાં મંગાવ્યાં,
રેવાના આરસપ્હાણુ. (૨)
એશિયા ઉરથી શિલ્પવિશારદ,
નાંગરે આરે વ્હાણુ.
મહા ઘોર ઘુમ્મટ બાંધ્યા !
ધરા આભ થાંભલે સાંધ્યાં !

મધ્યમ દેશનું ઇંડું ચડાવ્યું,
જાવાના ઝૂલતા ઘંટ. (૨)
હીરા ખોદી શત ખાણુના ચોડચા,
વાવટા વ્યોમ ઊડંત.
નવે દ્વિપ નામના ગાજે !
આવે લોક દર્શન કાજે !

પુર મહીં દીપમાળ રચાણી,
શેરીએ પાથર્યાં ફૂલ (૨)
માનવીથી ભરચક ઝરૂખા,
ઝૂલતા તોરણુ–ઝૂલ.
રાજા રાણી પાલખી કાંધે !
મહીં શિવલિંગ વિરાજે !

દૂર ઊભા ઊભા ઢેઢડા જૂવે,
કોઇ ન આવે પાસ. (૨)
ભીની આંખે શિવલિંગ નિહાળે,
પાથરે પથ નિશ્વાસ.
'છી! છી!' કરી મા'જન ભાગે!
ધિક્કારના ધૂતકા ગાજે !

વેદિ પરે શિવલિંગ ધર્યું જ્યાં,
કંપતી ધરણી માત. (૨)
ઘુમ્મટ ફાટચો, આભ ધ્રૂજી રહ્યું,
સ્તંભ ખર્યા ધધડાટ.
ચીરે સાત વ્યોમ ધડાકો !
દેરે નવ દેવડો માતો !

નૃપતિના બેઉ હોઠ ધરૂજ્યા,
આંખ ઝરે અંગાર. (૨)
કંપ નહિ એની કાયમાં માતો,
જીભ ધ્રૂજે ક્ષણુવાર.
'પાણુાને ધૂળમાં રંગો !
કીચડનો રચજો દંગો !'

કોઈ નથી ઊભું કયાંય નિહાળી,
ધ્રૂજતો આવ્યો ઢેઢ. (૨)
રાતનાં આંસુ વ્યોમમાં ફૂટચાં;
દેવગંગાનો વેઢ.
આંસુડે લિંગને ધોયું !
સુકા વાળે અંગને લ્હોયું !

ઝૂંપડીમાં જ્યમ લિંગ મૂકાયું,
ફૂટતી અમૃત વાચ: (૨)
'સાત નભોનો ઘુમ્મટ તાણો,
માય ન તાંડવ નાચ.
તો યે તારૂં ઝૂંપડું મોટું !
ત્યજીયાને ઉર આળોટું !'

કૃષ્ણુલાલ શ્રીધરાણી

* પરાર, ૧૯૮૫ના દીવાળી અંકમાં આવેલું 'પૂજારી', અને ગયા વર્ષના દીવાળી અંકમાં આવેલું 'દેવ' એ બે આગલી ફણાઓમાં આ ત્રીજી 'મંદિર' ઉમેરીને કવિએ 'ધર્મત્રિશૂળ' પૂરૂં કર્યું છે.



'પૃથ્વીમાં પાય છે ધૂળ રગડાય, પણ
ઊંચક્યું શીશ આકાશ અડવા.'
(કવિ ખબરદાર)

દારિદ્રય અને દીનતાનો નાશ એ જ ખરી દીવાળી છે. માનવ જીવનમાં ઘોર અંધારૂં કરી નાખનારાં એ બે ભૂતોની છાયામાં જ સ્વાર્થ, કુસંપ, ઇર્ષ્યા, વૈર, વહેમ ને ખુશામતના પોપડા વધી શકે છે. મનુષ્યોનાં પાપો ને કુકર્મોના કિસ્સાઓ માટે સૌથી વધુ જવાબદાર કંગાલિયત અને લાચારી છે. જે ઘડીએ મનુષ્યની આત્મજ્યોત પ્રકટે છે, જે ઘડીએ તે પોતાની હાલતનો જાગૃત સાક્ષી બને છે તે જ ઘડીએ તે આ ભયંકર વાતાવરણનો સામનો કરવા તૈયાર થાય છે. એ આત્મજાગૃતિ એટલે ઉત્સાહ. ઉત્સાહના આલંબનથી કોઇ પણ માણસ કે સમૂહ ચમત્કારિક જીવન-પલટા સાધી શકયાં છે? ઉત્સાહ જ્યાં સુધી મનુષ્યના સાથમાં હોય ત્યાં સુધી કોઇપણ પરિસ્થિતિ તેને ડારી શકતી નથી. ઉત્સાહના બળે માણસો સજીવન રહે છે, ઉત્સાહની છોળે પરાજયમાંથી વિજય પ્રકટે છે. ઉત્સાહી કદાપિ પરાજય સ્વીકારતો નથી. ઉત્સાહીને સદા દીવાળી જ દેખાય છે. ઉત્સાહ વિનાની દીવાળી માત્ર અમાવાસ્યા છે.

દીપોત્સવીના ઉત્સવો કેવળ પૈસાની કોથળી સામે હાથ જોડી રાખવાને ન હોય; એ ઉત્સવો માત્ર દારૂખાનાં ફૂ કરી પૈસાનો ધુમાડો જ કરવા માટે ન હોય; અથવા મિઠાઇ પકવાન ખાઇ તબિયતમાં બાદી બરબાદી કરવાને પણ ન હોય. એટલા જ હેતુ પર દીવાળી હોય તો એ મૂર્ખપ્રજાનો તહેવાર ગણાય. દીવાળીનાં પર્વો ચાતુર્માસની વિશ્રાન્તિ અને શિથિલતા ભુલાવી મનુષ્યને કર્તવ્ય પ્રતિ પ્રેરનાર દિવસો છે. ચોમાસાના

આપણને એમ થાય કે મારામાં કાંઇ જ નથી, તો તેમાં આત્માની નિર્બળતા છે. આપણને એમ થાય કે બસ હું જ છું, મારામાં જ બધું છે, તો તેમાં આપણું અભિમાન છે. આપણે જેવા છીએ તેવા જ આપણને સ્વીકારીએ તો અતિ ખેદ અને અતિ હર્ષનાં ભરતીઓટ નહિ થાય. આપણામાં ન્યૂનતાઓ ને વિશેષતાઓ બંને છે. ન્યૂનતાઓ માટે જાગૃત રહેવું, પણ ખિન્ન ન રહેવું. વિશેષતાઓ માટે પ્રસન્ન રહેવું પણ મગરૂર રહેવું નહિ.

—ગિજુભાઈ

વર્ષાત્ર અને ધુમ્મસમાં અટકી રહેલી પ્રવૃત્તિઓ અને વ્યવહારનાં નવેસરનાં મંડાણનાં ખરાં મુહૂર્ત આ દિવસો છે. અનેક દીવાની જ્યોતો એ જાગૃતિ અને ઉલ્લાસનું વાતાવરણ સરજાવવાની એક અપૂર્વ લોકકલા છે. દીપોત્સવીની બીજી સવારે તો જગત નૂતન વર્ષનો ઉત્સવ રચે છે. એ ઉત્સવનો પ્રધાન સ્વર ઉત્સાહ અને નવી જાગૃતિ.

ભૂતકાળની ભૂલોના વિલાપ, વિખવાદ ને વીસંવાદ વિસરી ભવિષ્યનાં સ્વપ્ન સાચાં કરવાને માનવીમાત્ર ઉત્સુક હોય; પણ કેટલા યે નિર્બળ આત્માઓ ફરીફરી જૂની લાલચો અને સંસારનાં પટામણાંથી લેવાઇ જઇ ઘરેડના ચીલે ચડી જાય છે. તેમાં ફરી કોઇ સુભાગીને સાચો પંથ સૂઝે તે પહેલાં તો આત્મમંથનશૂન્ય કુલપરંપરા ને રૂઢિનાં દોરડાં તેના જીવનની અવધ ટૂંકી કરી નાખે છે.

કોણ ચેત્યો, કોણ બચ્યો, કોણ તર્યો એ તો કાળનાં એંધાણ પરથી જણાશે. ત્યાં સુધી તો ઓ માનવ બંધુ! તારી દીપજ્યોત પ્રકટાવીને તારો પંથ નિહાળી જો. જગતના મહાવીરો અને સંતોએ કયો માર્ગ ખેડયો છે અને સંસારીઓ તને કયા માર્ગે ભોળવી રહ્યાં છે? ઘણી દીવાળીઓ ખોઇ હોય તોપણ આજ હજુ તક છે. ઉત્સાહને તારો સંગી બનાવ. ઉત્સાહનો ધ્વજ ઊડતો હશે ત્યાં સુધી નિરાશા, થાક કે નિષ્ફળતા તારી નજરે પણ પડશે નહિ.

ઉત્સાહની નિશાની વહેલા ઊઠનારમાં છે. ઉત્સાહની નિશાની ચેતનાભર્યો દિવસ શરૂ કરવામાં છે. ઉત્સાહની ખાતરી એક કામ પાછળ સોસો પ્રયત્ને લાગી રહેનારમાં છે. 'હવે હું શું કરૂં?' એ ઉત્સાહીનું વાકય ન હોય. ઉત્સાહીને બધી દિશાઓ નકારો કરે તો પણ હસીને તે આકાશ સામે જુએ અને વિશાળતાનો સંદેશ મેળવે. મૃત્યુ પછી પણ તેની આશાના તાર ખેંચાતા દેખાય છે. તેનું કદી મૃત્યુ જ નથી. મૃત્યુમાં યે તે સજીવન છે, કારણકે મૃત્યુને તે અમૃત માની વધાવે છે.

ઉત્સાહને નિરુદ્યમ અને નવરાશ ગમતાં નથી. ઉત્સાહની હાજરી હોય ત્યાં સ્વચ્છતા, ઉદ્યોગ અને સાહસ જેવા વ્યાપારો ખીલી રહે છે. બગાસાં ખાતા કામદારો, ટોળટપ્પાં મારતા ગુમાસ્તા અને કારકુનો, તથા પોતાના મેજ પરની ધૂળે ય ખંખેરે નહિ કે પોતાનાં કપડાં સરખાં યે સાફ રાખે નહિ એવા વિદ્યાર્થીઓને ઉત્સાહ કરડો જુલમગાર શાસક લાગે છે. પોતાના ઘરમાં અને બહાર ઉકરડાઓ સંઘરી રાખતા બેદરકાર નાગરિકો પર તેના ડોળા ચડેલા રહે છે. પણ સમાજસેવકોનો તો તે કીર્તિધ્વજ છે. શોધકો અને સાહસિકોનું તે પરમ બલ છે. સંત-મહંતોને તે જ્યોતિ રૂપ છે. ચપટીમાત્રમાં કામ આ

પનારી શક્તિઓને વશ કરનારા જગતના અખંડ ઉત્સાહીઓ છે. એક નાનીશી સિદ્ધિ માટે જીવનભરની ઉપાસના અર્પી દેનારા સાધકોનાં ઉત્સાહબળ કોઇ માપી શક્યું નથી.

ભારતની જનતામાં ઉત્સાહનાં પૂર જોઇએ છે. સમાજની પુનર્ઘટના માટે ઉત્સાહીઓનાં સૈન્યો બંધાશે. નિરક્ષરતા અને ભૂખમરો ટાળવા મથતા લાખ્ખો ઉત્સાહી યુવકગણો ધસી આવશે. દેશના હુન્નર ઉદ્યોગના પુનરૂદ્ધાર માટે રાતદિન મથતા ઉત્સાહભર્યા કારીગરો અને ઇજનેરો જાગી ઊઠશે. અન્યાય અને અનીતિ સામે છાતી ધારી ઝૂઝવા સમાજસેવકો કૂદશે ત્યાં ઉત્સાહનો વિજયનાદ સંભળાશે ને ભારતનો ડંકો દિગંતે ગાજશે. આવીઆવી અનેક આશાઓ આજના મંગળ દિનોમાં પ્રેરણાવંતી થાઓ.

'કુમાર'નો આ અંક ખાસ દીપોત્સવી અંક બન્યો નથી એવું ઘણાને જણાશે. દીપોત્સવીના સાજ 'કુમાર'ને અત્યારે અકાલ લાગવાથી અમે તે માટે ખાસ પ્રયત્ન કર્યો નથી, એટલો અમે સ્વીકાર કરીએ છીએ. તે સાથે વાચકોને વિચારવા કહીશું કે બાર માસે એક જ દીવાળી અંક આપનારા પત્રને હિસાબે 'કુમાર'નું બારે માસનું સંસ્કારસાહિત્ય અને કલાસામગ્રી જોતાં પરિણામે ઉણપ લાગે છે ખરી?

અમારી ઉમેદો સમયની વિચિત્ર ઘટનાઓને લીધે ધાર્યા પ્રમાણે બર નથી આવી. અને તે માટે અમને હમેશાં ઊંડો અસંતોષ રહ્યા કરે છે. છતાં અમારી સામે એક આનંદજનક પ્રસંગ દેખાય છે. તે વખતે અમે ઉત્સવભર્યા સાજથી 'કુમાર'ને શણગારવા આતુર છીએ. એ પ્રસંગ તે 'કુમાર'નો શતાંક——૧૦૦મો અંક. છ માસ પછી આવતા વર્ષમાં અમારા એ અતિ અપેક્ષિત અંકનો ક્રમ આવે છે અને તેમાં અમારાથી બનતી રસ, સંસ્કાર અને કળાની સમૃદ્ધિ ભરી આપવા યત્ન કરીશું.



યૌવન

યૌવન સદા સચેતન છે. સંસારને નવેસર સર્જવાનું એને સ્વપ્ન છે. એના શબ્દોચ્ચારમાં અમર આશા બોલે છે. વર્ષોમાં અંતર વીંધી એનો મહત્ત્વાકાંક્ષી પ્રાણ તાને અને તૈયાર રહે છે.

યૌવનના વિહાર પણ એવા છે. ખાંડાની ધારે એ ખેલે છે ને યુદ્ધના મોરચા માંડે છે. હાંફવું કે હારવું એ જાણતું નથી. ખાઇઓ અને ખાડીઓ એ પાર કરે છે. રોજ નવતર સાહસ ઉઠાવે છે, રોજ નવો આનંદ ઉડાવે છે. અવિરત શ્રમ જ એનો વિશ્રામ છે.

યૌવન નથી પ્રશ્ન કરતું, નથી શંકા ધરતું, નથી થથરતું; નથી એ જડતામાં જીવતું, નથી ક્યાંયે અચકાતું, નથી પાછળ ડગ ભરતું.

યૌવનની દૃષ્ટિ તીવ્ર અને તાજી છે. કાળના પરિમાણનું એને ભાન નથી. એ હમેશ કાર્યતત્પર છે; સિદ્ધિનું એ કદાપિ લોભી નથી.

યૌવન પડ્યું પાનું નિભાવી લે નહિ; નવસંસ્કાર અને સંસ્કૃતિને અર્થે એ આકાશપાતાળ એક કરે,— પ્રત્યેક પળે નવા પ્રયત્ન આદરે.

અને યૌવન સાચું છે, કેમ જે યૌવન સદા સચેતન છે; કેમ જે જગત યૌવનની સંમુખ ઊભું છે, વિમુખ નહિ.–યૌવનને ઉચ્ચ સાહસનો અધિકાર છે–પછી ભલે એ સાહસ એક વાર આંધળું નીવડે.

યૌવન જીવનને શોધે છે. જૂનીખખ, પડતર, એકલવાઈ અને તરછોડાએલી ચીજોમાં નવો પ્રાણપૂરી સજીવન કરવાની કળા એની છે.

યૌવનમાં કચાશ છે. એનો હાથ બેઠો હોતો નથી. ક્યારેક એ કામ બગાડે છે. ઘણીવાર એ વૃદ્ધોના જેવું સંગીન કે સારૂં કામ કરી જાણતું નથી; પણ એ જે કામ બગાડે તેને સુધારી લેવાનો યૌવનને પૂરો અવસર છે–જે ઘડપણને નથી.

યૌવનની કલ્પનાશક્તિ તેમ જ ક્ષમાવૃત્તિ અજબ હોય છે. વેરાન રણ જંગલોમાં અને ધ્રુવના હિમપ્રદેશોમાં એ દિવ્ય સંગીતધ્વનિ સાંભળે છે; દુઃખના ઘા પડે એ દર્દમાં તે કવિતા અનુભવે છે: વસમા મૃત્યુને વિજયી હાસ્યથી વધાવી લે છે.

—દેશળજી પરમાર

હલકું વર્તન એ માનવતાની ખોડ છે. બુદ્ધિને વલોવી હોય, વિચારોને કેળવ્યાં હોય, પણ એ બધું ચારિત્ર્યમાં ગોઠવ્યા વિના નર્યો દંભ જેવું બની રહે છે. આપણે કૂદવું ને પડછાયાને સ્થિર રહેવા કહેવું એ મૂર્ખાઇ છે. અંતરને ઊજળું રાખ્યા વિના આત્મબળ એકઠું કરવા મથવું એ કેવળ ફાંફાં છે. (ઊર્મિ)

ઈન્દુલાલ ગાંધી



તેજરેખા

• દ્રુતવિલંબિત •

ખંડ પહેલો

૧ શૈશવ

જનની ને પિતુ હેત સરોવરે
દિવસ શૈશવના તરતા હતાઃ
નયન તેજ નવું ભરતાં હતાં
ઉઘડતા યુગનાં કિરણો વડે.

નવ ઉલ્લાસ તણાં મધુ દર્શને
હૃદય-પાંખડીઓ ઊઘડી હતીઃ
સરલ નિર્મળ લોચનકેડીએ
જટિલ જીવનવાટ ખડી હતી.


અહીં જ શૈશવ આપણુ ઉછર્યું
મધુરવી કડવાશ ગળીગળીઃ
થર અનેક અનુભવના ચઢી
સ્મરણ એ ઇતિહાસ બની રહ્યું.

૨ પગથિયું

જરી પ્રભાત પછી ગગને ચઢ્યું
કનક કિરણની પગથી ઘડીઃ
પગથિયે ચઢવા મુજ બ્હેનડી !
હૃદય તેં તપનિશ્ચયથી મઢ્યું.

નયનમાં હતું તેજ હતું મુખે,
મુખનું વર્ચસ નેન મહીં હતુંઃ
જીવનગીત અબોલ સરી જતું
પ્રફુલ ચિત્ત ચિરંજીવ ચેતને.

કમળને નવ નીર અડી શકે,
નવ તને અડકી જગવંચનાઃ
સબળ કાર્યશિલા હૃદયે છતાં
સ્મિત કને ન કશું ય ટકી શકે.



૩ ધનુર્દોર

ગગન અંક જડી બીજની કલા
-જયમ જડેલ સુમૌક્તિક છીપમાં;
જલધિમાં જડ્યું બુંદ પિયૂષનું
સરી પડી ત્યમ જ્યોત કલાવતીઃ
રજની અંક રમે બીજની કલા,
ભગિનિ હું રમતાં નિજ અંકમાં.

'કવણ ભૂલી ગયું સ્મિત ચંદ્રનું
તિમિર મારગમાં?' ભગિની કહેઃ
શશિસ્મિતે રહ્યું સર્જન બીજનું
નવવિધાનની તેજકમાન એ.
નીરવતાભરી રમ્ય અગાસીએ,
ગહન ચંદનીપંથ ચઢ્યાં અમે.

શર ઘડીશ હું તારકસેરનાં
પકડી લાવીશ તેજકમાનને:
'દિશ સમગ્રનું ચેન ઊલેચવા'
વદી 'થઈશ હું દોર કમાનની.'
ધરી રહ્યો બીજરૂપ ધનુષ્ય હું,
ધનુરદોર બની મુજ બ્હેનડી.

૪ એક ઘાત

હૃદયની મૂક સુંદરતા સમું
હતું મનોરમ શાંત પ્રભાત એઃ
કિરણની અહીં એકલતા રડે
સકલ દર્શન મેઘરવે ભર્યું.

હતી પ્રભા ઘરમાં સગડી કને
ગરમ દૂધની તામડી રક્ષતીઃ
હું ય હતો તહીં, બા હતી મેડાએ;
ભયની ગંભીરતા ઘડી ના ટકી.

ઉકળતા દૂધની લઈ તામડી
કરી ઊંધી ભગિનિ નવડાવવાઃ
દૂધ ઢળ્યું પણ એ ઊભી દૂર જૈ,
ગઇ ખસી, હસતી વધુ ખીજતીઃ
ગઇ બચી, વિધિથી, હું રહ્યો હસી!

૫ ઝરણું

ઝરણના ગતિમાન પ્રવાહમાં
સરી જતી કિરણાવલિ સાંધ્યનીઃ
નિજ તટે રમતી અમ બેલડી
તણું તરે પ્રતિબિંબ મહીં પડી.

'ગતિ છતાં સ્થિર આપણુ આકૃતિ
નિરખ કેમ હશે રહી?' તે કહેઃ
કવન એ ભગિની છ સનાતન
સતત ગૂંથવું જીવનમંથને.



રજનીએ જવ પાલવ પાથર્યો
કિરણ ફૂદડીઓ ઠરી નાચતીઃ
પ્રતિ ક્ષણે પીગળી રહી પ્રકૃતિ
પથ અસુંદર શૂન્ય બની ગયો.

૬ નિજ ગૃહે

નયન દેવપ્રકાશ ભરી નવા
સદન અંતરનાં અજવાળજેઃ
સ્મરણ ચિત્ત મધુર પ્રભાતનાં
કદિ ય વિસ્મૃતિમાં ન વિરામજે.

ગમ કુટિર તણી મૃદુ સુરભિ
ભરી જજે તુજ સૌમ્ય સ્વભાવમાંઃ
સજીવ સંસ્કૃતિની ઉપમા જીવી !
ઊતરજે ગૃહમંદિરમાં સૂના.

વિશદ ચિત્તની સુંદરતા થકી
વિચર પુણ્યકલા પ્રસરાવજેઃ
કઠણ તાપ કુંળા હૃદયે ભરી
લલિત સ્મિત સદા વરસાવજે.

૭ ગઇ

ગૃહ તણી ગઇ જ્યોત સજીવન,
અમ સહોદરસંઘની કોકિલાઃ
સભર હેતની એ નદી નિર્મલા
પીરસતી ગઇ પુણ્ય સનાતન.

સતત ચિંતનયજ્ઞની આરતિ
નિજ ગૃહે ગઇ શૌર્ય પવિત્રતાઃ
વિચરી શોધન કાજ વીણાવતી
અલખ સ્વપ્ન છુપાયલ સૃષ્ટિનાં.

ગઈ કલા, મુજ નેત્રની ચેતના
નયન દર્શનમાં તરતાં મૂકીઃ
જીવન સૌરભમાં સરતાં મૂકી
પરમ અંતરગીતની પ્રેરણા,



ખંડ બીજો

૮ કુંકુમ

ઊઘડતાં કિરણો તણી મધ્યમાં
તિમિરપાંખ અચાનક ઊતરીઃ
સકલ ગીતની સંકલના ખડી
કરી અબોલ અવિસ્મૃત વેદના.

ભર્યું હતું હજી કુંકુમ ભાલમાં,
નયનમાં હતું તેજ પ્રભાતનું:
સ્વપન અંતરમાં અભિન્નતનું
ઢળી ગયું ઢળતાં તુજ ચેતના.

ક્ષણિક ઐહિક બંધન ખેસવી
જલદ ધોધ રૂપે વહી એ સુધા:
વિલીન કેમ થશે વૃત્તિ મોહની
પગથિયાં ચઢી વિશ્વપ્રકાશનાં?

૯ દીપકલા

તિમિર ચંદરવે ચઢી આભને
અગણ દીપ જુએ મીટ પાથરીઃ
પૃથિવીની શુચિ સુંદરતા ભરી
ગગનથી રમવા અહીં ઊતરે.
દીપ કુમારની હૈં રમતો નવી,
નિરખતો કદિ સ્વપ્ન વિશે ભમી.

નિત અસંખ્ય ઉડુગણ આવતા
પવનપાવડીએ ધરતી પરે:
ખબરઅંતર કોઇ ન લાવતા
અચળ જ્યોત સમી મુજ બ્હેનના.
ભગિનિમોકલી તારકમંડળી,
સ્મરણમાં ભમતાં મુજને મળી.



'શશિ તણા અતિ ઉચ્ચ સિંહાસને
દીપકલા બની બ્હેન વિરાજતી:
દુ:ખકથા કહી માનવલોકની
ગહન શોક મહીં ઊતરી જતી.
સ્મૃતિ સહોદરની ભરી અંતરે,
ભગિનિ અશ્રુસરોવરમાં તરે.'

૧૦ સ્મૃતિકથા

સળગતા ઉરને કયમ ઠારવું?
કયમ ભૂલી જ શકાય પ્રભાક્ષરી?
સૂરજ પશ્ચિમમાં ઊતરી જતાં
રજનીમાં ઊઘડે સ્મરણો ભરી.

સજીવ શબ્દ ચઢી અનિલે તરે:
'સ્મરી રહી છું હજી અહીં તે ઘડી,
રડીરડી પરબો ભરી અશ્રુની
મરણનાં વળતાં પગલાં કને.'



શીતલ ભસ્મની માંહ્ય છુપાયલી
વિરલ પિતૃપ્રદેશની વત્સલા!
રુદનકર્દમથી ખરડાયલી
કવણ સાંભળશે સ્મૃતિની કથા?

૧૧ પ્રયાણ

સ્મિત ગયું મૂકી મૌન મુખાકૃતિ,
નયનદ્વાર અચાનક વાસિયાં:
સજીવ તત્ત્વ અજીવ બની ગયાં,
હૃદય નિર્બળતા થઇ જીવતી.

ચરણ મૃત્યુ તણાં નિરખી રહ્યો,
તદપિ રોકી શકયો ન પ્રયાણને:
દીન બની મૂક આર્જવગાનને
મરણને ચરણે ઠલવી રહ્યો.

વરસતાં દુ:ખની ઝડીઓ જતાં
ઉઘડી ઇન્દ્રકમાન કલાભરીઃ
ગગનના ઝરૂખા ભાગી ઊડતાં
ધનુરદોર તૂટી, સરકી પડી.

૧૨ ઉજ્જવલ વાદળી

ઊડી ગઈ સુરખી કિરણો થકી,
ફૂલ હતાશ બની લટકી રહ્યાં:
ઊડી ગઇ સુરભિ ફૂલડાં મૂકી,
પ્રકૃતિની ગઈ બંધ પડી ક્રિયા.

તિમિરમાં તરતાં મુજ સ્વપ્નને
કવણ રોકી શકે દ્યુતિ પાથરી?
કવણ રોકી શકે કરુણાભરી
સરી જતી કવિતા નિજ લોચને?
પવનનો પથ શાન્ત બની ગયો,
સ્થિર બની ગઈ ઉજ્જ્વલ વાદળી;
લલિત વર્તુલ ચંદ્ર રચી રહ્યો,
મહીં પ્રકાશ તણી પ્રતિમા ખડી:

અમર એ પ્રતિમા મુજ બ્હેનની.

૧૩ ચાંદની

દિન પછી મહિના, વરસો ગયાં
ગણીગણી નિત બીજ-ગણિતનેઃ
સુખદ એ સ્મરણો મહીં જીવતાં
કદિ ય થાક જરી ન ચઢે મને.

કમલપાંદડી શી પથરાયલી
પગલીએ મળી રેખ સુમંગલા:
સ્મિત થકી સલિલે ચીતરાયલી
કુદડીએ રળિયાત બની કલા.

ઝટ ઉડાડ, મને સખિ કલ્પને!
કુસુમ જ્યાં રૂપ માનવનાં ધરે:
સુરભિ જ્યાં ધૂપ સ્વાર્પણનો ભરે
અમર એ ભૂમિકા ભણી આ પળે.

૧૪ શિલા

કયમ કરી ગતિ રોકવી હેતની?
સ્મૃતિ વહે અવિચ્છિન્ન અનંતધા:
જયમ મથું ભૂલવા નિજ આકૃતિ
ઠરીઠરી સળગે છ ફરી કથા.

પ્રલયના પદઘોષ ભલે પડે
મરણમૌન વિશે મર સંચરે:
અહર્નિશ દબાઈ દુ:ખો તળે
શ્વસનથી નિજ ચિંતન સુંદરે.



રજ સુંવાળી રહી ધરતી કને,
પવનને મળી શ્વાસની સુરભિ;
જગતને જડી જ્યોતની અંજલિ:
હૃદય ઉપર દુ:ખ તણી શિલા.

ઈન્દુલાલ ગાંધી

સુશોભનકાર : કનુ દેસાઇ

પાંચ હજાર વર્ષ પૂર્વેની પ્રાચીન ભારતીય સંસ્કૃતિની સમાધિ

મોહન-જો-ડેરો



સ્વ. રાખાલદાસ બંદોપાધ્યાય
જેમણે મોહન-જો-ડેરોની શોધ કરી.

ભારતીય સંસ્કૃતિની ગૌરવગાથા ગાનારા અજંતાના કલામંડપો, શિકારે નીકળેલા એક અજાણ્યા અંગ્રેજને હાથે અકસ્માત્ પ્રકાશમાં આવ્યા. એ અજંતાથી યે અતિ પ્રાચીન કાળમાં, આજથી પાંચ હજાર વર્ષ ઉપર, જ્યારે આજની પુરાતન ગણાતી સંસ્કૃતિઓનાં વહાણાં પણ નહોતાં વાયાં એવા ઇતિહાસના ઉષઃકાળે ભારતમાં એક ઊંચા પ્રકારની સંસ્કૃતિ પ્રકટી અને ફાલી હતી તે બતાવતા વિપુલ અવશેષો ભારી રહેલી એક સમાધિ, એ જ રીતે, શિકારે નીકળેલા એક હિંદી પુરાતત્ત્વવેત્તા અધિકારીને આજથી ચૌદ વર્ષ પહેલાં એક મંગળ પ્રભાતે લાધી, અને એણે ભૂતકાળનો એક ગહનશ્યામ પડદો ઉચકી લઇને સંસ્કૃતિ-જનેતા ભારતની યશોજ્જ્વલ ગાથાને વધુ પ્રકાશવતી કરી.

ઇ.સ. ૧૯૧૭ના ઑક્ટોબરમાં હિંદી પ્રાચીન શોધખોળ ખાતાના અધિકારી અને સમર્થ પુરાતત્ત્વવેત્તા સ્વ. રાખાલદાસ બંદોપાધ્યાય (બૅનરજી) પોતાના ખાતાના કામ પ્રસંગે પુરાતન સિક્કાઓ તથા પ્રાચીન માનવસમાધિઓની શોધ માટે પૂનાથી સિંધ ગયા હતા. એક રાત્રે તેઓ મિત્રો સાથે ચિત્તળ (લાલ ચપકાવાળા હરણ)ના શિકારે નીકળ્યા અને રસ્તો ભૂલ્યા. સવાર થવા આવ્યું પણ અથડામણનો અંત આવ્યો નહિ. એવામાં પ્રભાતના પ્રકાશમાં એક મોટો ટેકરો નજરે પડયો. સાથેના જમાદારે ચેતવણી આપી કે રસ્તો ભૂલીને તેઓ એવી અજાણી જગ્યાએ ચડી ગયા છે કે જ્યાં પાણી કે ખોરાક કશું મળશે નહિ.

પણ પુરાતત્ત્વવેત્તાનું ધ્યાન તે તરફ નહોતું. એ તો પેલો ટેકરો જ નિરખી રહ્યો હતો. એની અનુભવી આંખને તરત સમજાઇ ગયું કે આ વિચિત્ર દેખાવનો કૃત્રિમ ટેકરો એ સામાન્ય વસ્તુ નથી, પણ માનવના પ્રાચીન વસવાટની જગ્યા હોવી જોઇએ. બારીકાઇથી તપાસ કરતાં તેમને પુરાતન ઇંટો મળી આવી. એક હાંડલી હાથ લાગી તેમાં એક પથ્થરની છરી મળી આવી. એ છરી મળતાં તેની આંખોમાં પ્રકાશની કોઇ અજબ ચમક આવી.

પૃથ્વી પરના માનવ વસવાટનાં બધાં પ્રાચીન સ્થળોની શોધખોળ પરથી વિદ્વાનોએ મનુષ્યની દશાની સંક્રાન્તિ કે પલટા પ્રમાણે ઇતિહાસને હજારો વર્ષના યુગોમાં વહેંચી નાખ્યો છે. સૌથી પ્રથમ માનવે પૃથ્વીના વનચર વર્ગમાંથી વસાહત કરી, સમાજ જેવી રચના કરી, સુધારાની શરૂઆત કરી તે નૂતન પાષાણ યુગ આજથી વીસ હજાર વર્ષ પહેલાં શરૂ થયો માનવામાં આવે છે. એનું નામ નૂતન પાષાણ યુગ એટલા માટે કે મનુષ્યને તોડવાભાંગવા તથા મારવાકૂટવામાં એ વખતે પથ્થર સિવાય કોઇ જ સાધન હાથ લાગ્યું નહોતું. ચકમક જેવા કોઇ કઠણ પથ્થરમાંથી તેઓ ભાલાં, બરછી કે છરી બનાવી લેતા અને પોતાને હેરાન કરનારાં કે ભયદાયક પ્રાણીઓનો નાશ કરવામાં તેનો ઉપયોગ કરતા. એ જ પથ્થરમાંથી પછી ધીમેધીમે ગદાની આકૃતિ જન્મી છે, અને વાંસ સાથે બાંધેલી પથ્થરની અણીદાર છરીમાંથી ભાલાનું રૂપ ઘડાયું છે.

એ પાષાણ યુગમાંથી અનુભવ અને જ્ઞાન વધતાં સમાજની કાચી રચના તૈયાર થઇ. એવામાં માણસને ત્રાંબું હાથ લાગ્યું અને પછી ઘણે ઠેકાણે પથ્થરની જગ્યાએ તે વપરાતું થયું. એ ત્રાંબાના વપરાશની માનવદશાનો યુગ તે તામ્રયુગ.

હાંડલીમાંથી મળેલી પથ્થરની છરી જોતાં રાખાલ બાબુએ પ્રથમ તો એ પાષાણયુગના અવશેષ હોવાની કલ્પના કરી હશે. પણ તે પછી એ ટેકરાનું વ્યવસ્થિત ખોદકામ ઈ.સ. ૧૯૨૩માં સરકારી પુરાતત્ત્વ





ઉપર: મોહન-જો-ડેરોનાં ખંડિયેરો સાફ કરતાં નીકળેલો ૩૯ ફીટ લાંબો, ૨૩ ફીટ પહોળો અને ૮ ફીટ ઊંડો એક મંદિરને લગતો કુંડ, જેમાં ઊતરવાને બંને તરફથી પગથિયાં છે. આ કુંડની ચોમેર ફરતી પરશાળો, ઓરડા તથા એક કૂવો પણ મળી આવ્યાં છે. બાજુએ: આજની ઇજનેરીની હરીફાઇ કરે એવી ઇંટના પાકા ચણતરની આ ગટર ઉપરના કુંડમાંનું પાણી કાઢી નાખવા માટે રચેલી છે. ગટરોની આ વ્યવસ્થા એ આખા નગરમાં માલૂમ પડે છે, જે આજની પાંચ હજાર વર્ષ પૂર્વે કેવી ઉચ્ચ સંસ્કૃતિ પરિપાક પામી હતી તેનો તાદૃશ પુરાવો આપે છે.


ખાતા તરફથી કરવામાં આવ્યું અને ત્યાંથી પથ્થરની સાથે ત્રાંબાની ચીજો પણ મળી આવી. તે પરથી તે પાષાણયુગના આખર અને તામ્રયુગની શરૂઆતના કાળના અવશેષો હોવાનું ઠર્યું. લોઢાનું તો ત્યાં નામ-નિશાન નથી. એટલે લોઢાની વસ્તુઓ સાથે આવનારા આર્યોની પહેલાંની એ સંસ્કૃતિ છે એટલું તો નિશ્ચિત થયું છે. એવી એ પ્રાચીન સંસ્કૃતિની સમાધિ સાચવી રાખનાર એ ટેકરો સિંધમાં લારખાનાની નજીક આવેલો છે, અને તે મોહન-જો-ડેરો (મોહન=આનંદજનક, કૃષ્ણનું નામ+જો=નો+ડારો અથવા ડેરો=સ્થાન, ટેકરો) ના નામથી ઓળખાય છે.

આ શોધથી હિંદુસ્તાનની સંસ્કૃતિના ઈતિહાસની સામાનો પ્રદેશ હજારો વર્ષ આગળ જાય છે અને તેથી જગતના ઇતિહાસની દૃષ્ટિએ તેનું મહત્ત્વ અનેકગણું વધે છે. આજના યુગના ચમત્કાર રૂપ મનાતી આ શોધ જોકે જગતમાં તો હિંદી પુરાતત્ત્વ ખાતાના વરિષ્ઠાધિકારી સર જૉન માર્શલને નામે ચડી છે, પણ ઉપર વર્ણવ્યું તેમ તેનું ખરૂં માન હિંદી નરરત્ન સ્વ. રાખાલદાસ બૅનરજીને જાય છે.

સ્વ. રાખાલ બાબુનું નામ હિંદમાં જ નહિ પણ જગતભરના વિદ્વાનોમાં પુરાવિદ્યાવિશારદ તરીકે બહુ જાણીતું છે. જીવનનો મોટો ભાગ તેમણે હિંદના સરકારી પ્રાચીન શોધખોળખાતાના અગ્રણી અધિકારી તરીકે કામ કર્યું હતું અને છેવટના ભાગમાં તેઓ કાશીની હિંદુ યુનિવર્સિટીમાં ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિના વિભાગના આચાર્યપદે હતા.

સરકારી શોધખોળ ખાતાએ મોહન-જો-ડેરોના ટેકરાનું ખોદકામ બધું મળીને તેર એકર જમીનમાં કર્યું છે. તે પરથી માલૂમ પડ્યું છે કે એ જગ્યાએ એક પછી એક એમ ત્રણ નગરો વસી ગયાં છે. તેમાં સાથી છેલ્લું વસ્યું તેનાં મહાલયો સર્વોત્તમ છે. એમાં સુવ્યવસ્થિત માર્ગો, પાણીની ગટરો, વિચારપૂર્વક બાંધેલાં અને દરેક પ્રકારની સુખસગવડવાળાં ઘરો, ભવ્ય દેવળો અને ઇમારતોના અવશેષો મળી આવ્યાં છે. પહેલાંનાં બે નગરો સાવ કંગાલ જણાય છે. પણ તે બધાં યે પાકી ઇંટોનાં ચણેલાં છે. આ ઇંટો પાંચ હજાર વર્ષ પહેલાંની હોવા છતાં આજે પણ ઉપયોગ-માં લઇ શકાય એવી છે.

મોહન-જો-ડેરો જેટલું જ એક પ્રાચીન ખંડિયેર ત્યાંથી ૪૫૦ માઇલ દૂર ઉત્તરે પંજાબમાં હરપ્પા ગામ આગળ નીકળી આવ્યું છે. ત્યાંના અવશેષો પરથી જોતાં આ બંને સ્થળોનાં સમય તથા સંસ્કાર એક-સરખાં મળતાં લાગે છે. આ શહેરોમાંથી નીકળેલાં આબાદીનાં ચિહ્નો જોતાં એમ જ લાગે કે એ પ્રદેશો એકવાર ખેતીવાડી, વેપાર વગેરેમાં પૂર્ણ સ્વાધીન હશે. મોહન-જો-ડેરોમાંથી મળી આવેલા ઘઉં આજના પંજાબના ઘઉંને મળતા છે અને તે વાવીને ઉગાડી પણ શકાયા છે. આ પ્રાચીન નગરોમાં પાણી અને ખેતીના પદ્ધતિઓ કેવી હશે તે સ્પષ્ટ માલૂમ પડ્યું નથી; તોપણ કેટલાંક આધારભૂત અનુમાનો નીકળી શકે એમ છે. એક તો એ કે એ કાળમાં સિંધ અને પશ્ચિમ પંજાબ-માં હાલના કરતાં વરસાદ વધારે પડતો હશે. બીજું,



પાંચ હજાર વર્ષ પહેલાંનું પ્રાણી શિલ્પ. મોહન-જો-ડેરો-માંથી મળી આવેલો પાકી માટીમાં બનાવેલો ગોધો.

સિંધમાં સિંધુ સિવાય એ બાજુ કોઇ બીજી નદી વહેતી હશે; જેમાં સિંધુ જેવાં પ્રબળ પૂર નહિ આવતાં હોવાને લીધે ખેતી ટકતી હશે. તે બીજી નદી તે 'હાકડા' હોવી જોઇએ. તે સતલજનાં પાણી ત્યાં લઇ આવતી હશે. હાલ તે સૂકું નાળું બની ગઇ છે.

કેટલાક એમ માને છે કે સિંધુ નદીએ અનેક પટ બદલ્યા છે, તેમાંનો પૂર્વકાળનો પટ અહીં વહેતો હશે તે વખતે આ નગર બંધાયું હશે; કારણકે નગરની બધી શેરીઓ ને રસ્તાઓ નદીની બાજુએ વળે છે અને તે ઠેકાણે ઘાટ કે ઓવારા પણ બાંધેલા છે, એટલું જ નહિ પણ પાણીનાં પૂર વાળવાને નદીની બાજુએ કેટલીક દીવાલો પણ ચણી લેવામાં આવેલી જણાય છે.


આ વિશાળ નગરીનાં ખંડિયેરોમાં લોઢાનું તો નામ જ ન મળે. તલવાર, કટાર, છરી, ભાલાંનાં ફળાં, ઘરનાં વાસણો, થાળીઓ, પ્યાલાં અને બારીબારણાંનાં મિજાગરાં સુદ્ધાં ત્રાંબા કે કાંસાનાં બનાવેલાં છે. એ બધાં જોવાથી ખાત્રી થાય છે કે તામ્રયુગમાં પણ ભારતમાં બહુ ઊંચા પ્રકારની માનવ સંસ્કૃતિ પરિપાક પામી હતી. આ તામ્રયુગનો કાળ ઇસુના જન્મ પહેલાં ૨૦૦૦ વર્ષની પણ પૂર્વનો ગણાય છે. આ પ્રમાણે મોહન-જો-ડેરોનું જૂનું ખંડિયેર ઇસુના જન્મ પહેલાં ૩૦૦૦થી ૫૦૦૦ વર્ષનું પ્રાચીન ગણાય. હિંદ પર ચડી આવેલા આર્યો શૂરવીર યોદ્ધાઓ અને પશુ તથા ખેતી પર નભનારી પ્રવાસી જાતિ હતા. તેઓ ઇસુના જન્મ પહેલાં માત્ર ૧૮૦૦ વર્ષ પહેલાં હિંદમાં આવ્યા. ત્યારે તો આ નગરી એક સ્વચ્છ સભ્ય જાતિથી વસી રહી હશે.

આ સમયે જગત ઉપર ક્યાં ક્યાં કઇ કઇ સંસ્કૃતિઓ હતી અને તેઓને એકબીજા દેશ જોડે કેવા-કેવા પ્રકારનો સંબંધ હતો તે આગળ જોઇશું. હાલ તો આ ખંડિયેરોમાં જ નજર ફેરવીએ.

નગરરચના અને મકાનો

તામ્રયુગનું આ નગર કોઇ જંગલી કે અસભ્ય જાતિએ વસાવેલું નહોતું. આ નગરની બાંધણી તથા રસ્તાઓ વગેરેની રચના જોતાં એકદમ લાગે કે આગળથી દોરેલા નકશા પ્રમાણે જ શહેર વસ્યું છે. હાલનાં સિંધી શહેરો જોડે તેને જરા યે મળતાપણું નથી. હાલ સિંધમાં સ્ત્રીઓમાં પડદાના રિવાજને લીધે ઘરેઘરમાં કૂવા હોય છે; માત્ર ગરીબોને જ જાહેર કૂવા પર જવું પડે છે. મોહન-જો-ડેરોમાં બધે જાહેર કૂવા જ નજરે પડે છે. ત્યાંથી નગરની નારીઓ પોતાનાં ઘર માટે પાણી લાવતી હશે. દરેકેદરેક મોટા મહોલ્લા ચોરસ કે લંબચોરસ આકારના છે. તેની વચ્ચે શેરીના નાના-નાના રસ્તાથી ભાગલા પડ્યા છે, અને બન્ને છેડે જતાં એક કુવો આવે છે. આ કૂવા સાધારણ રીતે બહુ જ નાના છે. તેમાં રેંટ કે કોસ મૂકી શકાય નહિ; તેમજ કૂવાની આસપાસની ખાલી જગ્યામાં કોઇ જનાવર-ઊંટ કે બળદ ફરી પણ શકે નહિ. શેરીનાં ઘરો નાનાં અને સાદાં છે. દરેક ગલીને છેડે એક ઢાંકેલી ગટર છે. આ ગટર બીજી મોટી ધોરી ગટરમાં પડે છે. આખા શહેરની ગટર વ્યવસ્થા એટલી સરસ છે કે આજનાં સુધરેલાં શહેરોને પણ તે નમૂનારૂપ થઇ પડે. ઘરેઘરમાં ખાળ છે અને તેમાંનું પ્રવાહી જવાને પકવેલાં ગોળ નળિયાંનાં ભૂંગળાં એકએકમાં સરસ બેસાડેલાં છે. ઘરની બધી ખાળો બહારની એક કુંડીમાં જાય અને ત્યાંથી પોળને છેડે આવેલી ઢાંકેલી ગટરમાં જઈ મળે એવી વ્યવસ્થા છે. કેટલાંક ઘરની દીવાલને પડખે ઊભી ગટરો ઇંટથી ચણેલી માલૂમ પડે છે. એટલું મોટું ચણેલું ભૂંગળું મુંબાઇમાં આજે જ્યાં બહુ વરસાદ પડે છે ત્યાં પણ નથી, તો આ અસલના લોકોને તેનો શો ખપ હશે તે સમજાતું નથી. સ્વચ્છતા અને આરોગ્યની બાબતમાં ખાળ તથા ગટરની આટલી વ્યવસ્થા ઉપરાંત મોહન-જો-ડેરોમાં દરેક ઘરમાં સ્નાનગૃહ જુદું મળી આવે છે એ આશ્ચર્યકારક બીના છે. તે માત્ર શ્રીમાનોનાં ઘરોમાં જ નજરે પડે છે. ઘરની બાજુના ચોકમાં એક કૂવો હોય છે અને તેની નજીકમાં નાની વંડી બાંધેલો ઓટલો હોય છે. તેમાંથી

(અનુસંધાન આગળ પાન ૩૯૦મે)



ફોટોઃ લેખક

દેવકિન્નરોના ક્રીડાસ્થાન સમું જગતનું નંદનવન કાશ્મીર જ્યાં નિસર્ગદેવીની અજબલીલા સાથે માનવીની કલા તાલ લે છે.

જીવનનાં અનેક સ્વપ્નોમાં કાશ્મીર જોવાનું ને માણવાનું સ્વપ્ન કોને નહિ આવ્યું હોય? નાનપણમાં સાંભળેલું કે ત્યાં સફરજનની ભરેલી ટોપલી ચારેક પૈસામાં મળી જાય! દ્રાક્ષ, બદામ ને અખરોટ તો મફતના ભાવે મળે! દૂધઘી એકદમ સસ્તાં! પછી તો તેનાં સુંદર વર્ણનો, આબેહૂબ ફોટોગ્રાફો ને ચિત્રો કલ્પનાને કાશ્મીરના એ રમ્ય પ્રદેશમાં દોડાવતાં.

૫૨૦૦ ફીટની ઉંચાઇએ આવેલી આ ભૂમિમાં તીવ્ર અભીપ્સા જેવાં સો સો ફીટથી પણ ઊંચે જતાં 'પૉપલર' વૃક્ષની વનલીલા, શુચિતાની શ્વેતતા સાથે સરસાઇ કરતા બરફના ઉજ્જ્વલ પહાડો, તેમાંથી નીકળતા અમૃત જેવા ઝરાઓ ને વાતો આરોગ્યભર્યો

શીત વાયુ, મનોરમ્ય મરોડમાં મહાલતી જેલમ નદી તથા તેની નહેરોથી લીલાલહેર કરતાં પોપટપંખી જેવાં ડાંગરનાં ખેતરો, જીવનને પ્રકૃતિમાતાના મીઠા ખોળામાં રસમસ્ત કરી મૂકે છે. પછી દેવકિન્નરોનું આ ક્રીડાસ્થાન હોય તેમાં શું આશ્ચર્ય ? આવા સૃષ્ટિસૌંદર્યમાં ઋષિમુનિઓને આશ્રમ બાંધવાનું આકર્ષણ કેમ ન થાય ? કશ્યપ ઋષિની એવી ભૂમિમાં આજે તો અંગ્રેજ દેવતાઓ વિલાસ કરી રહ્યા છે !

બહારના પ્રદેશમાં કાશ્મીર શબ્દ 'કાશ્મીરી શાલો' થી વધુ સમજાય છે. ઊનની છતાં મખમલને પણ કોરે મૂકે એવી મુલાયમ અને એક વીંટીમાંથી પસાર થાય તેવા બારીક પોતની છતાં ઠંડીમાં ખૂબ હૂંફ આપતી. 'કાશ્મીરી શાલો' વિલાયતમાં 'કાશ્મીર'ના ટૂંકા નામથી સંબોધાય છે. આ વિશ્વવિખ્યાત શાલો કાશ્મીરના અંતર્ભાગના હિમપ્રદેશમાં ઊછરતાં ઘેટાંના શરીર પરથી એકઠી કરેલી કિંમતી રૂંવાટીનું બારીક ઝીણવટ ને અતિશય ખંતથી કાશ્મીરી હસ્તે થએલું પરિણામ છે. આવી મૂલ્યવાન શાલોની સામે વિલાયતે ઊનની સાથે રેશમ અને સૂતરને મિલાવી નકલી શાલોનું એટલું વેચાણ કરવા માંડેલું કે કાશ્મીરી શુદ્ધ શાલનું નામ જ માત્ર રહ્યું ! પણ તેમાં પ્રાણ પૂરવા ગુજરાનથી શ્રીયુત કોટક તથા તેમનાં પત્ની શ્રી અખિલ ભારત ચરખા સંઘના આશ્રય નીચે ત્યાં જઇ પહોંચ્યાં ને શાખા શરૂ કરી. જે શાલો ત્યાંના લોકો રાજામહારાજાઓને હજાર બે હજારમાં વેચી આવતા તેવી શાલો તે ભાઇના પરિશ્રમથી અત્યારે રૂ. ૪૦૦થી માંડીને હલકી રૂ. ૨૦ સુધીની ત્યાંના પ્રખ્યાત પશમીનાની મળી શકે છે.

અત્યાર સુધી માત્ર અમીર કે ફકીરને જ સુલભ્ય આ સ્થળ પહેલાંના કરતાં સાધનસગવડમાં એટલું અનુકૂળ થતું જાય છે કે વધુ ને વધુ વર્ગ તક મળ્યે ત્યાં જવાનું ચૂકતો નથી. રાવલપીંડી અને જમ્મુથી ઘણી કંપનીઓની મોટરો કાશ્મીર એકાદ બે રોજમાં પહોંચાડે છે ને તેનું ભાડું 'કાર'માં એક જણનું વીસેક રૂપિયા અને 'લૉરી'માં દસેક રૂપિયા બેસે છે. પછી જેવો વખત ને માણસ. રૂ. ૨થી૪માં પણ જઇ આવનારા હોય છે ! પોસ્ટ ખાતાની મેઇલ મોટર વધુ સલામત ને પસંદ કરવા યોગ્ય છે.

રાવલપીંડી ને જમ્મુથી શ્રીનગર બસોએક માઇલને અંતરે છે; ને બંને રસ્તાનો અનુભવ લેવા એક રસ્તેથી આવીએ તો બીજે રસ્તેથી જવું ઠીક છે. સાધારણ રીતે રાવલપીંડીનો રસ્તો વધુ વપરાશમાં છે. એ રસ્તો મરી હિલની ૭૦૦૦ ફીટ ઊંચાઇએ ચડી કોહાલાથી ઢાળમાં જેલમ ખીણના મોટામોટા ખડકો ઉપરથી, જેલમ નદીના ખળખળ કરતા પાણી સાથે હિંચકાના ઝૂલા ખાતો ચાલ્યો જાય છે. એ ધોધબંધ વહેતા જેલમના પાણીમાં લાકડાંનાં મોટાંમોટાં બીમ ને ઝાડનાં થડનાં થડ કાશ્મીરનાં જંગલોમાંથી કાપીને નાખેલાં હોય છે ને તે સર્વે પ્રવાહમાં નીચે ધસડાઇ કાશ્મીરની આવકમાં મોટો વધારો કરી આપે છે. બારામુલાથી રસ્તો એકદમ સપાટ થતી કાશ્મીરની ખીણમાં આવી જાય છે. અહીં લીલાલીલા ચરાઓ વચ્ચે જેલમ નદી પ્રૌઢા જેવી શાંત ને સ્થિર થતી દેખાય છે.

એ જેલમના કિનારે જ્યારે શ્રીનગરના લાકડાનાં માળખાં જેવાં ભાગેલાં તૂટેલાં ઘરો ને તે પર ઊગી નીકળેલા ઘાસના થરો નજરે પડે છે ત્યારે કંઇક વિચિત્ર છાપ પડે છે. શહેર આખું પાણીના રસ્તાઓ પર પથરાએલું છે ને તેમાં આરપાર જવાઆવવાને સાત પૂલો છે. તે કેવળ લાકડાનાં આડા ને અવળાં બીમ વડે કરેલી કાશ્મીરની ગ્રામ્ય બાંધણીનો ખ્યાલ આપતા હજુ ઊભા છે. ફક્ત પહેલો પૂલ—અમીરાકદલ—પથ્થર ને લોઢાનો અત્યારની પદ્ધતિનો છે. આ અમીરાકદલના ઉપરવાસમાં અંગ્રેજ લોકોનો મુખ્ય ભાગ રહે છે. અહીં જહાંગીર બાદશાહની બેગમ નૂરજહાંએ ઇરાનમાંથી આણેલાં 'ચિનાર'નાં ઝાડો પુષ્કળ છે ને દુઃખતાપ શમાવે તેવી તેની ઘટા નીચે તંબુમાં રહેવું આહ્લાદમય છે. તેમ જ જેલમ પર તરતી નાની બંગલીઓ જેવી બોટોમાં રહેવાનો આસ્વાદ પણ લેવા જેવો છે. આવી બોટો પોતાના મહેમાનનાં સુખસગવડ માટે અનેક ઓરડાઓ—સૂવાના, જમવાના, બેસવાના વગેરેની વ્યવસ્થા રાખે છે. શણગાર માટે તેમાં ઊનથી ગૂંથેલા સુંદર ભાતવાળા પડદાઓ દરેક કાચના બારીબારણે લટકાવે છે; દીવાનખાનામાં કિંમતી ઇરાની ગાલીચા વાપરે છે, તે પર મજેનું એટલા જ કલામય ગૂંથેલા ગલેફોથી આચ્છાદિત ફર્નિચર ગોઠવે છે ને હરેક રીતે આરામ આપવા પ્રયત્ન કરે છે. સાથે એક નાનો શિકારો (હોડી) ને

ત્રણેક નોકરો સેવા માટે સદા તત્પર હોય છે. આવાં નૌકાગૃહોનું ભાડું સીઝનમાં માસિક સોથી બસો રૂપિયા સુધી હોય છે.

પૂરતા પૈસા ને વખત હોય તો કાશ્મીર કોઇ પણ પ્રકારનાં સહેલાણીઓનો શોખ પૂરો કરવામાં પાછું પડે તેમ નથી. સવાર પડે ને પ્રેમી યુગલો શિકારામાં બેસી હલેસાં મારે, પર્વતની હારમાળા વચ્ચે પાંચ માઇલ ઘેરાવાના દાલ સરોવરના નિર્મળ નીરમાં વિહાર કરે, તે પર ઊગી નીકળેલાં અસંખ્ય કમળો ને કમળપત્રોની લીલા નિહાળતાં 'અનાસક્તિ યોગ'ના પવિત્ર પાઠ ભણે ને ઊંચે અવકાશમાં મળી જતા 'મહાદેવ'ના શ્વેત શિખર સમ અંતરની જ્યોત પ્રગટાવી જીવન ધન્ય કરે.

બીજે દિવસે એ પંખીડાં પેલા મોગલ સમયના ઉપવનમાં ઊડી જાય. ત્યાં સ્વપ્ન સમો નિશાતબાગ Garden of Gladness—ને શાલિમાર બાગ Abode of Love–માણવાનાં મળે. પછી સ્વર્ગની ઇચ્છા શું કામ રાખે? લીલા કુંળા ઘાસથી છવાએલા વનદેવીના ચોક, તેમાં પૂરેલી અવનવા ફૂલઝાડોની રંગોળીઓ, આસપાસ વિશાળ ચિનાર વૃક્ષની ઠંડી ઘટાઓ, પાછળ પર્વત, વચ્ચે આરસપહાણની ૧૮૦૦ ફીટ લાંબી પગથાર ને તેમાં વાળેલા પહાડના ઝરાઓ અને અંદર ગોઠવેલા ઊડતા ફૂવારાઓ! મોગલ બાદશાહની મહારાણીઓના એ ઊડતા સૌંદર્યના ફૂવારાવાળા બગીચામાં કયા સહેલાણીની સ્વપ્નસૃષ્ટિ જાગૃત ન થાય?

ત્રીજે દિવસે ત્યાંનું શહેર જુએ ને તેમાં બનતા કાશ્મીરી કલા-કૌશલ્યના નમૂનાઓની દુકાનો દેખે. કેવું હેરતભર્યું સુંદર કામ! ને છતાં કેટલું સસ્તું! આમાંની ઘણી યે વસ્તુઓ વિલાયત ઊપડી જાય છે. આ લાકડકામની વસ્તુઓ જુઓ ને એક પછી એક તેની કારીગરી ભૂલો. મજાનાં ગોળ ટેબલો. તે પર કેવી મનોહર આકૃતિઓ! એક જ કટકામાંથી બનાવેલી નાની નાની પેટીઓ ને તે પર દેલવાડાની કોતરણી જેવું ઉમદા કામ! આ રકાબીથાળ, પુસ્તક રાખવાના ચાપડાઓ, ફોટો મૂકવાની અનેક આકારની ફ્રેમો! અને કેટકેટલી બારીક કોતરણીઓ! અને આ લાકડા જેવી દેખાતી કાગળના ડૂચામાંથી બનાવેલી વિવિધ રંગની વસ્તુઓ તો નિહાળો! આ પાઉડર રાખવાની ડબ્બી કેવી મનોહર છે! એમાં પણ લાકડકામના જેવા અનેક નમૂનાઓ કરી શક્યા છે! લાકડકામમાં બારીક કોતરણી ત્યારે કાગળકામમાં રંગોની ભાતભાતની પૂરવણી!

ગરમ, સુતરાઉ ને રેશમી કાપડ પર થતા ભરતકામના નમૂનાઓ તો દુકાનેદુકાને લટકેલા છે. જુઓ, પેલા ચિનાર પાનના પડદાઓ, ફૂલોની ભાતના ટેબલરૂમાલો, આ કમળફૂલોની ભરેલી ચાદરો, આ નીચે ચારકંદી 'નમદા' ને ભૂમિતિની આકૃતિઓવાળા ઇસ્લામાબાદના 'ગબ્બા'! ઘરના શણગાર માટે કેવી સુંદર વાનગીઓ! વેપારીઓને વેપાર માટે કેવી સસ્તી ને આકર્ષક વસ્તુઓ!

ચાંદીની વસ્તુઓ ભલે વાપરો નહિ પણ જુઓ તો ખરા! આ ચાંદીના પ્યાલાઓ, ફૂલ મૂકવાનાં 'બોલ' ઘાટનાં વાસણો, આ દાંતીઆ ને બ્રશનાં ખોખાં, પાનઘાટની રકાબીઓ, ડાબલીઓ ને પેલા અંગ્રેજી ઢબના ટી-સેટ! આ બધા ય પર ભરતકામ જેવી ભાતો ને

કાળરાત્રિ

• દ્રુતવિલંબિત •

વિષમ મેલ ભરેલ નિશાચરો
પળપળે ડગલેડગલે ભમે;
વિહરતાં વદી જંતરમંતરો
નિજ ભયાનક રૂપ ધરી રમે.

તિમિરની ધરી બાહુક ઓઢણી,
અતિ ભયાનક કાળસ્વરૂપને
નિરખવા ભડકા કરી ડાકિણી,
લઇ ભમે સઘળે નિજ ભૂતને.

દશ દિશા સમશાન સમી બળી
અવનિ વાદળ રાખ થકી ભરે;
વિષમ એ તિમિરે જગ ઓગળી
સકળ કાજળ સાગરમાં તરે.

તિમિર સંહરવા લઇ આશિકા
ઉભય લે ધરીએ ઉર દીપિકા.

ચન્દ્રવદન મહેતા

રમણીય ધારો! કેવું સફાઇભર્યું કામ! આ કળા શ્રીમંતોનાં પાકીટનાં પાકીટ ખાલી કરાવે તેવી શક્તિ ધરાવે છે.

ચોથે દિવસે મંડનમિશ્રની સ્ત્રી સરસ્વતી દેવી સાથે આદ્ય ગુરુ શંકરાચાર્યને સંવાદ થએલો તે ટેકરી પર ચડે ને ત્યાંથી ચોમેર પથરાએલું શ્રીનગર નિહાળે. જેલમ નદીના સર્પાકારે વીંટળાતા દૃશ્યમાં એ ઘડી લીન બને. આ પેલી આપણી બોટ; પણે દાલસરોવર દેખાય; પેલા નિશાત ને શાલિમાર; અને આ કુશળ કારીગરોનાં ગરીબ ઝૂંપડાંથી વસેલું શ્રીનગર!

શ્રીનગરથી તદ્દન જુદા જ પ્રકારનું ત્રીસેક માઇલના અંતરે ૮૦૦૦ ફીટની ઊંચાઇએ આવેલું ગુલમર્ગ કોઇ પરીની ભૂમિ હોય એવું કલ્પનામય છે. રમવાખેલવાને અતિ અનુકૂળ, અંગ્રેજોનું અહીંનું માનીતું મેદાન ઘોડાઓ પર બેસી મોજ કરવાને ઘણી જગ્યાઓ ધરાવે છે. તેમાં 'ખીલનમર્ગ' મુખ્ય છે. ત્યાં પહોંચો એટલે અત્યાર સુધી દૂરથી બોલાવી રહેલાં બરફનાં શિખરોને બથોબથ ભેટી પડો ને રામરામ કરો! અહા! એ બરફનાં શિખરો પર ચડવાનો ને ખેલવાનો પહેલો અનુભવ કેવો અવર્ણનીય આનંદ આપતો હશે? વ્યાયામવીરોને અહીંનું વાતાવરણ ઘણું જ માફક આવે એવું છે. છતાં ય લાંબી મુસાફરીનો શૉખ હોય ને બરફમાં જીવના જોખમે સાહસો ખેડવાં હોય તો અમરનાથ જવાની તૈયારી કરવી. શ્રીનગરથી પહેલગામ ૬૧ માઇલ ને ત્યાંથી આઠઆઠ માઇલના અંતરે પહેલો પડાવ ચંદનવાડી, બીજો પડાવ શેષનાગ સરોવર ને ત્રીજો પંચતરણી. પછી તો પાંચ માઇલે અમરનાથની પરમ પવિત્ર ગુફા: ૧૬૪૨૭ ફીટ ઊંચે.

—અને ચિત્રકારોને? અંબારદેવીના અમૂલ્ય રંગો જ્યાં છૂટથી ચોમેર છંટાઇ રહ્યા હોય, પહાડ ને પાણી પર હર ક્ષણે નૂતન ને નૂતન સ્વરૂપ નાચી રહ્યાં હોય, અપૂર્વ પુષ્પલતાઓની અસંખ્ય જાતો વિધવિધ રંગે જ્યાં ને ત્યાં વધાવી લેતી હોય, ઉષા ને સંધ્યાની મનોહરતામાં જ્યાં માનવજાત મુખ માંડી રહી હોય ત્યાં કલાકારની રંગોની પેટીઓ ખાલી થતાં શી વાર?

પ્રકૃતિદેવીના આવા વૈભવભર્યા દેશમાં વસતી કાસ્મીરી પ્રજા બીચારી ગરીબ છે. પણ પોતાની એ ગરીબાઇને જાણે હસી કાઢતાં ન હોય તેવાં હસતાં ગુલાબ જેવાં મુખ રાખી તેઓ સદા યે સુખી ને સંતોષી રહે છે.

સારાભાઈ ધરમચંદ

લ વીં ગિ યા ની લૂ મ

ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટે બધા સ્ટેશન માસ્તરો પર કડક હુકમ કાઢ્યો હતો કે કાંઇ પણ અકસ્માત બને કે તરત તેના ખબર વગર વિલંબે પોતાને પહોંચાડવા.

એક દિવસ તેમને એક સ્ટેશન માસ્તર તરફથી નીચેનો સંદેશો મળ્યો: 'એંજિનની આગળના ભાગમાં એક પૅસેન્જર પડી ગયો છે: બીજી વિગત પછીથી મોકલીએ છીએ.'

થોડી વાર પછી ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટને બીજો તાર મળ્યો: 'કોઇને ઈજા થઇ નથી; એંજિન પાછું જતું હતું.'

ઊ

એક: તમારા બાળપણના કોઈ અભિલાષ ફળ્યા ખરા?

બીજો: (જે ટાલિયો હતો) હા. નાનપણમાં માથું ઓળાવવું પડતું ત્યારે હું ઈચ્છતો કે માથે વાળ જ ન હોય તો સારૂં.

ઊ

શિક્ષક: અધમણીઆ ડબાનું વજન કેટલું થાય?

ઠોઠ: ખબર નથી સાહેબ!

શિક્ષક: બાર વાગ્યાની ગાડી અહીંથી ક્યારે ઉપડે છે?

ઠોઠ: બાર વાગ્યે.

શિક્ષક: હં, તો પછી અધમણિયા ડબાનું વજન કેટલું?

ઠોઠ: બાર મણ, સાહેબ!

ઊ

લોભી લાલદાસકાકા જિંદગીથી કંટાળીને આપઘાત કરવા માટે બે પૈસાનું અફીણ લેવા ગયા.

'પણ અમે બે આનાથી ઓછી કિંમતનું અફીણ વેચતા નથી.' વેપારીએ જવાબ આપ્યો.

'બે આના?' લાલદાસકાકા બરાડી ઉઠ્યા: 'ત્યારે તો હું ગમે તેમ કરીને જિંદગી ખેંચી કાઢવાનું જ પસંદ કરીશ.'

ઊ

શિક્ષક: ચંદુ, કતલ અને લડાઈ એ બે વચ્ચે શો ફેર?

ચંદુ: જેમાં ગોરાઓનું લશ્કર દેશીઓને કાપી નાખે એનું નામ લડાઇ; ને દેશીઓને હાથે ગોરાઓ મરી જાય એ કતલ.

ઊ

શિક્ષક: (વર્ગમાં ગ્રામ્ય જીવન ઉપર ભાષણ આપતા હતા તે વખતે જરા ગુસ્સામાં આવી જઇને)... અને ગામડાની તંદુરસ્તીની તો વાત જ શી કરવી? હું પૂરાં પંદર વરસ એક ગામડામાં રહ્યો છું, પણ મને યાદ નથી કે એક્કેય દિવસ મારૂં માથું સુદ્ધાં દુખ્યું હોય.

એક વિદ્યાર્થી: તો એટલી યાદશક્તિ કાચી!

ઊ

બાપા: માધુ, તું કેમ નઠારા છોકરાઓ સાથે રમ્યા કરે છે?


માધુ: શું કરૂં બાપા, સારા છોકરાઓનાં માબાપ મને તેમની સાથે નથી રમવા દેતા.

ઊ

ઘરાક: મારા દીકરાને તમે દોઢ વરસ પર એક જોડ બુટ ઉધાર શીવી આપેલા ખરૂં?

મોચી: હા; શું તેનો હિસાબ ચુકવવા આવ્યા છો?

ઘરાક: ના; એ જ શરતે હું મારે માટે શિવડાવવા આવ્યો છું.



અજીત થાંભલા પર ચડવા લાગ્યો ને જોતજોતાંમાં તો તે ટોચ ઉપર જઇ પહોંચ્યો.

રાષ્ટ્રધ્વજવંદન

જેનાથી એ શાળાના પ્રિન્સિપાલ હજી યે ત્રાસે છે એવી એક સાચી ટોળીનાં પાત્રોનાં નામ ફેરવેલી શાળાજીવનની ટીખળકથા

'**આપણે** હવે શું કરવું?' દાદુએ પૂછ્યું.

'મારો વિચાર તો એમ છે કે શરૂ કરેલું કામ પાર પાડવું.' અજીતે જવાબ આપ્યો.

'પરંતુ ધારો કે પકડાયા, તો મરી જ ગયા.' રામરાવે કહ્યું.

'એ તો હિંમતે મર્દા તો મદદે ખુદા.' અજીતે કહ્યું.

'બહુ થશે તો નિશાળમાંથી કાઢી મૂકશે, એ જ ને?' સુધાએ ઉમેર્યું.

'પણ અજીત, એ કામ પાર ઉતારવાનું તો તારે જ માથે છે!'

'કૈં નહિ, હું એકલે હાથે એ પાર પાડીશ.' અજીતે હિંમતથી જવાબ આપ્યો.

નિશાળમાં સુધા, અજીત, રામરાવ, અને દાદુની ટોળી ગણાતી. આ ચાર જણ વચ્ચે ભેદ પાડવા ઘણાએ પ્રયત્ન કર્યા હતા, પરંતુ દરેકેદરેકે પોતાની હાર કબૂલ કરી હતી. જ્યારથી ગાંધીજીની ચળવળ શરૂ થઇ ત્યારથી હડતાળો પડાવવામાં, પ્રાર્થનાઓ કરાવવામાં અને વાનરસેનાના કાર્યમાં આ ટોળકીએ આગળપડતો ભાગ લીધો હતો. શરૂઆતમાં તો પ્રિન્સિપાલે અને બીજા માસ્તરોએ આ ચારેને પજવવામાં બાકી ન રાખી, પણ આ ચાર જણ પાછળ આખી નિશાળ છે એવી ખબર પડતાં તેમના ઉપરનો ત્રાસ ઓછો થઇ ગયો હતો.

પરંતુ એવામાં રેંટિયાબારશ આવી. આ ચોકડીએ નિશ્ચય કર્યો કે તે દિવસે ગમે તે રીતે નિશાળમાં રાષ્ટ્રધ્વજવંદન કરાવવું, અને બને તો એવી રીતે તે પાર પાડવું કે જેથી પ્રિન્સિપાલ કોઇની પણ સામે પગલાં

લઇ શકે નહિ. લડતની શરૂઆતમાં તેમણે નિશાળના ચોગાનમાં રાષ્ટ્રધ્વજ ચડાવવાનો વિચાર કરેલો, પણ પ્રિન્સિપાલે તે પ્રયત્નોમાં તેમને શિકસ્ત આપી હતી. આથી આ વખતે તેમણે દૃઢ નિશ્ચય કર્યો હતો કે ગમે તે ભોગે પણ નિશાળમાં રાષ્ટ્રધ્વજ તો ચડાવવો જ.

અજીત—અજીતસિંહ—રજપૂત હતો. નિશાળમાં કંઈપણ તોફાન થાય અને તેનો ગુનેગાર પ્રિન્સિપાલના હાથમાં ન આવે, ત્યારે અજીત પર તહોમત મૂકાતું; અને ઘણીખરી વખત તે તહોમત સાચા આરોપી પર જ મૂકાતું. અજીત પોતે કરેલા તોફાનને કબૂલ કરવામાં માનતો નહિ. એક વખતે નિશાળના પ્રાર્થના કરવાના મોટા હૉલમાં વચ્ચે ટાંગેલા ઝુમરના વીજળીના દીવાના શેડ કોઇએ કાળા રંગી નાખ્યા હતા. શરૂઆતમાં પ્રિન્સિપાલે છાની તપાસ કરી, પણ પત્તો ન લાગ્યો. આખરે એક દિવસે પ્રાર્થના પૂરી થયા પછી પ્રિન્સિપાલે કહ્યું, 'તમને ખબર છે કે પ્રાર્થનાનો આ ઓરડો એક દેવળ જેવો છે. ત્યાં આગળ દરેક જણે સ્વચ્છ વાતાવરણ ફેલાવવા પ્રયત્ન કરવો જોઇએ. ત્યાંની દરેક ચીજ સુશોભિત હોવી જોઇએ. ત્યાં આગળ ડાઘા કે દોષ હોવા જ ન જોઇએ. પરંતુ મારે દિલગીરી સાથે કહેવું પડે છે કે આ શાળાનો કોઇએક વિદ્યાર્થી આત્મવંચના કરી રહ્યો છે. તે સત્યમાં માનતો નથી, છતાં યે પ્રભુની પ્રાર્થનામાં કહે છેઃ અસત્યમાંથી સત્ય તરફ લઇ જા, અંધકારમાંથી પ્રકાશ તરફ લઇ જા. આવા વિદ્યાર્થીને મારે શિક્ષા કરવી જ જોઇએ. આ શેડને કાળો કર્યો તે એક દોષ નથી. પરંતુ પ્રાર્થનાના પ્રકાશવંતા વાતાવરણને તેણે દૂષિત કર્યું છે. તેણે પોતાનો ગુનો કબૂલ ન કરવા બદલ પોતાનાં તરફ દોષ કર્યો છે, અને આજથી તે નિશાળના દરેક નિર્દોષ બાળક આગળ ગુનેગાર થશે; કારણકે જો તે હમણાં મારી આગળ ગુનો કબૂલ નહિ કરે તો આવતી કાલથી રમતગમત માટે બપોરે એક કલાકની રજા મળે છે તે બંધ કરવામાં આવશે. હવે સૌ ક્લાસમાં જાઓ.'

આ લાંબા ભાષણની અસર અજીત ઉપર જરા યે થઇ નહિ. પરંતુ નિશાળીઆ આ ગુનેગાર પર ઘણા ગુસ્સે થયા. બપોરની રજા ગુમાવવી તે અસહ્ય હતું.

પરંતુ બીજે દિવસે એક એવો બનાવ બન્યો કે આખી નિશાળ તે અજાણ્યા ગુનેગાર તરફ ખુશ ખુશ થઇ ગઇ. પ્રિન્સિપાલનું એક માનીતું કુતરૂં એકાએક ગૂમ થઈ ગયું અને પ્રિન્સિપાલને એક કાગળ મળ્યો કે 'પ્રાર્થનાના ઓરડાનું ઝુમર મેં કાળું કર્યું છે. તેને સફેદ રાખવાથી પ્રાર્થના કરતી વખતે ઘણું તેજ આવે છે અને તેથી પ્રાર્થનામાં મારૂં ચિત્ત પરોવાતું નથી. તમારૂં કુતરૂં પણ મેં જ ચોર્યું છે. તે સહીસલામત છે અને રહેશે, પણ જ્યાં સુધી અમને મળતી બપોરની રજા પાછી શરૂ કરવામાં નહિ આવે ત્યાં સુધી તે કુતરૂં મારી પાસે જ રહેશે.'

પ્રિન્સિપાલે પોતાની હાર કબૂલ કરી. છોકરાંઓની રજા પાછી શરૂ થઇ. તેમને કુતરૂં પાછું મળ્યું, અને સારા કારણ માટે જ પ્રાર્થનાનું ઝુમર કાળું કર્યું હોવાથી તેણે ગુનેગારને માફી આપી. આથી અજીતે પોતે તે કર્યું છે તે કબૂલ કર્યું અને પોતાની ટોળીમાં કહ્યું કે પ્રિન્સિપાલ સાહેબે મહેનત કરીને મને પકડવા પ્રયત્ન કર્યો હોત તો હું સહેલાઈથી પકડાઇ જાત, કારણકે સાયન્સની લેબોરેટરીમાંથી મેં રંગ લીધો અને આગલે દિવસે પટાવાળાને સમજાવી કૂંચી પડાવી. આ બે વિગતોથી કોઇ પણ માણસ ચોક્કસ ગુનેગારને શોધી શકે. પરંતુ તેમણે બુદ્ધિ વાપરવાને બદલે સત્તાનું બળ વાપર્યું, એટલે મેં કબૂલ ના કર્યું.

અજીત આવો જ હતો. મનમાં તુક્કો આવ્યો કે તે કામ તડ ને ફડ થવું જ જોઇએ. પણ રામરાવ તેનાથી તદ્દન ઊલટો જ હતો. નિશાળમાં તે હોશિયાર વિદ્યાર્થી તરીકે ગણાતો, પરંતુ અસલથી અજીતનો મિત્ર હોવાથી તે આ ટોળીમાં સામેલ થયો હતો. જ્યારેજ્યારે કંઇ ઉછાંછળું પગલું ભરવાની વાત અજીત લઇ આવે ત્યારે તે કામને અટકાવવામાં રામરાવનો ઉપયોગ થતો. તે એક જાતનો અંકુશ હતો. પરંતુ બીજી અનેક રીતે તે ઉપયોગી હતો. અજીતના મનમાં ફક્ત તુક્કો જ ઉત્પન્ન થતો, પરંતુ તેને ફત્તેહમંદ બનાવવા માટે નાનીનાની વિગતો પર રામરાવ ધ્યાન આપતો. તે નાનામાં નાની બાબત તરફ પણ દુર્લક્ષ કરતો નહિ. દરેક સંજોગો એ ધ્યાનમાં લેતો. જુદા સંજોગો ઊભા થતાં તેનો તોડ પણ તેની બુદ્ધિ જ સૂચવતી.

દાદુ પાટીદાર હતો. નિશાળની ક્રિકેટ ઇલેવનનો તે તે કૅપ્ટન હતો. ટેનિસ, બૅડમીન્ટન, કેરમ અને પિંગપૉંગનો તે નિશાળનો ચૅમ્પીઅન હતો. બીજી નિશાળો સાથે થતી શીલ્ડ અને કપ મૅચોમાં તેની રમતો આકર્ષક થતી.

આથી આખી નિશાળનો તે માનીતો હતો. દરેકેદરેક વિદ્યાર્થી તેના તરફ માનથી જોતો. દરેક માસ્તર તેનું માન રાખતા. આથી આ ટોળીને એક લાભ હતો. તે એ કે કૈં પણ ધમાલ કરતાં માસ્તરોમાં અને બાળકોમાં શી અસર થતી તે સહેલાઈથી જાણી શકાતી. વળી જ્યારે આખી નિશાળના વિદ્યાર્થીઓના પીઠબળની જરૂર પડે ત્યારે યે દાદુને આગળ કરવામાં આવતો. આ વર્ષે બીજી નિશાળો જોડે શીલ્ડ મૅચ ન રાખવી કારણ કે મહાત્માજી અને તેના બીજા અનુયાયીઓ જેલમાં છે, એવું નક્કી કરાવવામાં દાદુનો જ મુખ્ય હાથ હતો.

સુધા દાદુની બેન હતી. ત્રણે છોકરાંઓ કરતાં તે ઉમરે નાની, પરંતુ ટીખળ કરવામાં તે ત્રણેને હરાવે તેવી હતી. નિશાળમાં બધી મળીને ફક્ત અગિયાર જ છોકરી હતી. પરંતુ તે સૌ સુધાના કહ્યાસર ચાલતી. વળી ઘણી વખતે તે છોકરી હોવાથી ઘણા કામમાં આવતી. અજીત જ્યારે પ્રિન્સિપાલનું કુતરૂં ઉપાડી ગયો ત્યારે સુધાએ પ્રિન્સિપાલની પત્નીને છેવટ સુધી વાતોમાં રોકી રાખી હતી; દરમ્યાન અજીતે કુતરાની સાંકળ છોડી.

રેંટિયા બારશને આગલે દિવસે સખત વરસાદ પડવા માંડ્યો. દાદુની ઓરડીમાં ચારે જણની સભા મળી, કારણકે વરસાદ જો આમ ચાલુ જ રહે તો ધ્વજ ચડાવવો અને ધ્વજવંદન કરાવવું તે અઘરી વાત થઇ પડે. વરસાદ જો ન હોત તો તેમની તૈયારીઓ પૂરતી હતી. રામરાવે સાયન્સના માસ્તરને સમજાવી નિશાળના કૉમ્પાઉન્ડમાં રેડીઓનું ટ્રાન્સ્મિટર બનાવવાને માટે ઉશ્કેર્યા હતા. ફી આપ્યા વિના ટ્રાન્સ્મિશન ન કરી શકાય, માટે શરૂઆતમાં તો માસ્તરે વાંધો બતાવ્યો, પણ તેનો એકાદ પ્રયોગ—ફક્ત એક જ પ્રયોગ કરવાથી નિશાળના વિદ્યાર્થીઓનું જ્ઞાન કેટલું વધશે, તે વિષે રામરાવે તેને સમજાવ્યું. વળી પારસી હાઇસ્કુલના સાયન્સ ટીચરે પોતે હાથે રેડિયો સેટ બનાવ્યો તેની પણ ધારેથી પ્રસંગ આવતાં વાત કહી. આ પ્રમાણે સાયન્સ માસ્તરને તૈયાર કર્યા અને તેને કહ્યું કે ટ્રાન્સ્મટરને માટે જોઇતો લાંબો વાંસ પોતે જિમખાનામાંથી શોધી લાવશે. રેંટિયા બારશને આગલે દિવસે સવારે દાદુએ અને રામરાવે તે પોલ શાળાના ચોગાનમાં ખોડ્યો. વાંસ ઉપર સરસ જેવી એક ગરગડી પણ ગોઠવી; સાયન્સ શિક્ષક તો ટ્રાન્સ્મટર અને રેડિયો સેટની ગોઠવણમાં પડ્યા હતા, એટલે એમને કંઇ ખબર જ ન પડી.


(અનુસંધાન આગળ પાન ૩૮૮મે)

ફોટો હરીફાઈઓનાં પરિણામ

ઉચ્ચ શ્રેણીની ફોટો હરીફાઈ માટે ફોટોગ્રાફોની સંખ્યા જોઇએ તેવી સંતોષકારક નથી મળી, પણ જે નમૂના આવ્યા છે તે હરીફાઇનું ધોરણ સાર્થક બનાવે છે એટલી આનંદની વાત છે. ભાઇ અસદમિયાં અને ભાઇ બલવંત ભટ્ટના ફોટોગ્રાફો એકસરખાં મુખ્ય ઇનામો (દરેકને રૂા. પાંચ)ને લાયક જણાયા છે. તે બંનેની પૂરી ખૂબી જોઇ શકાય એટલા માટે અમે તે એક પછી એક ખાસ પ્લેટ તરીકે 'કુમાર'માં પ્રકટ કરવાનું નક્કી કર્યું છે. ભાઈ જયંત ખાંડવાળાનું ચિત્ર અમે પ્રશંસાપાત્ર ગણ્યું છે. તેના ગુણદોષ હવે પછીના કોઈ અંકમાં ચિત્રની સાથે વિચારીશું. આ અંકમાં આપેલું ભાઈ આદમમિયાં સૈયદનું 'ગ્રામ્ય પ્રવાસ'નું ચિત્ર એકીસાથે નૈસર્ગિકતા અને જીવનની તાલબદ્ધતાનું પ્રતિબિંબ પ્રત્યક્ષ કરે છે. જગતમાં જન્મેલો માનવી ક્રમે ક્રમે જગતનાં પ્રાણી પદાર્થો પર સ્વાધીનતા મેળવતો ભૂમિ પર કેવી સ્વાભાવિક નિરાંત અને બેફિકરાઇથી કદમ ઉપાડી રહ્યો છે! તે સાથે જ તેના સંઘમાં જોતરાએલાં પ્રાણીઓને પરાધીનતાનું દુ:ખ લાગતું હોય એમ જરાપણ જણાતું નથી. એ ઊંટ, બકરાં અને માનવી, બધાં સંસારનો એક જ પરિવાર બની રહેલાં લાગે છે અને જગતની કોઇ અન્નજળભરી ધરતી તરફ પ્રયાણ કરી રહ્યાં છે. માનવીએ પોતાની ઘરવખરી પોતાના વફાદાર સાથી ઉપર ખડકીને જાણે પાછળ જોવાની ચિંતા જ ફેંકી દીધી છે.

આવું જીવનની ઘટના બતાવતું ચિત્ર સ્વાભાવિક સ્થિતિમાં પકડવું કેટલું મુશ્કેલ છે તે કૅમેરા લઇ ફરનારા જાણતા જ હશે. છાયા–પ્રકાશના યોગ જોખી લેવા, સામેના ચિત્રની ગતિ માપી લેવી અને ચિત્રયોજના માટે ઘટતાં અંતરો કે સમૂહ-ગુચ્છ સાચવી લેવા એ બધું કુશળ નિશાનબાજથી જ બની શકે. એ એક પળ જાય તો ચિત્ર આખું હાથથી ચાલ્યું જાય. ફરી જગતમાં એનું એ ચિત્ર ન જ મળે. ભાઇ અસદમિયાં આવાં ચિત્રો લેવામાં ખાસ કુશળતા બતાવી શક્યા છે તે માટે તેમને અભિનંદન ઘટે છે. ભાઇ બલવંત ભટ્ટનું, આનું સમોવડિયું પણ જુદી જ કલાવરણી બતાવતું ચિત્ર આવતા અંકની પ્લેટ પર જોશો.

'કુમાર'ની ચાલુ માસિક ફોટો હરીફાઇમાં આ વખતે અગાઉના જેવા ગુણવાળાં ચિત્રોનું પ્રમાણ બહુ જ ઓછું દેખાયું છે. જે ચિત્રો આ પાછળ આપ્યાં છે તેમાં ભાઇ જયંત ખાંડવાળાનું 'મ્હૈસુર પ્રાંતના શિવસમુદ્રમના ધોધ'નું ચિત્ર રૂા. ૩ના ઇનામને પાત્ર જણાયું છે. હિંદુસ્તાનના આ સુપ્રસિદ્ધ જળધોધનું યથોચિત ઉઠાવદાર ચિત્ર મેળવવા માટે તેમને ધન્યવાદ ઘટે છે. બીજાં ત્રણ ચિત્રોને ઉત્તેજન ખાતર બારબાર આનાનાં સાદાં ઇનામો મળે છે. ભાઇ મનવંતરાય ભટ્ટે 'સંધ્યાને આરે' માં છાયામય ચિત્ર લેતાં વચમાં ખાલી રહેલી આકાશની જગ્યા પૂરવાને વધારે વિચાર કરવો જોઇતો હતો. ભાઇ મનહરલાલ શેઠનું



ઉપર: (૧) શિવસમુદ્રમના ધોધ—જયંત ખાંડવાળા; (૨) સાંધ્યાને આરે—મનવંતરાય ભટ્ટ;
નીચે : (૩) પ્રભાત—કાન્તિલાલ પટેલ; (૪) સરોવરનાં મહાજન—મનહરલાલ શેઠ.

'સરોવરનાં મહાજન' રમૂજભર્યું સુખી કલ્પનાનું ચિત્ર છે. તેમાં આગળની ઘેરી છાયા જરા વધુ વિસ્તારમાં મળી હોત તો ઠીક થાત. 'પ્રભાત'નું ચિત્ર લેતાં ભાઇ કાન્તિલાલ પટેલ થોડાંક જ પાત્રો ઉપર ધ્યાન આપી ચિત્રમાં વિશેષ આકર્ષણ લાવી શક્યા હોત.

આ ઉપરાંત, આવેલા ફોટોગ્રાફોમાં ભાઈ શંકરલાલ પટેલ, ભાઇ અમૃતલાલ શાહ અને ભાઇ વી. એ. પટેલ મોંબાસાથી સરસ ફોટોગ્રાફીના નમૂના રજુ કરે છે. તેમને દરેકને હાથે કૅમેરાકામ સારૂં થતું દેખાય છે, પરંતુ ચિત્રરચનાના અભાવે તે આકર્ષક બનતા નથી. તેમના હાથમાં આવેલા દરેક પ્રસંગમાં ચિત્ર અને આકર્ષણને યોગ્ય ઘણી બીનાઓ છે. તેઓ તેને બહાર લાવવા પ્રયત્ન કરે તો સારૂં. ચિત્ર લેતી વખતે પાછળનો દેખાવ સંભાળી જરૂર પૂરતાં પાત્રો અને એક મુખ્ય બાબત જ આગળ પડે અથવા ખેંચાણ કરે એવી રીતે તેનું સ્થાન લેવું જોઇએ. ભાઇ અખ્તરહુસેન ચિત્રયોગ્ય પ્રસંગો સારી ફોટોગ્રાફીમાં પકડે છે, પણ જોઇતી ગોઠવણ લઇ શકતા નથી. 'ગેઇટ વે ઑફ ઇન્ડિયા'ની પાછળનું ખાલી આકાશ ગેઇટ વેનો ઉઠાવ દાબે છે. થોડાં વાદળાં અને આગલા ભાગમાં થોડાં અવનવાં માણસો હોત તો તે સંપૂર્ણ થાત. તેમનું બીજું ચિત્ર 'સાંભળવામાં મશગૂલ' બે જ બાળકોથી સરસ દેખાય છે. બૅક ગ્રાઉન્ડ ઘેરી જ રાખીને ફક્ત સફેદ લૂગડાંવાળાં પાત્રો સાચવી લેવાની જરૂર હતી. વસોથી કાન્તિલાલ પટેલે મોકલેલું બાળકનું ચિત્ર બેશક આકર્ષક બન્યું છે, પણ કપડા પર પડતો પ્રકાશ આંખને કડક લાગે છે અને આકૃતિ પાછળ ભળી જતી લાગે છે. પ્રિન્ટના કાગળોની જાત બદલી જોવાથી પરિણામ સુધરે ખરૂં. કૅમેરાવાળા મિત્રો! તમારી જાત ભૂલી જઇને કુદરતની ખૂબીઓ અને માનવીનાં આકર્ષક અવનવાં ચિત્રો પાડવાની મહેનત કરશો તો નવી દૃષ્ટિ અને નવો આનંદ મળશે.



ગ્રામ્ય પ્રવાસ

ફોટો : અસદગિયાં કે. સૈયદ


'કુમાર'ની ઉચ્ચ શ્રેણીની ફોટોગ્રાફી હરીફાઇમાં મુખ્ય ઈનામ મેળવનારાં બે ચિત્રોમાંનું પહેલું



આરામગાહ

ચિત્રકાર : રસિકલાલ પરીખ

દુર્ધર્ષ હિમપ્રવાહો, પવનનાં ભયંકર તોફાન અને અતિ વિષમ હિમપ્રપાતો સામે પ્રચંડ મનોબળવડે મથીને માનવ ચરણોએ સર કરેલું ૨૫,૪૪૭ ફીટ ઊંચું નગાધિરાજ હિમાલયનું દુર્ગમ અને ઉત્તુંગ શિખર માઉન્ટ કામટ.



પ્રકૃતિની અપ્રતિબદ્ધ શક્તિ સામે માનવના અસીમ મનોબળનો વિજય આંકતું

કમઠાચલ (માઉન્ટ કામટ)નું આરોહણ

તા. ૨૧મી જૂન સને ૧૯૩૧.

ત્રણ અંગ્રેજ ને બે હિંદી સાહસિકો પર્વતની કરાડ પર ચડી રહ્યા છે. અત્યંત પરિશ્રમથી પગ પણ ઊપડતો નથી. અત્યંત શીત ને પાતળી હવામાં શ્વાસ પણ મહામહેનતે લેવાય છે. અંગ પર કાબુ નથી. ઊંઘી જવાય તો કેવું સારૂં? પણ બેસવા જેટલી યે જગ્યા ક્યાં છે? ચીકણા લીસા પથ્થર પર પગ ઠરતો નથી. અને બરફ પર સૂવાયે ખરૂં? કલાકના પાંચ સો, પછી બસો. છેવટે એક સો ફૂટ પણ જવાતું નથી. થઇ રહ્યું. મનની મનમાં રહી ગઇ. નિરાશા અને નિષ્ફળતાથી મરણિયા બનેલા, એટલે છેવટનો એક ધસારો કરીને આખરી શ્વાસ લેવાની એમની ઇચ્છા હતી. એ પણ પાર ન પડી.

ત્રણ અંગ્રેજ ને એક હિંદી હેઠા પડ્યા. શિખરની ટોચ સામે જ છે. પણ હાથ હલાવવાની યે તાકાત ક્યાં છે? માત્ર બાકી રહેલા હિંદીમાં કંઇક હૈવત હતું. જાતે ગરીબ હિંદુ. મજૂરી કરી દિવસ કાઢેલા, એટલે શરીર મૂળથી જ નિર્બળ. છતાં પર્વતની કૂખે ઊછરેલો એટલે જન્મથી જ અદમ્ય ઉત્સાહ અને અદ્ભુતં ધીરજ કેળવેલાં. નીચે પડ્યેપડ્યે અંગ્રેજ અધિકારીએ હાથ વડે સંજ્ઞા કરી અને ભાંગેલા પગે એ આગળ વધ્યો.



કમઠાચલના અધિરોહણની ટુકડીના નાયક
એફ.એસ. સ્માઇથ




કમઠાચલ પર આરોહણ કરવા રાણીખેતથી ઉપડેલી ટુકડી. વચ્ચે બેઠેલો : ટુકડીનો નાયક સ્માઈથ. પાછળ ઊભેલા : ડૉ. રેમન્ડ ગ્રીન, મિ. હોલ્ડઝવર્થ, વિંગ કમાન્ડર બ્યુમૅન, મિ. શિપ્ટન અને કૅપ્ટન બર્ન. નીચે બેઠેલા: ડાબી તરફ ટુકડીનો રસોયો અલ્ફુંગ, અને જમણી તરફ તેમનો મજૂર લઉઓ, જે આખી ટુકડીમાં સૌથી પહેલો માઉન્ટ કામટ પર પહોંચેલો.

આખર સાંજના સાડા ચારે એણે શિખરની ટોચે પગ દીધો એના એ અપૂર્વ સાહસથી નવું બળ પામી બાકીના સાથીઓ પણ તેની પાછળ આવી પહોંચ્યા. સૃષ્ટિની શરૂઆતથી આજ સુધી કોઇની પણ પગરજથી અલિપ્ત રહેલા, હિમાલયના શિખર કમઠાચલ· માઉન્ટ કામટ (૨૫,૪૪૭ ફૂટ) પર મનુષ્યનો વિજય થયો. નવ નવ પ્રયત્ને પણ અજિત રહેલા એ પર્વત પર અંગ્રેજ માલિકોની દુર્દશાને લીધે પહેલો પગ મૂકવાનું માન એક હિંદીને મળ્યું. વિધિની એ પણ વિચિત્રતા. એનું નામ લઉઓ.

ગઇ સાલ કાંચનજંઘા શિખરના આરોહ અર્થે આવેલી ટોળીમાંના અંગ્રેજ સાહસિક એફ.એસ.સ્માઇથની આગેવાની નીચે પાંચ અંગ્રેજો ગઢવાલ પ્રદેશમાં આવેલા હિમાલયના કામટ શૃંગ પર ચડવાનો પ્રયત્ન કરવા આ વર્ષના ઉનાળામાં હિંદુસ્તાનમાં આવ્યા હતા. મેની અધવચમાં રાણીખેતથી નીકળ્યા. કેદારનાથ અને બદરીનાથ જોતા, ચંડ વેગવતી અલકનંદાની નંદનવન સમી ખીણોના સૌંદર્યને નિહાળતા હનુમાન છત્તીના રસ્તે આગળ વધ્યા. જૂનની છઠ્ઠી તારીખે કામટની તળેટીમાં પડાવ નાખ્યો. હિમપ્રપાત, પવનનાં તોફાન અને હિમપ્રવાહનાં સંકટો અપાર હતાં. છતાં યોગ્ય અવસર સાધી તા. ૨૧મી જૂનના રોજ સ્માઇથે બે જોડીદાર અને બે હિંદી નોકરો સાથે પહેલું આરોહણ કર્યું. ત્રણ દિવસ પછી બાકીના ત્રણ અંગ્રેજો બીજા બે હિંદી નોકરો સાથે કામટ પર ચડ્યા. પ્રકૃતિની અપ્રતિગદ્ધ શક્તિ છતાં પામર ગણાતી મનુષ્ય જાતિના અસીમ મનોબળના વિજયનો એક વધુ દૃષ્ટાંત.

પૃથ્વી પટ પર અનેક પર્વતો છે, પર્વતમાળાઓ છે. પણ ઉચ્ચતમ શિખરો તો ગણ્યાંગાંઠ્યાં જ છે. હિમાલયને બાજુએ રાખીએ તો યુરોપનો આલ્પ્સ, દક્ષિણ અમેરિકાનો ઍન્ડીસ અને આફ્રિકાનો કિલિમાન્જારો. આલ્પ્સનાં બે શૃંગો—મૉં બ્લૉં ૧૫,૭૮૨ ફૂટ અને મૅટરહૉર્ન ૧૪,૭૭૨ ફૂટ ઊંચાં છે. કિલિમાન્જારો ૧૯,૭૦૦ અને ઍન્ડીસનું ઍકોન્કાગુઆ શિખર ૨૩,૦૦૦ ફૂટ ઊંચાં છે. અભેદ્ય ગણાતાં આ શિખરોની એકાંતવૃત્તિનો માનવપ્રયત્ને નાશ કર્યો છે. આલ્પ્સનાં તો શિખરેશિખર મનુષ્ય ચરણ ખૂંદી વળ્યાં છે.

પણ આ બધાં જેની આગળ વેંતિયાં ગણાય એવા હિમાલયની શિખરપરંપરા તો અદ્દભુત છે. હિંદુસ્તાનની ઉત્તરે વિસ્તરેલો એ નગાધિરાજ એક જ પર્વત નથી, પણ અનેક પર્વતોની અવિચ્છિન્ન પરંપરા છે. પંદર સો માઇલ લાંબા અને બસોથી ત્રણ સો માઇલ પહોળા વિસ્તારમાં હિમાલયનું કલેવર પથરાએલું છે. આર્યાવર્તની



ઉત્તરે કાશ્મીરની અડોઅડ પૂર્વે તેર હજાર ફૂટ ઊંચી અને બસો માઇલ પહોળી એક વિશાળ ખીણ છે. આના મધ્યમાં આર્યોના આદિ દેવ, પુરાણપુરુષ મહાદેવનું નિવાસસ્થાન કૈલાસ ગિરિશૃંગ (૨૧,૯૦૦ ફૂટ) અને પવિત્ર માનસરોવર આવેલાં છે. જેની કૂખમાંથી સિંધુ અને બ્રહ્મપુત્રા નીકળે છે એવી આ વિશાળ ખીણની ઉત્તર દક્ષિણે પથરાતી હિમાલયની વિવિધ પર્વતમાળા પૂર્વ પશ્ચિમે હજાર હજાર માઇલ પથરાય છે. આ પર્વતમાળાની ગોદમાં સિંધુ નદી પશ્ચિમમાં આઠસો માઇલ વહી, નાગા પર્વતને ઘસડાઈ દક્ષિણમાં સેંકડો માઇલ દૂર અરબી સમુદ્રમાં મળે છે. પૂર્વ દિશામાં તિબેટના પ્રદેશમાં ફરી વળી આસામમાં થઇ દક્ષિણે સમુદ્રમાં ભળી જતી બ્રહ્મપુત્રા, સિંધુની સાથે હિંદુસ્તાનના ગલેબંધની ગરજ સારે છે.

હિમાલયનાં સ્થાન પરત્વે કારાકોરમ ગિરિમાળા, બૃહદ હિમાલય અને લઘુ હિમાલય અગર પંજાબનો હિમાલય, કમાઉંનો હિમાલય, નેપાળનો હિમાલય, આસામનો હિમાલય અને તિબેટનો હિમાલય એવાં નામ અપાય છે. એના જેટલી શિખરોની વિવિધતા અને ઊંચાઇ બીજા કોઇ પણ દેશમાં નથી. વીસ હજાર ફૂટથી વધુ ઊંચાઇનાં ૧૧૪ અને ચોવીસ હજાર ફૂટથી ઉપરનાં ૭૫ શિખર હિમાલયમાં આવેલાં છે. પૃથ્વી પરનું ઉચ્ચતમ પર્વતશૃંગ એવરેસ્ટ 'ચો મો લુન્મા' (વિશ્વમાતા) ૨૯,૦૦૨ ફૂટ ઊંચું છે. તિબેટમાં આવેલા આ શિખરના આરોહણના ત્રણ નિષ્ફળ પ્રયત્નો થયા છે. ઇ. ૧૯૨૪માં સાડી અઠ્ઠાવીસ હજાર ફૂટ પહોંચ્યા પછી આગળ વધતાં બે ગભરૂ અંગ્રેજ યુવાનો મેલોરી અને ઇરવીન એવરેસ્ટના ભોગ થયા. એની દક્ષિણે સિત્તેર માઇલ દૂર આવેલું કાંગ ચેન જુંગા (૨૮,૧૪૬ ફૂટ) શૃંગ હિમાલયના સમસ્ત વિશાળ પ્રદેશમાં સુંદરતમ મનાય

છે. કાશ્મીરની ટોચે આવેલું K 2 (માઉન્ટ ગૉડવિન ઑસ્ટેન) શિખર (૨૮,૨૫૦ ફૂટ) પર ચડવાનો પ્રયત્ન પણ થયો નથી. કાશ્મીરમાં પશ્ચિમે આવેલો નાગો પર્વત (૨૬,૬૩૩ ફૂટ), પંજાબમાં નંદાદેવી (૨૫,૬૦૦ ફૂટ), તિબેટના માંધાતા (૨૫,૩૫૫ ફૂટ), ધવલગિરિ (૨૬,૭૯૫ ફૂટ), મોરેશિઆદ્રિ (૨૬,૫૦૦ ફૂટ), ગોસાઇ થાન (૨૬,૩૦૫ ફૂટ), ઍવરેસ્ટનો જોડીદાર મકાલુ (૨૭,૭૯૦ ફૂટ), આ સૌ શૃંગરાજો અભેદ્ય, દુર્ગમ, દુરારોહ જ રહ્યા છે. પરિમિત મનુષ્ય શક્તિ મથ્યે જાય છે. પણ આ બધા ઉર્ધ્વશિરા નગાધિરાજ ક્યારે હસ્તગત થવાના. પ્રવેશ કર્યો છે. યુગોથી અજ્ઞેય મનાતા ગ્રહરાશિ અને તારકમંડળ પાડોશી જેવાં બની ગયાં છે. વિપક્ષ હોવા છતાં, મનુષ્યે પક્ષીઓ પણ જ્યાં પ્રવેશ કરી શક્યાં નથી એવા ઘનોપરિ પ્રદેશમાં ગતિ આદરી છે. જે પ્રચંડ કાર્યશક્તિ, અદ્દભુત મનોબળ, અપ્રતિબદ્ધ વેગ અને અદમ્ય ઉત્સાહથી આ બધું સુલભ બન્યું છે, એ જ શક્તિ, એ જ મનોબળ, એ જ વેગ અને એ જ ઉત્સાહ દુર્ગમ ગિરિશૃંગો પર સ્વાધીનતા પામવા મથી રહ્યાં છે. એના પરિપાકને કેટલી વાર લાગવાની? અનંતકાળથી યાત્રાના બહાના હેઠળ, અજાણપણે સૌંદર્યનો ઉપભોગ કરવા યાત્રાળુઓ પર્વતનાં શિખરો ચડી રહ્યા છે: મનુષ્યની અપ્રતિહત શક્તિની સફળતા અર્થે આધુનિક યુરોપવાસીઓ શિખરાવરોહના પ્રયત્ન કરી રહ્યા છે. યુરોપમાં પર્વત પર ચડનારાની જુદીજુદી ટોળીઓ હોય છે, જેના સભ્ય થવામાં પ્રતિષ્ઠા મનાય છે. દર વર્ષે પોતાની અનુકૂળતા અને શક્તિ પ્રમાણે દરેક સભ્ય એકાદ શિખર પર ચડે છે. ત્યાંની આબોહવા, ત્યાંનાં પશુપક્ષી અને જીવાતની જીવનચર્યા, ત્યાંનો વનસ્પતિભંડાર અને ભૂકચ્ચરાશિ બધાંનું અધ્યયન કરે છે. મનુષ્યના જ્ઞાનમાં તથા આર્થિક હિતમાં શી રીતે આ બધાંનો ઉપયોગ કરી શકાય એનો વિચાર કરે છે.

સોરઠની પાંચાલી

· ઈન્દ્રવજ્ર ·

નૈવેદ્ય ના અશ્રુ તણાં ધરો પ્રિયે,
ના આ સ્મૃતિ કો' મૃત સારસી તણી:
આક્રંદ સીંચે સરિતા ન અશ્રુયે
વેણુવતી ભોમ રહી બળીઝળી:

લાવણ્યમૂર્તિ રતિસુંદરી તણી,
વિલાસિતા વેરતી દેરી ના ચણી;
ના ચારુતા ચીતરી રુદ્રમાળની
રુદ્રાતણી ભસ્મ—જ્વલંત ઝૂંપડી:

ઔદાર્ય ભી ના શૂર કુલધર્મને
છાંડી, સજી કાયરતા બીરુ તણી:
રોળ્યો રણે રા' ગિરનારનો ધણી,
રંજાડી તાવ્યું દ્વમાં સતીત્વને.

અગ્નિનીજાયા સમ ઓજસે ભર્યાં,
તાજા ઉગેલા ફુલરોપ શાં કુંળાં,
બન્યાં હવિ હોમ વિષે સતીત્વના,
એ મસ્તકો ગોખ મહીં રમી રહ્યાં.

સંતોષવા રક્તતૃષા રિપુ તણી,
કિલ્લોલતા પ્રાણ-તનુજ ઓપરી
દીધી ભરી ઉષ્ણ રુધિર-ધારથી;
તૃષા શમી ના સ્થૂલ-ભોગીની જરી.

આક્રંદતી રાંક રજસ્વલા સતી
કૃષ્ણા તણાં ચીર ચૂંથ્યાં દુઃશાસને;
પ્રચંડ જ્વાળામુખી હારવા હરિ
આચ્છાદતા ચીર અનંત ચંદીને.

ભારેલ અગ્નિ ઘટમાં રહ્યો જળી,
પાતાળ ફોડી શત ઝાળ ઊઠતી;
જ્વાલોત્તરીયે સતી અંગ ઢાંકિયાં,
નો'ધાર નીરે નિજ દ્વાર વાસિયાં.

ફુત્કાર એ વાસુકીની ફણા તણો
ઝીલ્યો સદર્પ—વિષને ગળી ગઇ;
હાર્યો વિજેતા ધરણી ધ્રુજાવતો:
એ દેહધારી ઇતિહાસ આ ઊભો.

ચમનલાલ ગાંધી

વઢવાણમાં ભોગાવા તીરે ઊભેલી સતી રાણકની સમાધિને અંજલિ


પરંતુ આવાં અધિરોહણનું ફળ શું? શા માટે અમૂલ્ય માનવદેહના ભોગ આપીઆપી આવાં અધિરોહણ કરવાં? આ પ્રશ્ન જ નકામો છે. જ્યાં માનવ શક્તિ કુંઠિત થાય છે, ત્યાં જ એની હિંમત અને ખંત વધારે પ્રયત્ન કરે છે.

જમીનનાં પડોમાં, સાગરની તરંગમાળા પર, નદીના ઉદ્દગમસ્થાને કે અભેદ્ય અરણ્ય—અટવીઓમાં માણસે

ઇંગ્લંડમાં આવું એક મંડળ 'આલ્પાઇન ક્લબ' નામથી ઓળખાય છે. હિંદુસ્તાનમાં પણ હિમાલયન ક્લબ નામની એક સંસ્થા આ જ ઉદ્દેશથી સ્થપાએલી છે.

હરિનારાયણ આચાર્ય

હિંદનાં શિલ્પ-સ્થાપત્ય



ચિત્તોડગઢ પાસેનો કીર્તિસ્તંભ


ગુજરાતનાં સ્થાપત્ય અને શિલ્પની સરહદ ઉત્તરે છેક અજમેર સુધી, દક્ષિણે સોપારા સુધી, પૂર્વે માળવા સુધી અને પશ્ચિમે દ્વારકા સુધી પહોંચે છે. મેવાડ, ઉદેપુર અને મારવાડ અથવા જોધપુરના શિલ્પીઓ અને ગુજરાતના શિલ્પીઓ એક જ ગુરુના શિષ્યો છે. કાંકરોળી ઉદેપુર રિયાસતનું છે. ત્યાં રાણા રાજસિંહનો મહેલ અને નવચોકીનો શુદ્ધ આરસનો સુંદર ઓવારો દેલવાડાનાં મંદિરો જેવી જ કારીગરીથી શોભે છે. એ ઓવારો બહુ જ લાંબો, પહોળો અને ઊંચો છે છતાં એના બાંધકામની ખૂબીને લીધે એ નાજુક સુંદર અને મનોહર લાગે છે. બાર માઇલ વિસ્તારના રાયસાગર સરોવરને કિનારે આ ઓવારા પર બેસી શિલ્પકળાનું દિવ્ય સૌંદર્ય ભોગવવું એ જીવનની ધન્ય ઘડી છે.

ચિત્તોડ ઇતિહાસ માટે જેટલો દર્શન કરવા યોગ્ય છે તેટલો જ હિંદુ કારીગરી અને શુદ્ધ હિંદુ કલા જોવા માટે પણ યાત્રાના ધામ જેવો છે. ત્યાંના એ એક જ કીર્તિસ્તંભ ઉપર આપણા તમામ દેવો, પુરાણ તથા કથાવાર્તાના ઘણા પ્રસંગો અને સૂચનો તથા અલંકારો હસોહસ ભર્યાં છે. ત્યાં વિશ્વકર્માની પણ કેટલીક મૂર્તિઓ કોતરેલી છે. એનો ઘાટ, છત્રી અને ઉપર ચડવાના સીડીના આખા માર્ગે આવતા વિસામા, ઝરૂખા અને બારીઓ ઉત્તમ કોતરણીની ખાણ છે.

ઉદેપુરના રાજદરબાર અને બગીચા, મહાલય ને ગઢ એ સૌની રચનાનાં અનુકરણ દિલ્હી ને આગ્રામાં થયાં છે. ત્યાંના ધનવૈભવ પછી તે વધ્યાં અને વિસ્તાર પામ્યાં એ જુદી વાત છે. ઉદેપુર પાસે કાંકરોળીના સુંદર ઓવારા સોમપુરા શિલ્પીઓએ બાંધ્યા છે, એ આપણા સત્તરમી સદીના શિલ્પીઓ માટે ગૌરવનો વિષય છે. મંડને રાજવલ્લભ નામનો શિલ્પશાસ્ત્રનો પ્રસિદ્ધ ગ્રંથ સોળમી કે સત્તરમી સદીમાં લખ્યો, એ મંડન ઉદેપુર તથા જોધપુરનો રાજ્યસ્થપતિ હતો. એ પણ સોમપુરા બ્રાહ્મણ હતો. આમ સોમનાથ પાટણના સોમપુરા બ્રાહ્મણો, મારવાડ, મેવાડ અને માળવા સુધી તથા વીસનગર, વડનગર અને ખંભાત સુધી હજી પણ પ્રસરેલા છે. એમની વસ્તી હવે બહુ ઓછી રહી છે, પરંતુ મુસલમાની સલાટોમાંના ઘણા મૂળ સોમપુરા જ હશે એમ એમનાં કામ જોતાં લાગે છે.

ઉદેપુરના રાજ્યમહેલમાં, સુંદર જડિતકામ મેં જોયું. એ નવું જ થતું હતું. અદ્ભુત રસથી ભરેલા, ઐતિહાસિક સ્મરણોથી રોમાંચ ખડાં કરે એવા એ સ્થળમાં પરદેશી કારીગરી જોઇને મને દુઃખ થયું. રાજ્યમહેલમાં જ્યાં મહારાણા બેસે છે એ સ્થળમાં હજી આપણી પ્રાચીન પદ્ધતિ પ્રમાણેની બધી રચના જોઇ. રંગરંગના મોર ત્યાં ફરતા હતા, લાંબાં અંગરખાંવાળા





ઉપર : કાંકરોળીમાં રાયસાગર પરનો આરસનો ઓવારો.
બાજુએ : બિકાનેરના મહારાજાએ હિંદી ઢબે બંધાવેલા મહેલમાંનો સુંદર શિલ્પ સ્થાપત્ય દાખવતો એક ભાગ.


ને લાંબી દાઢીવાળા દરબારીઓ આમતેમ જતા હતા. મોટરોના આ યુગમાં દરબારે હાથીઓ ઝૂલી રહ્યા હતા. સરોવરમાં દેશી ઢબની હોડીઓ તરતી હતી. પર્વતો અને વન શોભી રહ્યાં હતાં. શુદ્ધ દેશજ કલાથી શોભતા આવા વાતાવરણમાં મને પેલી જડિતકામની પરદેશી શોભા ખૂંચી રહી હતી. મેં સ્ટેઇટના દાક્તરને એ વિષે પૂછ્યું. એમણે કહ્યું કે 'કુંદનલાલ નામના રાજ્યના શિલ્પીને યુરોપ મોકલ્યો હતો એ આ બધું ત્યાંથી શીખી લાવ્યો છે. અને આરસ તો અમારા રાજ્યના જ છે. પણ પરદેશ પાસેથી પણ આપણે નવુંનવું શીખવું તો જોઇએજ ને ?' હું ખુશ થયો અને કુંદનલાલને મળવાની ઇચ્છા દર્શાવી. પણ સમયના અભાવે તેમને મળી શકાયું નહિ. અને એટલો વસવસો રહી ગયો.

બિકાનેરના મહારાજાએ હમણાં જ મહેલ બંધાવ્યો છે. એની છબી જોતાં લાગે છે કે આપણી સ્વદેશી શિલ્પવિદ્યા હજારો વિરૂદ્ધ સંજોગો છતાં ઉત્તેજન મળતાંની સાથે ખીલી ઊઠશે.


દિલ્હી-આગ્રાના રાજ્યમહેલો ને દરબારો, દીવાને આમ અને દીવાને ખાસ, કિલ્લા ને મસ્જિદો એ તો જગપ્રસિદ્ધ છે. દિલ્હીની જુમા મસ્જિદ ભવ્ય ને બુલંદ છે. એ મસ્જિદમાં જેટલી વાર હું ગયો છું તેટલી વાર મારૂં હૃદય અલ્લાહ તરફ ભક્તિભાવથી ભરાઇ ગયા વગર રહ્યું નથી. મને પણ જાણે ત્યાં નમાઝ પડવાનું જ મન થઇ જાય છે. રામ કે રહેમાનમાં કંઈ ફેર હોય એમ મને ત્યાં કદિ લાગ્યું જ નથી. શાનું લાગે ? ત્યાં પણ મોટી દાંડીનાં કમળો જેવા જ ટોડા છે. ઉપર સહસ્રદળ કમળ ખીલ્યાં છે અને કમળ ઉપર કળશ છે. દિલ્હી-આગ્રામાં જ મેં જોયું કે કળાને મન જૈન કે શૈવ, મુસલમાન કે શીખ એવા કોઇ ભેદ જ નથી. મૂર્ખાઇથી છોકરાં લડે, એકબીજાનાં મંદિરો ભાંગે, પણ આખરે તો કળા એક રાષ્ટ્રની જ છે, એની સૃષ્ટિમાં ભેદ પડી શકે એમ નથી.

મયૂરાસન આગળ કે મહેલોની અગાશીઓમાં ફરતાંફરતાં, મોતી મસ્જિદ કે દર્શનબારી આગળ, દિલ્હીમાં કે આગ્રામાં મને હમેશાં લાગ્યું છે કે વૈકુંઠની આપણી કલ્પના પ્રમાણે જ આ પૃથ્વી પર વૈકુંઠ બનાવવાનો શિલ્પીઓએ પ્રયત્ન કર્યો છે. અને દીવાને ખાસ આગળ જ્યારે મને બતાવવામાં આવ્યું કે 'અહીં લખ્યું છે કે જગત પર જો સ્વર્ગ હોય તો તે અહીં છે, અહીં છે, અહીં છે.' ત્યારે મને અત્યંત આનંદ થયો.

મોગલ બાદશાહોને પણ પરદેશી કોણ કહે ? ફતેહપુર સિક્રી કે સિકંદરા પૂરેપૂરાં આપણા જ વાતા-



દીવાને ખાસ : દિલ્હી



આગ્રા પાસે સિકંદરામાં શાહાનશાહ અકબરનો રોજો

વરણમાંથી ઊભાં થએલાં છે. સિકંદરામાં અકબર બાદશાહની કબર મેં પચીસ વર્ષ પર પહેલી જોઇ હતી. ત્યાર પછી તો બેત્રણ વાર જોઇ. પણ પહેલી વખતે જ હું એ સ્થળના વાતાવરણમાં જાણે ઓગળી જ ગયો હતો. ત્યાંની શાંતિ, શોભા અને પવિત્રતા અનુપમ છે. ત્યાં જનાર યાત્રીઓને સૂચના લખી છે કે 'મહાન અકબર બાદશાહ તરફ ભક્તિભાવ દર્શાવવા યુરોપીયનોએ અહીં ટોપી ઉતારવી અને હિંદુઓએ જોડા ઉતારીને અંદર જવું.' મેં જોડા અને ટોપી બંને ઉતાર્યાં, એટલું જ નહિ પણ મુજાવરને, બાદશાહ ઉપર ફૂલની ચાદર ચડાવવા માટે મારી પાસે તે વખતે જેટલા પૈસા હતા તે આપ્યા. એ સ્થળે મેં પ્રાર્થના પણ કરી અને અકબર બાદશાહના આત્માને શાંતિ ઇચ્છી.

શિલ્પીઓની એ કોઇ અજબ સૃષ્ટિ છે! એમને ઇસ્લામના ફરમાન પ્રમાણે મૂર્તિઓ કે તેવાં સૂચક શોભનો કરવાની મનાઇ હતી છતાં પણ આખાં મકાનો ને મકાનો તેમણે જાણે બોલતાં કરી દીધાં છે! જે પ્રયોજનસર મકાનો બંધાતાં તે પ્રયોજનની ભાવના અને ઉદ્દેશ, બધું જાણે એ મકાનોમાંથી આપણે જોઇ શકીએ છીએ; એટલું જ નહિ પણ જે સૂત્રધાર એ પડદાની પાછળ રહીને એ રંગભૂમિ તૈયાર કરાવતો હોય છે તે સૂત્રધારના જીવન અને આદર્શોનું પણ જાણે એ સાક્ષાત પ્રતિબિંબ હોય એમ લાગે છે.

શેરશાહ અને હુમાયૂંના રોજા જુઓ. શેરશાહ ખડતલ, ક્રૂર, જંગલી ને ઘાતકી હતો. એનો રોજો પણ એવો જ દેખાય છે. હુમાયૂં સુધરેલો, સંસ્કારી ને ભક્ત હતો. એનો રોજો પણ એ વાત બોલી રહ્યો છે.

અમદાવાદમાં દરિયાખાનનો ઘૂમટ જુઓ અને સરખેજના રોજા જુઓ. દરિયાખાન મૃત્યુને ભયંકર જુએ છે. એનું જીવન પણ ચોરી લૂટફાટ ને બહારવટામાં ગયું હતું. એની કબર ઉપરનો ઘૂમટ ભૂતપ્રેતના ધામ જેવો ભયંકર છે. અને સુલતાનોની કબરો પરના રોજા જુઓ. પ્રભુને ખોળે, આનંદધામમાં જાણે એ શાંતિથી સૂતા છે!

આપણી લાકડાં પરની કોતરણી ને લાકડાંનાં દેવળો, ઘરો અને રાજ્યમહેલો પણ સુંદર થતાં. સુરતમાં ચિંતામણનું મંદિર એ લાકડકામનો જીવતો નમૂનો છે. અમદાવાદમાં સો સો વર્ષનાં લાકડાંનાં સરસ ઘરો છે અને એનાં છજાં, થાંભલીઓ, પાટડા અને સ્થંભો બહુ જ સુંદર લાગે છે.

મ્હેસુર પાસે શ્રીરંગપટ્ટણમાં ટીપુ સુલતાનનો મહેલ છે તેનું અંદરનું કામ લાકડાનું છે. ઘાટની જ રચના એટલી બધી મનોહર અને કોમળ છે કે જાણે જોયા જ કરીએ. પાટણમાં હજી ચારસો વર્ષનાં જૂનાં બે લાકડાનાં જૈન મંદિરો સારી સ્થિતિમાં ઊભાં છે. એ જોવાથી તે કાળના ગુજરાતનો સમાજ પ્રત્યક્ષ થાય છે. તે સમયના વસ્ત્રાલંકાર ને રીતરિવાજો એમાં કોતરેલાં છે. રણવાદ્યો, ઘોડા પર ચાલતાં વાદ્યસમૂહો, વીરતા, ધનવૈભવ, વિલાસની શોભા અને ભક્તિભાવ બધું ત્યાં વિગતવાર ભર્યું છે.

અમદાવાદમાં પાંચપટ્ટી પાસે ભૂધર મિસ્ત્રીનો ખાંચો છે. એ ભૂધર મિસ્ત્રી લાકડાની કોતરણી બહુ જ સુંદર કરતા હતા. એમના પુત્ર સોમનાથ મિસ્ત્રી છ મહિના પર જ ગુજરી ગયા. એમનાં કરેલાં પડદા અને ગોખનાં કામ બહુ જ ઉત્તમ પ્રકારનાં થતાં. એમના ઘણા નમૂના વિલાયત ગયા છે અને એક પડદા

માટે તો દિલ્હી દરબારમાં એમની ખૂબ તારીફ થઇ હતી.

એમણે લાલ દરવાજાની સીદી સૈયદની મસ્જિદમાંની પેલી વિખ્યાત જાળીઓ લાકડામાં ઊતારેલી. દીવાનખાનામાં લટકાવવાના હિંદુ તથા મુસલમાન ઘાટના ગોખ એ બહુ સારા બનાવતા. એમના જેવું કામ કરનારા હજી અમદાવાદમાં બેચાર જુવાનીઆ છે. પણ એવાં કામ તરફ લોકોને રસ નથી. ખરાં સર્જન કરનારા એ કારીગરોને કવિઓ કે લેખક જેટલું માન નથી મળતું. તેથી એ બીચારા વાંસલા લઇને રોજ સુતારકામે જાય છે! યુવકોએ અને યુવતીઓએ પોતાનાં ઘર તથા દીવાનખાનાં સુંદર અને આકર્ષક બનાવવાં જોઇએ. આવા સુતારો પાસે મનપસંદ કારીગરીઓ કરાવી ઘરમાં ઘરેણાંની માફક રાખવી જોઇએ. બીજો કંઇ લાભ ન થાય તોપણ સુંદર વસ્તુ હમેશાં આનંદ તો આપે જ છે. 'A thing of beauty is a joy for ever.' **હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ**





સ્વાસ્થ્ય · શક્તિ · સૌંદર્ય

ભાઇ રુબેન ડેવિડ; ઉમર ૧૯ વર્ષ; ઊંચાઈ ૫' ૫"; વજન ૧૦૦ રતલ. અમદાવાદના વતની અને વ્યાયામના અનન્ય ઉપાસક આ યુવાને, બાલ્યાવસ્થામાં ક્ષીણશક્તિ અને રુગ્ણ હોવા છતાં, અથાગ પરિશ્રમ અને અવિશ્રાંત પ્રયત્ન પૂર્વક વ્યાયામ વડે સાધેલો આ શરીરવિકાસ આંખને ઠારે એવો છે. ગરદન, ખભા, બાહુ અને છાતીના સુરેખ સ્નાયુની સપ્રમાણતા શરીરના વજનની સરખામણીમાં અપૂર્વ ગણી શકાય. વ્યાયામના આચાર અને પ્રચાર માટેની એમની તન્મયતા અને તત્પરતા બહુ જ ઓછા યુવાનોમાં જોવામાં આવે છે.

હવે ઉપરનાં એમનાં ચિત્રો વિષેઃ કેડ ઉપરનાં અંગોનો સ્નાયુવિકાસ ઘણો જ સરસ છે, છતાં નિર્દોષ તો નથી જ. હાથને બારીકાઇથી જુઓ કેટલી વિષમતા. ખભા અને દંડની સાથે સરખાવતાં, કોણી અને કાંડા વચ્ચેનો ભાગ કેટલો દુર્બળ અને નિર્બળ લાગે છે. આવી જ દશા છાતીના ઉપરના બે સ્નાયુ પેક્ટોરૅલિસ માયનૉર (Pectoralis Minor)ની છે. પે મેજર (P. Majar) સ્નાયુની પેઠે એનો પૂર્ણ વિકાસ થયો નથી. ઉપરના અંગોની સરખામણીમાં કેડ નીચેનો ભાગ આટલો સરસ નહિ હોય એ પણ કલ્પી શકાય એવું છે.

ભાઇ રુબેન લેઇટ લિફ્ટિંગ તથા ડંબ બેલ્સના ઉપાસક છે; છતાં આખા શરીરનું એકધારૂં બંધારણ સાચવી શકયા નથી, એ જરા ખૂંચે છે. આવી વિષમતા, આખા શરીરને એક ગણી તેનો સર્વાંગ વિકાસ ન કરતાં અમુક જ અંગોની ખીલવણી તરફના વલણને લીધે છે.

અને આ દોષ એમનો એકલાનો જ નથી. અત્યારે તો આ રોગ સર્વસામાન્ય થઇ પડ્યો છે. શરીરશક્તિની વાત નીકળે કે 'જુઓ મારા મસલ' કહી બાંય ચડાવી દેડકા જેવો દંડ ફુલાવી બતાવનાર 'પહેલવાનો' (શરીર કેળવીને બળપ્રાપ્તિ કરવી, એનું નામ 'પહેલવાની' ગણાય છે!) કયાં ઓછા પડ્યા છે? પણ ભાગ્યે જ કોઇ પોતાના બરડાનો, કમરનો કે ઢીંચણ નીચેના અગર પેટ પરના સ્નાયુઓનો વિકાસ દેખાડવાની હિંમત કરે છે. ખરી રીતે તો બીચારા આ 'પહેલવાનો' આ સ્નાયુઓની મહત્તા કે વિકાસપદ્ધતિ પણ જાણતા નથી હોતા. પણ આમાં એમનો વાંક નથી. આડી રાતમાં 'પહેલવાન' બની જવાની મનોદશા આ અધૂરાપણાનું ખરૂં કારણ છે. ભાઇ રુબેન સદ્‌ભાગ્યે આ રોગથી બચી ગયા છે એ હર્ષની વાત છે. —હ. આ.

સ્મરણયાત્રા

૩૮][ચોરોની પાછળ

પ્લેગના દિવસોમાં શહેર બહાર ઝૂંપડાંમાં રહેવાનું એવું તો નિયમિત થઇ ગયું કે લોકોએ ઝૂંપડાંને બદલે કાચાં ઘર બાંધવાનું પસંદ કર્યું. છતાં એને 'ઝૂંપડાં' જ કહેતા. અમારા ઝૂંપડાની ભીંતો વાંસની હતી. વાંસની ઉપર અંદરબહાર ગાર કરી હતી. છાપરા પર નળિયાં હતાં. આ ઝૂંપડું થયા પછી હું હમેશ ત્યાં જ રહેવાનું પસંદ કરતો. અંગ્રેજી પાંચમી ભણતો હઇશ. આસપાસ આઠદસ ઝૂંપડાં હતાં તેમાં પણ અમારી ન્યાતના લોકો જ રહેતા. માત્ર અમારે પડખે એક લિંગાયત કુટુંબ રહેતું. એની પાછળ એક ખેડુત રહેતો. આ તરફ ચોરો ઘણીવાર આવતા.

એક દિવસ ચોરો બીચારા ખેડુતને ત્યાં ખાતર પાડી એની ચાળિસેક રૂપિયાની પોટલી લઇ ગયા.. ખેડુત ઊઠીને ચોરોને પકડવા દોડ્યો. પણ ચોરોએ એના માથા પર કુહાડીનો ઘા કર્યો. ઘા એની ભમર પર વાગ્યો. જરાક વધારે વાગ્યો હોત તો બીચારાની આંખ જાત.

એના ઘરમાં બૂમ પડી ત્યારે અમારા ઘરમાંથી આઇએ એને દિલાસો આપ્યો, 'અરે ડરો મા; અમારે ત્યાં ઘણા મહેમાનો આવ્યા છે. હમણાં મદદે આવીએ છીએ.' સાચી વાત એ હતી કે ઘરમાં પુરુષ હું એકલો જ હતો. હું બંદુક ભરેલી રાખતો. બંદુક લઇને હું બહાર નીકળ્યો. પણ ચોરોને મારી રાહ જોવા જેટલો વખત નહોતો.

બીજે એક વખતે અમારી કોઢમાં સાંકળ તૂટ્યાનો અવાજ થયો. અમારી ભેંસને અને ગાડીના બળદોને અમે લોઢાની સાંકળોથી ખીલે બાંધતા. બંદુક લઇને હું ઉપડ્યો. મધરાતનો સમય હતો. મેં બારણું ખોલ્યું અને આઇ જાગી. આઇ મને જવા ન દે. મેં કહ્યું, ' ચોર કોઢમાં ભરાયા છે. ઢોરને કેમ જવા દેવાય ?'

હું બહાર નીકળ્યો. આઇ કહે, 'ઢોર જાય તો ભલે જાય, તારે જોખમમાં ન ઊતરવું.'

' નાનપણમાં તારી શિખામણ આવી નહોતી.' એમ કહી હું દોડ્યો. કોઢમાં જોઉં તો ભેંસ ન મળે. બંને બળદો ચમકી ગએલા ઊભા હતા. ભેંસને ન જોવાથી મારા હૈયામાં શું થયું હશે એની કલ્પના તો જેણે ઢોર પાળ્યાં હોય તે જ કરી શકે. ભેંસને નવડાવવાનું કામ મારૂં, દોહવાનું કામ મારૂં. મારી સાઇકલની ઘંટડી સાંભળે કે તરત જ મને દૂરથી ઓળખીને રણકાથી એ મારૂં સ્વાગત કરે. હવે એ ભેંસને કોઈ કાળે નહિ જોઇ શકું, એ કાયમની ગઇ, એ ખ્યાલ અસહ્ય થયો. ચોરો જો અંત્યજો હશે તો તો ભેંસને મારી પણ ખાશે. હવે શું કરવું ?

ચોરો રસ્તા પર થઇને તો જાય નહિ. આથમણી બાજુ અને ઉત્તર તરફ ઝૂંપડાં હતાં, એટલે એ બાજુ પણ તેમનો જવાનો સંભવ નહોતો. ઊગમણી બાજુ ખેતરો હતાં. ત્યાં હું દોડ્યો. ભેંસ નજીક હોય તો એને આશ્વાસન આપવા મેં એના જેવો જ રણકો કર્યો. બે ખેતર વટાવ્યાં. ત્રીજું નીચાણમાં હતું. પાસે એક કૂવો હતો અને રસ્તા તરફ ' સોનાનો ' પીપળો હતો. એ ખેતરમાં ઘાસ પણ ખૂબ ઊગેલું. ઉઘાડે પગે અંધારામાં ઊતરવાની મારી હિંમત ન ચાલી. મેં ફરી રણકો કર્યો. સામે જવાબ મળ્યો. એક ક્ષણમાં મારી ચિંતા દૂર થઇ.હું ખેતરમાં કુદી પડ્યો. ભેંસ મારા હાથમાં બંદુક જોઇ જરા ચમકી અને દોડી. પાસે જઇને મેં ભેંસનો કાન પકડ્યો અને એને લઇ આવ્યો. સવારે આઇએ ભેંસને જાર બાફીને ખવડાવી અને મને શીરો મળ્યો.

૩૯][આપણો સંસાર

અમારી ઝૂંપડી પાસે જ એક લિંગાયત રહેતા હતા. એક દિવસ એમને ત્યાં જમાઈ આવેલો. હું એને જોવા ગયો. સાવ નાનો છોકરો. સસરા પાસે પાન ચાવતો બેઠો હતો. સસરાએ મને કહ્યું, 'મારી દીકરીને ભાણો આવ્યો છે, એટલે એના પિતાને આજે બોલાવ્યા છે.'

મારી આગળ બેઠેલા એ છોકરાનો પિતા તરીકેનો પરિચય સાંભળતાં પણ મને શરમ આવી. પણ 'પિતાશ્રી' તો હાવકું મોં રાખીને પાન વાગોળતા હતા. પુત્રોત્સવની ખાંડ ખાઇને હું પાછો આવ્યો. થોડા જ દિવસમાં એ બાળક ગુજરી ગયાનો ખરખરો કરવા પણ મારે જવું પડ્યું એવું સ્મરણ છે !

પણ એ લિંગાયત કુટુંબનું સ્મરણ તો મને બીજે જ કારણે રહ્યું છે.થોડા મહિનામાં અમારા પડોશી—પેલા

પિતાશ્રીના સસરા —ગુજરી ગયા. એ પૈસાદાર હોવાથી ઘણા લોકો ભેગા થયા હતા. લિંગાયત લોકોના રિવાજ પ્રમાણે શબને ઓટલે પલાંઠી વાળીને અને ભીંત સાથે અઢેલીને બેઠું કર્યું હતું. શબની સામે દહીંભાત મૂકવામાં આવ્યાં હતાં.સગાંવહાલાંમાંથી એકએક જણ આવે, એક કોળિયો હાથમાં લઈ શબના મોઢા તરફ લઈ જાય અને કોળિયો નીચે મૂકી પોક મૂકે, 'ઉંડિલ્લા !'(જમ્યા નહિ !)

બીજો રિવાજ વધારે ધ્યાન ખેંચે એવો હતો. શબ પાસે એક સાડી મૂકવામાં આવી હતી. લિંગાયતોમાં પુનર્વિવાહનો વિરોધ નથી. પણ શબ ઉપાડતી વખતે જો એની સ્ત્રી પેલી સાડી લઈને પહેરી લે તો એનો અર્થ એવો થાય છે કે એણે જીવનપર્યંતનું વૈધવ્ય સ્વીકાર્યું છે. એ નિશ્ચય ન હોય તો સ્ત્રી સાડીને અડે નહિ. મરનારની સ્ત્રી જુવાન હતી. બધા એમ જ માનતા હતા કે એ ફરી પરણશે. એ શું કરે છે તે જોવા હું ત્યાં ગએલો. ઘરમાં સૌ રોતાં હતાં. ફક્ત એ બાઈ રોતી નહોતી. એની આંખમાં ભીનાશ સરખી પણ નહોતી દેખાતી. ઘણા લોકોને એથી આશ્ચર્ય થયું, મને પણ આશ્ચર્ય થયું. એની શૂન્યમનસ્ક આંખોની ચમક જોઈને શબ પાસે સાડી મૂકાઈ કે તરત એણે એ ઉપાડીને પહેરી લીધી.

લોકો દુઃખ સાથે આશ્ચર્યમાં મગ્ન થયા. મરેલાને સ્મશાનમાં દાટી પાછળ રહેલાં બધાં સગાં શહેરમાં રહેવા ગયાં. બીજે દહાડે ખબર આવી કે મરનારની વિધવાએ અન્નત્યાગ કર્યો છે. મારા સ્મરણ પ્રમાણે આઠદસ દિવસની અંદર જ વિધવાએ દેહ છોડ્યો. કશા રોગ વગર, દુઃખના ભારથી જ એ સતી શરીરથી પ્રાણ જુદા કરી શકી. આજે પણ એની એ આંખો દૃષ્ટિ આગળ તરે છે.

અંગારાને

· શિખરિણી ·

તુફાની વાયુ આ નભ ઉદરમાં આજ ઘૂમતો
નિશામાં અંધારી દસ દિશમહીં બંડ જગવે;
સૂતેલાં તેથી તો સરિતજલ ઊઠ્યાં સળકીને
અને ચન્દ્રે જાણે ભય થકી ત્વરાથી સરી જતો.

દૂરેથી દેખાતો સમૂહ દીપકોનો ઠરી જતો,
પરંતુ અંગારા! જરીય નવ તારી દ્યુતિ શમે;
વધુ ઘેલો થાતો સમીર ત્યમ તું તો વધુ ઝગે,
અને ઊભા આપી વધુવધુ વળી હાસ્ય કરતો.

ભલે આછી તારી દ્યુતિ નવ ધરે દીપક સમી
છટા જ્યોતિની, વા પ્રણય કરવાને નવ મથે
પતંગો એ સાથે; તદપિ નીરખું છું જીવનની
મહત્તા જે તારા નવ દીપકમાં એ કદી દીઠી.

સુખી સંયોગોમાં સહુ ઉર પ્રભા પાથરી શકે
તુફાની તત્ત્વોમાં વિરલ જન તો કોક જ ખીલે.

રતિલાલ શુકલ

૪૦][ઘરઘરની રમત

અમારી ઝૂંપડી પાસે અમારી ન્યાતના કેટલાક લોકોનાં ઝૂંપડાં હતાં. હું એ લોકોમાં ભળતો નહિ. પણ એક ડોશી અમારે ત્યાં આત્યાને મળવા આવતી. આત્યા તે આઈનાં ફઈબા. એટલાં ઘરડાં કે ઠીંગણાં થવા આવ્યાં હતાં. ચાલે ત્યારે ટટાર ન રહી શકે. મને રાંધીને ખવડાવે, અને આખો દિવસ રૂ તથા નાનકડું કામઠું લઈ રૂ પીંજે અને આરતી માટે ફૂલવાતો બનાવે. પડોશીની ડોશીએ એક દહાડો મને પૂછ્યું, 'અમારી મનુ (દીકરીની દીકરી) તમારે ત્યાં પોતાની બહેનપણીઓને લઈને ઘરઘર રમવા માગે છે. તમારી રજા છે ?'

છોકરીઓની ધૃષ્ટતા મને જરાયે ગમતી નહિ; પણ વિવેકને વશ થઈ મેં ના ન પાડી. મેં એટલું જ કહ્યું, 'એમાં મને શું પૂછવાનું ? આત્યા કહે તે ખરું.'

બપોરે છોકરીઓ આવી. કલાકો સુધી એમની રમત ચાલી. મને પણ રમત જોવામાં ખૂબ રસ પડ્યો. મનુ શાંત, મહેનતુ ને દક્ષ છોકરી હતી. બહેનપણીઓને રાજી રાખી તેમના પર કાબુ મેળવવો, તેમની પાસેથી કામ લેવું અને સૌનો રસ જાગતો રાખવો, એ બધું એને આવડતું. છોકરીઓ જાતજાતની રમતો રમી. પછી એમણે રાંધ્યું. એક થાળી પીરસીને મારી આગળ મૂકવામાં આવી. બપોરે જમવાનો સ્વાદ કોને હોય ? છતાં મેં થોડું ખાધું. સાંજ પડતાં પહેલાં છોકરીઓ ઘેર ગઈ.

બીજે દિવસે મનુની દાદી મારી પાસે આવીને કહે, 'અમારી મનુ નાની હતી ત્યારે એક પડોશણે એને હાથમાંથી નીચે પાડી તે દિવસથી એનું કાંડું તૂટી ગયું છે. પણ તમે જુઓ છો કે રાંધવા કરવાનું બધું એ કરી શકે

છે. તમે એને પરણવા તૈયાર છો? તમારી આઇને પૂછું તો એ ના જ પાડશે. પણ આજના તમે છોકરાઓ જાતે જ વહુ પસંદ કરવામાં માનો છો, એટલે તમને પૂછું છું. તમારી હા હોય તો તમારી આઈને મનાવવાનું કામ મારું.'

હવે કાવતરાનો ભેદ મારી આગળ ખુલ્લો થયો. બાઇની ધૃષ્ટતા જોઇ હું તો આભો જ બની ગયો. મેં કહ્યું, ' પણ મારે પરણવું જ નથી તે!'

ડોશીએ એક જ સવાલ પૂછયો, ' પણ તમને છોકરી પસંદ છે?' મનુની દાદી સાવ ભોળું માણસ. એનામાં કૂડકપટ નહોતું. આંધળા પ્રેમે તેમની પાસે આ બધું કરાવ્યું હતું. એમને હું ઠીકઠીક ઓળખતો હતો. મને એમના પર દયા છૂટી. એમને માઠું ન લાગે એવો જવાબ મેં ખૂબ શોધ્યો, પણ એ શાનો જડે? મેં એમને એટલું જ કહ્યું, ' મારે પરણવું જ નથી, એટલે ઝાઝા વિચારો મારા મગજમાં આવતા જ નથી.'

'થયું ત્યારે; આટલી જ એક આશા રાખેલી.' એમ કહીને ડોશી ચાલતાં થયાં.

તે દિવસે રાત્રે કેટલીય વખત હું વિચારમાં પડ્યો હતો. પરણવાની ઉત્સુક્તા મારા મનમાં હતી જ નહિ. છતાં એ ડોશીના છેલ્લા શબ્દોની મારા પર ભારે અસર થઇ. બીચારી છોકરીનો હાથ ભાંગ્યો એમાં કંઈ એનો વાંક? અવ્યંગ રૂપાળી છોકરીઓ હોય તોયે હજાર દોઢ હજારની પરઠણ (વરદક્ષિણા) વગર પરણી શકતી નથી, ત્યાં આ બીચારીને કોણ સ્વીકારશે? સંસ્કારી યુવાનોનું શું એ કર્તવ્ય નથી કે બહાદુરી બતાવી તેઓ આવી છોકરીને લેવા તૈયાર થાય? રૂપ ઉપર શા માટે લોકો મોહી પડતા હશે? વહુને ક્યાં નાચવા લઈ જવાની હોય છે? ઘરસંસાર સરસ રીતે ચલાવે એના કરતાં માણસને વધુ શું જોઇએ? આવાઆવા વિચારો તો ઘણા આવ્યા. પણ મારે પરણવું જ ન હતું. અને અમારા સમાજમાં વરને સીધું પૂછવાનો રિવાજ પણ નહોતો. એટલે એ પ્રકરણ ત્યાં જ પૂરું થયું.

નવા જમાનાને સમજવા જેટલી પણ કેળવણી જેમને મળી નથી તેઓ પણ જ્યારે લાચાર થાય છે ત્યારે ગરજના પ્રેર્યા નવા જમાનાનો નવો રંગ સમજતા થાય છે અને જૂની મર્યાદા છોડી નવા પ્રકારોને કંઇક અંશે વશ થાય છે. એ વસ્તુસ્થિતિ માત્ર મને બહુ જ દયામણી લાગી. એ સ્થિતિમાં આવકારપાત્ર કેટલાક અંશો છે, પણ એની કદર મને નહોતી.

[ચાલુ] **દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર**

રાષ્ટ્રધ્વજવંદન

અનુસંધાન પૃ. ૩૭૫થી

સુધાએ વાવટો તૈયાર કર્યો હતો અને તેને લાંબી દોરી પણ બાંધી રાખી હતી.

પરંતુ વરસાદ સખત આવવાથી તેમની યોજના ભાંગી પડતી લાગી. રખેને ધ્વજારોપણ ન થઇ શકે એ ચિંતાથી તેઓ સૌ અહીં એકઠાં થયાં હતાં.

'અજીત, હવે આ કરવું તદ્દન અસંભવિત લાગે છે.' રામરાવે કહ્યું.

'એમ ગભરાઇ શાનો જાય છે? વરસાદ તો કાલ સુધીમાં બંધ થઇ જશે.' દાદુએ કહ્યું.

'એક વખત શરૂ થએલો વરસાદ અહીં ચારપાંચ દિવસ સુધી અટકતો જ નથી.' રામરાવ બોલ્યો.

'વરસાદની બાબત પર લડાઇ કરવાની જરૂર નથી. આપણે એક વાત ચોક્કસ કરીએ. ધારો કે વરસાદ કાલે ન અટકે તો ધ્વજારોપણ કરવું કે નહિ?' સુધાએ વાતનો નીવેડો લાવતાં પ્રશ્ન કર્યો.

'કરવું જ જોઇએ;—પછી જોખમ ગમે તે ખેડવું પડે!' અજીતે જુસ્સાથી કહ્યું.

'તું આમ આકળો ન થા. ધારો કે સખત વરસાદ આવે, અને આપણે ધ્વજારોપણ કરીએ, પણ તેથી ફાયદો શો? સ્કુલમાં કોઇને ખબર પડે ત્યાર પહેલાં તો પ્રિન્સિપાલ તે ઉતરાવી નાખશે. પછી આપણે આ જોખમ વેઠવાનો બદલો શો? નિશાળના છોકરાઓની હાંસી!' રામરાવે સમજાવતાં કહ્યું.

'હા; રામરાવની વાત તો સાચી છે, અજીત. જો વરસાદ આવે તો આપણું ધ્વજારોપણ કરેલું નકામું છે!' સુધાએ પોતાનો મત આપ્યો.

'તું પણ સુધા, એમ માને છે?' દાદુએ હતાશ થઇ પૂછ્યું.

'હા. પણ હું તો એમ માનું છું કે રાત સુધીમાં વરસાદ બંધ થઇ જ જશે!' સુધાએ આશા આપી.

ટોળી વીખરાઇ.

સુધાએ ભાખેલું ભવિષ્ય ખરૂં પડયું. રાત્રે વરસાદ અટકી ગયો. પણ એક બીજી પીડા આવીને ઊભી રહી. રાત્રે પ્રાર્થના વખતે પ્રિન્સિપાલે કહ્યું કે બીજે દિવસે સવારે મિ. સધરલૅન્ડ નામનો એક અંગ્રેજ સ્કુલ જોવા આવવાનો છે. તે ઘણો પ્રખ્યાત અંગ્રેજી રાજપ્રકરણી આગેવાન હતો. તેના વિષે કહેતાં પ્રિન્સિપાલે જણાવ્યું કે તે એક ગરીબ માણસનો છોકરો હતો. બાળક તરીકે ફેરીઆથી માંડીને તે સરકસમાં કામ કરતા જાદુગર સુધી એણે કામ કર્યું હતું. અત્યારે તે આખા જગતમાં જાણીતો આગેવાન પુરુષ છે. દરેક બાળકે તેના જેવી મહત્ત્વાકાંક્ષા રાખવી જોઇએ... અને પછી હંમેશની માફક પ્રિન્સિપાલે વિદ્યાર્થીઓએ શું કરવું અને શું ન કરવું જોઇએ તેની શિખામણોનું લાંબું પ્રવચન આપ્યું.

પ્રાર્થના પૂરી થઇ કે તરત અજીત પ્રિન્સિપાલની પાસે ગયો અને કંઇક વાત કરી. ત્યાર પછી પોતાની ડોરમીટરીના અંધારામાં અજીત, દાદુ અને રામરાવ મળ્યા. છોકરીઓને રાત્રે છોકરાઓની ડોરમીટરીમાં આવવા દેતા નહોતા એટલે સુધા ગેરહાજર હતી.

'રામરાવ, ખુશ ખબર છે. આવતી કાલે મેં એવી યુક્તિ રચી છે કે પ્રિન્સિપાલને ખબર જ ન પડે કે કેવી રીતે ધ્વજ પેલા વાંસ ઉપર આવ્યો.' અજીતે હર્ષથી ઊછળતા આવેશે કહ્યું.

'કેમ, શું થયું? ઊલટું મને તો લાગે છે કે કાલે આપણાથી કંઇ થઈ શકશે નહિ. ધાર કે ધ્વજ ચડાવીએ, ને પ્રિન્સિપાલ ગુસ્સે થઇ જાય તો નિશાળની શિસ્ત માટે સધરલૅન્ડ શું ધારે?' રામરાવે પોતાનો મત દર્શાવ્યો.

'હા અજીત, તેનું શું? નિશાળનું નામ પારકા આગળ ખરાબ થાય તે તો ખોટું.' દાદુએ કહ્યું. નિશાળના નામ માટે દાદુ જાન આપે એવો હતો.

'પણ મારી યોજના પ્રમાણે એમ થશે જ નહિ.' અજીતે કહ્યું.

'ત્યારે એ યોજનામાં છે શું તે તો કહે?' દાદુને ઊંઘ આવતી હોવાથી ઊકળ્યો.

'મેં હમણાં પ્રિન્સિપાલને પૂછી જોયું. એમણે મને કહ્યું કે નિશાળના છોકરાઓને સહેજ આનંદ આપવા મિ. સધરલૅન્ડે કેટલાક હસવા જેવા જાદુના ખેલો કરવાનું પણ કહ્યું છે. પણ પ્રિન્સિપાલે અત્યારે છોકરાઓને એ વાત કહી નહિ. કાલે એકદમ જાદુના ખેલોનો કાર્યક્રમ કરીને સૌને ચકિત કરવાનો એમનો ઇરાદો છે.' પછી અજીતે પોતાની યોજના કહેવા માંડી. લગભગ કલાકેક સુધી ત્રણે મિત્રોએ છાની છાની વાત કરી અને ત્રણેએ અજીતની યોજનાને પોતાનો સંપૂર્ણ ટેકો આપ્યો.

બીજે દિવસે નવ વાગ્યે પ્રિન્સિપાલ મિ. સધરલૅન્ડને લઇને આવ્યા. અજીત ઘણી જ કુશળતાથી પ્રિન્સિપાલ

પાસે જઇ પહોંચ્યો. થોડીક મિનિટમાં તો તે સધરલૅન્ડ જોડે ઈંગ્લાંડના રાજકીય વાતાવરણ અને હિંદુસ્તાનમાં ચાલી રહેલી ક્રાંતિ ઉપર ચર્ચા કરવા માંડ્યો. સોળ વર્ષના બાળકમાં આવું રાજકીય જ્ઞાન જોઈ મિ. સધરલૅન્ડ ખુશ થઇ ગયા. પ્રિન્સિપાલ પણ અજીતને આમ ચર્ચા કરતો જોઇ મનમાં ખુશ થયા. પોતાની નિશાળનો એક વિદ્યાર્થી આવી રીતે કુશળતાથી રાજકીય પ્રશ્નો ચર્ચી શકે તે જોઇ કયો પ્રિન્સિપાલ ખુશ ન થાય ? પાંચસાત મિનિટમાં તો અજીતે જાદુ વિષે પ્રશ્નો પૂછવા માંડ્યા અને ઘણી નમ્રતાથી જણાવ્યું કે એમાં પોતાને ઘણો રસ છે, અને મિ. સધરલૅન્ડના જાદુ વખતે તેના શાગિર્દ તરીકે રહેવા ઇચ્છા બતાવી. પંદર મિનિટમાં તો સૌ નક્કી થઇ ગયું, અને અજીતને હસતો જોઇ દાદુ, રામરાવ અને સુધાના જીવમાં જીવ આવ્યો.

અજીતે પ્રિન્સિપાલને પોતે મિ. સધરલૅન્ડનો શાગિર્દ થવાનો છે તે વાત જણાવી. પ્રિન્સિપાલ તો આજ તેના પર ખુશ જ હતા. તેમણે તેને ક્લાસમાંથી ગેરહાજર રહેવાની રજા આપી.

જ્યારે મિ. સધરલૅન્ડ પ્રિન્સિપાલની સાથે સ્કુલ તપાસતા હતા, ત્યારે અજીત નિરાંતે પોતાની ઓરડીમાં સૂતો હતો. સાંજના ચાર વાગતાં નિશાળ પૂરી થઇ અને પ્રાર્થનામંદિરમાં સૌ છોકરાઓ એકઠા થયા. પરંતુ મિ. સધરલૅન્ડે કહ્યું કે તેમના જાદુના ખેલો બહાર કરવા ઠીક પડશે. આથી સ્વાભાવિકરીતે પેલા ટ્રાન્સ્મિટરના થાંભલાની આજુબાજુ છોકરાઓ ગોઠવાયા. જાદુના ખેલો શરૂ થયા. રૂમાલને ખાઇ જઇ એક છોકરાના ગજવામાંથી તે રૂમાલ કાઢ્યો. વળી પાછા રૂમાલો ફરીથી ખાઈ જઇ, મોંમાંથી રૂમાલને બદલે જાણે તેના ચાવેલા કકડાઓ હોય તેમ કેટલાક કકડાઓ બહાર કાઢ્યા. તે ફરીથી ચાવી જઇ, મોંમાંથી તેના લાંબા લાંબા તાંતણાઓ કાઢ્યા. છોકરાઓ ખુશ થઇ ગયા. પછી મિ. સધરલૅન્ડે પત્તાંના અને બીજા ખેલો કર્યા.

આખરે મિ. સધરલૅન્ડે જણાંવ્યું કે મિ. અજીતસિંહ જેવા ચાલાક છોકરાની મદદથી તે એક ઘણો જ રસિક ખેલ કરશે. આ પછી અજીત ઊંચા થાંભલા ઉપર ચડવા લાગ્યો. જોતજોતાંમાં તો તે ટોચ ઉપર પહોંચી ગયો. તેને ત્યાં પહોંચેલો જોઇ મિ. સધરલૅન્ડે જણાવ્યું કે તે થોડી એક પળમાં અદૃશ્ય થઇ જશે. મિ. સધરલૅન્ડે જાણે હાથથી જાદુમંતર કરતા હોય તેમ હાથ હલાવવા માંડ્યા. એકાએક વિદ્યાર્થીઓમાં ખુશાલીનો પોકાર ગાજી ઊઠ્યો. અજીતની જગ્યાએ એક મોટો રાષ્ટ્રીય ઝંડો ફરકતો હતો. આ જોઇ સુધાએ 'વંદે માતરમ્'ની બૂમ પાડી અને તે ઝીલાતાં 'ઝંડા ઊંચા રહે હમારા' તેણે ગાવા માંડ્યું. તે ગવાઇ રહ્યું: તેટલામાં તો તેઓની વચ્ચે આવીને અજીત ઊભો રહ્યો હતો.

પ્રિન્સિપાલે છોકરાંઓમાં આવી ખુશાલી જોઈ વધુ ન કહેતાં મિ. સધરલૅન્ડની સાથે ચાલવા માંડ્યું. અજીત પણ સાથે ગયો. ધ્વજવંદન પૂરૂં થયું.

સુધા, દાદુ અને રામરાવ દાદુની ઓરડીમાં વાટ જોઇ બેઠાં હતાં. બારીમાંથી દૂર નિશાળના મકાન આગળ થાંભલા ઉપર ત્રિરંગી વાવટો પવનમાં ફરકતો હતો. એટલામાં અજીત આવ્યો.

'શાબાશ, અજીત!' રામરાવે કહ્યું.

'ખૂબ કરી દોસ્ત,!' દાદુએ તેનો બરડો ઠોક્યો.

'અભિનંદન, અજીતભાઈ.' સુધાએ અજીતને મુબારકબાદી આપી.

'પણ, તેં આ બધું કર્યું શી રીતે ?' રામરાવે પૂછ્યું.

'ઘણી જ સહેલાઇથી. મિ. સધરલૅન્ડ ન હોત તો આ કામ આટલું સરળ ન થાત. એ ઘણા સાલસ માણસ છે. મેં તેમને જાદુની વાત કરતાં પૂછ્યું કે હિંદુસ્તાનમાં જેમ દોરડાને થાંભલાની માફક સીધો રાખી, ઉપર માણસ ચડાવી, તેને ગૂમ કરી દે છે, તેવું કંઇ તમને આવડે છે ? તેમણે કહ્યું કે મને છેક તેવું તો આવડતું નથી, પરંતુ હિપ્નૉટિઝમની મદદથી કોઇને અદૃસ્ય કરી શકાય. પણ તેને માટે કોઇ એવી વસ્તુ જોઇએ કે જેના ઉપર જોનારાઓનું મન આકર્ષી શકાય.' મેં થોડા વખત ઉપર જ મુંબાઇમાં થતા ધ્વજવંદનની વાત કરી હતી, તેમજ નિશાળના વિદ્યાર્થીઓ પણ આ લડતને લીધે રાજકારણમાં રસ લે છે તે જણાવ્યું હતું, આથી મેં કહ્યું કે રાષ્ટ્રધ્વજથી છોકરાંઓને આકર્ષી શકાશે. તેમને પણ તે વિચાર ઘણો ગમ્યો. આથી હાથમાં ધ્વજ લઇ હું ઉપર ચડ્યો અને ધ્વજ ફરકાવ્યો. ધ્વજને જોઇ તમે 'ઝંડા ઊંચા રહે હમારા' ગાતા હતા ત્યારે હું સાવચેતીથી તે જ થાંભલા પરથી નીચે ઉતરતો હતો. સૌને મિ. સધરલૅન્ડે હિપ્નૉટિઝમથી આકર્ષેલા હોવાથી તમે મને જોઇ શકયા નહિ.' અજીતે કહ્યું. 'અને પછી તો

મિ. સધરલૅન્ડને મેં કહ્યું કે આજે મહાત્માજીનો જન્મ-દિન છે. આથી તો તે ઘણા જ ખુશ થયા. પ્રિન્સિપાલને આ સૌ થયું તે ન ગમ્યું. પણ અંગ્રેજ માણસે આ સૌ કર્યું હોવાથી તે કંઇ બોલ્યા નહિ. અને વળી છોકરાંઓની દેશભક્તિનાં મિ. સધરલૅન્ડે એટલાં વખાણ કર્યાં છે કે જ્યાં સુધી મિ. સધરલૅન્ડ આ શહેરમાં છે ત્યાં સુધી પ્રિન્સિપાલ ધ્વજ ઉતારવાની વાત નહિ કરે !'

સનત્કુમાર વીણ

મોહન-જો-ડેરો

અનુસંધાન પૃ. ૩૬૮થી ચાલુ

એક ખુલ્લી ખાળ બાંધેલી મોરીમાં જાય છે. આ સ્નાન-ગૃહ ઘરના બીજા ઓરડાઓથી બેત્રણ પગથિયાં નીચું છે, જેથી ઘરના ઓરડામાં જવાને એટલું ચડવું પડે. આ બધું જોતાં લોકો કેવાં સુખસગવડ, સ્વચ્છતા ને ચતુરાઇ-ભર્યા આવાસમાં વસતા હશે તે સહજ સમજાય છે.

મંદિરો અને કુંડ

નગરનાં દેવમંદિરો નદીના પ્રવાહ વચ્ચે બનેલા બેટો ઉપર હતાં એમ લાગે છે. એ સમયનાં એવાં ત્રણેક મંદિરોના પાયા હાથ લાગ્યા છે. આ મંદિરોનું પૂરૂં સ્વરૂપ કોઇ કલ્પી શકતું નથી. એક બંધિયાર ચોકની આસપાસ ઓરડીઓ છે. મંદિરના એ ચોકમાં આવવાને સીધું બારણું નથી, પણ કોઇ એક બાજુએ ઊંચેથી ઊતરતી સીડીઓ બાંધી છે. આવી એક ઓરડીમાં લોહીના ડાઘા જણાયા તે પરથી ત્યાં બલિ અપાતો હશે એમ મનાય છે. એક મંદિરની બાજુમાં ઓગણચાળીસ ફૂટ લાંબો અને ત્રેવીસ ફૂટ પહોળો એક કુંડ નીકળ્યો છે. તે જમીનથી આઠ ફૂટ ઊંડો છે. ખૂબી એ છે કે તેમાંનું પાણી કાઢી નાખવાને છ ફૂટ ઊંચાઇની ઢાંકેલી ગટર રાખેલી છે, તે મારફત નગર બહાર પાણી કાઢી નખાતું. સ્વ. રાખાલદાસે લખ્યું છે કે આ જગ્યા લોકોને નહાવા માટે નહિ, પણ કોઈ જળદેવતાની આરાધના માટે હોવી જોઇએ. પ્રાચીન ઇજિપ્તમાં અને હાલ સિંધમાં પણ નદીના દેવની માનતા લોકોમાં ચાલુ છે. આજે પણ કરાચીની નજીક કોહિસ્તાન તાલુકાની સરહદ પરના ગરમ ઝરા આગળ આવેલા મઘર પીરની જગ્યામાં માનતા સ્વીકારતા પવિત્ર મઘરોનું સ્થાન છે, અને હિંદુ–મુસલમાન બંને કોમ તેને માનતા ચડાવે છે. ભૂમિ પર નવો ધર્મ આવે છે તેમ છતાં જૂના કાળના અવશેષો અને માન્યતાઓ આ રીતે લોકોને ચોંટી તો રહે જ છે.


મોહન–જો–ડેરોનાં એ પ્રાચીન મંદિરોમાં કયા પ્રકારની પૂજા થતી હશે તેનો નિર્ણય થઇ શકતો નથી. તોપણ મંદિર પાસે બે વસ્તુઓ મળી આવે છે. એક તો કાણાંવાળા ગોળ પથ્થરો, અને બીજાં ચીનાઇ જેવી માટીનાં બનાવેલાં, શેતરંજનાં મહોરાં જેવડાં જાતજાતનાં પુષ્કળ ઢીંગલાં. કાણાંવાળા પથ્થરો સુમેરની ગદાઓના આગલા ભાગને મળતા આવે છે; પણ તેમાંના કેટલાક તો ચારપાંચ માણસ મળીને ઊંચકે એટલા મોટા હોવાથી પાષાણયુગની ગદા તરીકે તેની કલ્પના નકામી છે. ઘણા તેને શિવપૂજાનું પ્રાચીન સ્વરૂપ માને છે.

પણ હજુ ત્યાં મનુષ્યઆકારની કોઈ મૂર્તિ મળી નથી. માત્ર એક લીલા રંગની માટીની પાટી મળી છે. તે ઉપર એક સિંહાસન પર બેઠેલા પુરુષની મૂર્તિ છે અને એ સમયની ચિત્રલિપિમાં એક લેખ કોતરેલો છે. ઉપરાંત કેટલાક માણસો એ સિંહાસન પર બેઠેલા મનુષ્યને પ્રણામ કરતા બતાવ્યા છે. તે ઉપરથી તે કોઇ રાજા હશે એમ કેટલાક માને છે; પણ પ્રણામ કરનારામાં મનુષ્યો તેમજ નાગો પણ છે એટલે તે કોઇ દેવતાની જ મૂર્તિ હોવી જોઇએ.





હજારો વર્ષથી દટાઇ રહેલા ખંડિયેરોની ધૂળમાંથી કટકીકટકી શોધીને ભેગી કરીને આવડા મોટા વાસણને જોડીને ઊભું કરવું એ પુરાતત્ત્વવેત્તાઓ માટે કેવડું ધીરજનું કામ હશે?



મોહન-જો-ડેરોમાંથી મળી આવેલી આ ખરણી એ સમયની માટીકામની કારીગરી કેટલી ખીલેલી હતી તેનો નમૂનો છે. બાજુએઃ ઉપરના ભાગમાં–એ સમયની ત્રાંબાની કરવતી, ભૂંગળીઓ, વાસણ, રકાબીઓ વગેરે; નીચે–અકીક તથા માટીના મણકા તથા ગ્રે.લક.


સૌથી પહેલા નગરના અવશેષોમાંથી એક રમકડા જેવડું નાનું ગાડું, બળદ અને હાંકનાર તેમજ ગાડા ઉપર ગોળ વાળેલું તાપડું મળી આવ્યાં છે. વાહન અને ચક્રની શોધના ઇતિહાસ માટે આ બહુ અગત્યનું સાધન છે. દુનિયામાં પૈડાની બનાવટનો એ સૌથી જૂનામાં જૂનો નમૂનો આજે ગણાય છે. આજનાં સિંધી ગાડાં હજુ પણ તેને મળતાં છે.

અલંકારો વાસણો બીજાં બીજા પદાર્થો

આ પ્રાચીન સંસ્કૃતિના નાગરિકોએ અનેક રીતે તેમનો જીવનઉત્કર્ષ કર્યો હતો તેની સાબિતી રૂપે અતિ કુશળતાથી બનાવેલાં સોનારૂપાનાં ઘરેણાં, સાંકળીઓ વગેરે મળી આવ્યાં છે. શ્રીમંતોનાં ઘરમાંથી રૂપાના કે ત્રાંબાના ઘાટ પર સોનું મઢેલા અલંકારો મળે છે. કાચ જેવી કોઈ ભૂરી બનાવટના આકારો, મણકા, હાથીદાંત પ્રવાળ, તથા વિવિધ રંગના પાષાણ-મણિઓ વગેરે પણ વપરાતાં મળી આવ્યાં છે; પણ ક્યાંયે હીરામોતી કે ચુનીપાનાં મળતાં નથી. ગરીબો છીપ કે પકવેલી માટીના અલંકારો વાપરતા. સોનાના ઢોળવાળા ત્રાંબાના કમરબંધો, કાનની કડીઓ અને કર્ણફૂલો વગેરે હાલના સોનીઓ તથા ઝવેરીઓની હરીફાઈ કરે એવા ચળકાટવાળાં છે. સોનારૂપાં પછી ત્રાંબા, કલાઇ, સીસા વગેરેનો ઉપયોગ દેખાય છે. ત્રાંબું તો છૂટથી વપરાયું છે. કુહાડી, છરી, તલવાર, ઓજારો ઘરનાં વાસણો, બધાં જ ત્રાંબાનાં છે. આ બધાં ઘડીને ઘાટવાળાં બનાવ્યાં છે છતાં ધાતુને ગાળીને ઘાટ બનાવેલા નમૂના પણ મળે છે. બલુચિસ્તાન, રજપુતાના અને અફઘાનિસ્તાનમાંથી ત્રાંબું એ વખતે ખૂબ નીકળતું. કલાઇ ખોરાસાન તરફથી આવતી અને ત્રાંબા જોડે ભેળવી કાંસું બનાવવામાં તે કામ આવતી. તે કાંસું માત્ર તીક્ષ્ણ કે મજબૂત હથિયારો કે ઓજારો બનાવવામાં જ વપરાતું. કરવતી, ફરસી, અસ્ત્રા વગેરે ખાસ તેમાંથી જ બનતાં. એ કાંસું બહુ ઉત્તમ જાતનું માલૂમ પડ્યું છે. પણ એ વખતે ઘણી કલાઇ મેળવવી મુશ્કેલ હોવાથી તેના બહુ જ થોડા પદાર્થો મળે છે.

આ સમયનાં માટીનાં વાસણો તો કળાની આશ્ચર્યજનક કૃતિઓ કહી શકાય એવાં છે. દોઢ ઇંચની કુલડીથી માંડીને તે મોટી ગોળીઓ જેવડાં વાસણો મળી આવ્યાં છે. તેમાં કેટલાંક હાથેથી બનાવેલાં ને કેટલાંક ચાકડા પર બનાવેલાં છે. તે પરના રંગરોગાન અને ચળકાટ જોઇને ખાતરી થાય છે કે એ સમયે લોકો ચીનાઇ વાસણો જેવી જ સફાઈ અને ચળકાટ લાવી જાણતા હતા. પાણી કાઢવાના હાલના ચીનાઇ નળ જેવા, એકબીજામાં બેસતા થઈ જાય એવા મોંવાળા નળો પણ તેઓ બનાવી શકતા હતા. હરપ્પા અને મોહન-જો-ડેરોમાંથી મળી આવેલાં ચીતરેલાં તથા ચકચકિત ઢોળવાળાં માટીનાં વાસણો પણ એ સમયના ઉત્કર્ષનું

એક પ્રધાન ચિહ્ન છે. કોઈકોઈ વાસણો ઉપર તો લેખો પણ છે. કેટલાંક વાસણો તો ઇંડાનાં કોચલાં જેટલાં પાતળાં છે અને અંદર દીવો સળગાવ્યો હોય તો પ્રકાશ દેખાય છે! વાસણો પરનું ચિત્રકામ એ સમયના લોકોની કલારસિકતા ને સંસ્કારી દૃષ્ટિનો અચૂક પુરાવો છે. વાસણો જેટલી જ મહત્ત્વની અને કળાપૂર્ણ વસ્તુ ઓ તે એ યુગની માટીની મુદ્રાઓ છે. આ મુદ્રાઓ ઘરેઘરમાંથી મળી આવે છે. તેની પાછળ કાણાંવાળું નાકું બનાવેલું હોય છે, એટલે તેમાં દોરી પરોવી લટકાવાતી હશે અથવા ગળે કે બાવડા ઉપર તે બાંધવામાં આવતી હશે. તેની ઉપર હાથી, બળદ, વાઘ, ગેંડો વગેરે અનેક પશુઓ તથા જનાવરોની દાબેલી છાપ પાડેલી હોય છે. આ દરેક આકાર સાથે કંઈક ને કંઇક લખાણ તો છાપેલું હોય જ છે. આ છાપની કોતરણી અને સફાઇ અદ્દભુત તથા નવીન પ્રકારની લાગે છે. આ છાપોમાંથી સમજાય છે કે એ કાળમાં પણ પીપળો, બળદ, સર્પ વગેરેને લોકો પવિત્ર માનતા હશે.



ભાષા અને લિપિ

આજથી પાંચ સાત હજાર વર્ષ પહેલાં તામ્રયુગના એ હિંદવાસીઓ આપણી પેઠે ' ક ' લખી જાણતા નહોતા. તેઓ એક ભાવ પ્રકટ કરવાને 'ક' કરતાં વધુ ચિહ્નનો પ્રયોગ કરતા. માણસ ચાલે છે તેમ બનાવવાને બે પગ ચીતરતા અને માણસ પગથિયાં પર થઇ ઘરમાં જશે એમ બતાવવાને બે પગ નીચે નીસરણી કે પગથિયાં ચીતરતા. આવી રીતે લખવાની પદ્ધતિને ચિત્રલિપિ (Pictograph) કહે છે. કેટલાક તેને ઘાટક લિપિ (Idograph) પણ કહે છે. પ્રાચીન ઇજિપ્તની તથા બૅબિલોનના સુમેરીયન યુગની ચિત્રલિપિઓ આવી જ છે. એ બધી લિપિઓના અર્થ સમજવાના પ્રતિશબ્દો, કોષ અને ટીકા બહાર પડ્યાં છે. સુમેરી ચિત્રલિપિ અને પ્રાચીન ભારતની ચિત્રલિપિ એક જ હોત તો તેનો પણ અર્થ થયો હોત; પણ કોઇ હજુ સુમેરી લિપિના આધારે આ ભારતીય લિપિનો અર્થ કરી શક્યું નથી; એટલે જરૂર તે જુદી લિપિ છે. તોપણ બૅબીલોન અને સુમેરની તામ્રકાળની સંસ્કૃતિઓ જોડે આ ભારતીય તામ્રયુગનું ઘણી બાબતમાં મળતાપણું છે.

ટાઇગ્રિસ અને યુફ્રેટિસ નદીને બંને કાંઠે આવેલા પ્રદેશમાં શંખની બનાવેલી વસ્તુઓ પુષ્કળ મળી આવે છે. હાલ પણ બંગાળમાં સ્ત્રીઓનાં કંકણ શંખમાંથી જ બનાવવામાં આવે છે. મોહન–જો–ડેરોમાંથી શંખની બનાવેલી અસંખ્ય બંગડીઓ, શંખની દાબડીઓ, કાનનાં ઘરેણાં વગેરે મળી આવ્યાં છે, ને હાલ તે કલકત્તાના સંગ્રહસ્થાનમાં છે.

વિજ્ઞાન

બૅબીલોન અને સુમેરના પ્રાચીન લોકો કાચ બનાવવાનું જાણતા નહોતા એમ યૂરોપીઅન વિદ્વાનો કહે છે. તેઓ માને છે કે ઇ.સ. પૂર્વે સો કે બસો વર્ષ પહેલાં ઇજિપ્તમાં ગ્રીક લોકોએ કાચની શોધ કરી હતી; તે એવી રીતે કે અકસ્માત એક રેતી ઉપર રાંધતાં, રેતી ગળીને કાચ બની ગઇ હતી. પણ હવે તો સાબિત થયું છે કે ક્રીટ ટાપુમાં ઇ.સ. પૂર્વે કંઈ નહિ તો ત્રણ હજાર વર્ષ પહેલાં પણ કાચ બનતો હતો. એ ક્રીટ ટાપુના કાચ અને મોહન–જો–ડેરોમાંથી મળેલાં ચકચકિત વાસણોમાં ઘણું જ મળતાપણું છે અને ખુશીથી માની શકાય કે ક્રીટના પહેલાં પણ હિંદુસ્તાનમાં તામ્રયુગમાં કાચનું જ્ઞાન થયું હતું. એ વાસણો માટી અને કાચના ભૂકાની એકઠી બનાવટ છે. માટીનાં વાસણ પકવતાં પહેલાં તે પર જુદાજુદા રંગના કાચનો ઢોળ દેવામાં આવ્યો છે. કાચ અને માટીના આ મિશ્રણમાં તેમણે મણકાઓ, અલંકારો અને રમકડાં વગેરેને કાચના રંગમાં રગદોળી કે ચીતરીને રાસાયનિક ક્રિયાથી પકવી રંગો ઉપજાવ્યા છે તે વિજ્ઞાનીને સાનંદાશ્ચર્ય ઉપજાવે છે. આવી બનાવટ હરપ્પા અને મોહન–જો–ડેરો સિવાય બીજે કોઇ સ્થળેથી મળી નથી તે પરથી તામ્રયુગની એ એક અચૂક નિશાની ગણાય છે.

(અપૂર્ણ)

રવિશંકર રાવળ

રાજકુંવરી રૂપાંદે



એક હતો રાજા. એ બહુ જ ભલો. રૈયતને વહાલો. રૂપે ને ગુણે દેવ જેવો. બધી વાતે સુખી. પણ એક વાતનું દુ:ખ. એની ઉંમર આધેડ થવા આવી પણ એકેય ફરજંદ નહિ. રાજા તો જેમતેમ મન વાળે; પણ રાણીને વાંઝીઆપણાનું દુ:ખ હૃદયમાં શલ્ય પેઠે ખૂંચે. અરેરે ! એક દીકરી યે હોય તો મારૂં ઘર દીપે. એને હાલાં ગાઉં ને હૈયાને હીલોળું એમ અભિલાષ કરે. એક દહાડો આંગણા આગળ એક પોપટ આવીને પડ્યો. એ તરફડતા પોપટ ઉપર રાણીએ પાણી રેડ્યું, હાથમાં લીધો ને હેતનાં આંસુ સાર્યાં. 'ભગવાન તારી આશા પૂરશે' એમ કહી પોપટ રાણીના હાથમાંથી ઊડી ગયો. હરખાતે હૈયે રાણી મહેલમાં આવી. રાજાને વાત કહી, ને એકના આનંદનાં બે ભાગીદાર થયાં. રાણીને ગર્ભ રહ્યો. પૂરે મહિને રાણીને દીકરી અવતરી. જાણે કાચની પૂતળી. હીરા જેવી એની આંખો. અને રૂપ, કાંઇ રૂપ ? જાણે કોઈ દેવતાઇ બાળક !

રાજાએ તો આ આનંદમાં ગામ આખાને ઉજાણી આપવા ધારી. રાણીએ રાજાને કહ્યું, 'જોજો, આપણી ઉજાણીમાં પહેલી જોગણીઓને સંતોષવી રહી ન જાય.' રાજાને વિચાર થયો કે જોગણીઓ છે ઓગણીસ, ને મહેલમાં રતન જડેલાં સુવર્ણપાત્ર છે અઢાર. જો અઢારને અઢાર રતનપાત્ર આપીએ ને એકને બીજું આપીએ તો તેને ખોટું લાગે. અને જોગણીનો કોપ ખોટો. રાણી કહે, 'અઢાર જોગણીઓ તો ભેગી રહે છે ને એક પેલી ક્રોધી સ્વભાવવાળી બળીઝળી રહેનારીને કોઇ સાથે બનતું નથી. એ તો આઘી જુદી રહે છે.' એટલે રાજા રાણીએ તો અઢારને નોતરી.

ઉજાણીના આનંદમાં ગામ હીલોળે ચડ્યું છે. આજનો આનંદ પશુપક્ષીને તથા ઝાડવેલ સુદ્ધાંને છે. ઉજાણી પૂરી થઇ. અઢાર જોગણીઓ જમીને સંતોષ પામી. તેઓ મહેલમાંથી નીકળે છે ત્યાં રાણી કુંવરીને લઇ ઊભી રહી. જોગણીઓએ કુંવરીને જોઇ. પ્રેમથી તેમનાં હૈયાં ઊભરાયાં. આ રતનદીકરીનું નામ રૂપાંદે રાખજો એમ બોલી એકે માથે હાથ ફેરવ્યો ને આશીર્વાદ દીધો: 'બેટા ભલી થજે.' બીજીએ કહ્યું, 'બેટા તારાં રૂપ સદા ખીલતાં રહેજો.' ત્રીજીએ કહ્યું, 'બેટા ભાગ્યશાળી થજે.' ચોથીએ કહ્યું, 'બેટા સૌનું કલ્યાણ કરવાના સ્વભાવવાળી થજે.' એમ આશીર્વાદ વરસી રહ્યા છે. એકએક જોગણી નીકળે છે. તેને રાણી લળીલળીને નમન કરે છે અને સૌ આશિષ દેતી જાય છે. અંતે એક જ જોગણી બારણામાંથી નીકળવી બાકી રહી. ત્યાં તો પેલી ઓગણીસમી જોગણી ક્રોધથી ધૂંઆંફૂંઆં થતી, રાતીરાતી આંખોમાંથી અગ્નિ વરસાવતી, હાથ ઘસતી, બબડતી ને ફફડતી આવી. જમીને જતા લોકોને પૂછતાં કોઇએ કહ્યું, 'આજ તો ગામ આખાને રાજમહેલે ઉજાણી છે. તમારી અઢારે જોગણીઓ ઉજાણીમાં છે ને તમે કેમ નહિ ?' મૂળ તો મહા ક્રોધી, તેમાં વળી નોતરૂં ટળાયાનું અપમાન લાગ્યું, એટલે દાવાનળની પેઠે ભડભડતી તે રાજમહેલ તરફ આવી.

એને જોતાં જ સૌ શીઆંવીઆં થઇ ગયાં. બારણા આગળ આવીને તે રાણીને જોઇ બોલી, 'ખબરદાર રાણી ! જોગીજનનાં અપમાન બહુ બૂરાં છે. તારા અપમાનથી મારા હૈયામાં લોઢાની ત્રાક પેઠી હોય એવું દુ:ખ થયું છે. તને તો હું શું કહું ? પણ તારી આ દીકરીને મારી ત્રાક વાગશે એટલે તે પડશે !' આ શાપ સાંભળીને સૌના ચહેરા પડી ગયા અને સૌ ભયથી થરથર ધ્રૂજવા લાગ્યાં. પણ એવામાં પેલી અઢારમી જોગણી મહેલની અંદર હતી તે આગળ આવી. અમીની નજર દીકરી તરફ કરી માથે હાથ ફેરવી તે બોલી, 'બેટા તારાં શૂળીનાં વિઘ્ન ત્રાકે ટળશે. ત્રાક વાગ્યે તું પડીશ તોપણ મરીશ નહિ. સો વરસની ઊંઘ લઇ એક અલબેલા રાજકુંવરનો હાથ અડતાં તું જાગીશ. અને તમારી બંનેની જોડ થઇ જગતનાં કલ્યાણ કરશો.'

આ આશીર્વાદથી રાજારાણીને કંઈક ટાઢક વળી. પણ રાજાને મનમાં થયું કે દેશ આખામાં જો ત્રાક રહેવા દઉં તો દીકરીને વાગે ને ? એણે તો ત્રાકોને દીઠી

ત્યાંથી ભાંગી નંખાવી. દીકરી મોટી થઇ, પણ ત્રાક કે રેંટિયો તો નજરે પડે જ શાનાં ?

રાજકુંવરીની ઉમર વધતી ગઇ તેમતેમ રૂપ ને ગુણ ખીલતાં ગયાં. આવી રતન જેવી દીકરીનું મોં જોઇજોઇ માબાપ તો અરધાં અરધાં થઇ જાય. એક દહાડો રૂપાંદે કુંવરી રમવા નીકળ્યાં. નોકરચાકરને પાછળ મૂકીને તે આગળ ને આગળ ચાલ્યાં અને એક અજાણ્યા મકાન આગળ આવી પહોંચ્યાં. ઝાડીથી વીંટાએલું, નાનકડા બારણાવાળું એ મકાન જોઇ એને અચરજ થયું કે આવી ઝાડીમાં અહીં તે વળી કોણ રહેતું હશે ? જાણવાની ઇચ્છા થઇ; પણ બારણું ઉઘડે નહિ. અક્કલવાળી કુંવરીએ બારણામાંની એક છૂપી કળ શોધી કાઢી અને કળ દબાવતાં બારણું ખૂલ્યું. પણ મહીં કોઇ મળે નહિ. આ શું ? અંદર વળી બીજું બારણું ! તે ખોલતાં જુએ તો અંદર ત્રીજું ! એમ ખંડમાં ખંડ એવા અઢાર ઓરડા ઉઘાડતાં અંદર જુએ તો અજવાળું ઝોકાર ! માંહે એક ડોશી બેઠી છે. ધોળાં વસ્ત્ર પહેર્યાં છે. કપાળ તેજ મારી રહ્યું છે. બેઠીબેઠી એ રેંટિયો ફેરવી રહી છે. કુંવરીને તો આ બહુ જ ગમ્યું. એણે ડોશીને પૂછ્યું, ‘માજી, આ કોઇ જાતનું વાજું છે ? એનો સૂર તો બહુ મીઠો છે !’

‘ના બેટા, એ વાજું નથી; એ તો રેંટિયો છે.’

‘રેંટિયો ? એ રેંટિયો તમે શા માટે ફેરવો છો ?’

‘બેટા, આ રૂના એથી તાંતણા થાય છે.’

‘તો માજી, રૂના તાંતણા શું કરવા કરી નાખો છો ?’

‘એ તાંતણાનાં આવાં લૂગડાં થાય છે.’


‘ઓહો ! એ તો નવાઇ ! માજી, મારે પણ તાંતણો કરવો છે. મને રેંટિયો ચલાવવા દેશો ?’

ડોશીને ખસેડીને કુંવરી રેંટિયે બેઠી. પહેલો જ તાર કાઢ્યો તે માથાના વાળ જેવો. રૂપાંદેનો એ તાર તો જાણે રૂપાનો બારીક-




પગલાં

દરિયાને તીર એક રેતીની ઓટલી,
ઊંચી અટુલી અમે બાંધી જી રે;
પગલું તે એક એક પાડે મ્હેમાન એમ
રામજીની આણ અમે દીધી જી રે.



પ્હેલા મ્હેમાન તમે આવો સૂરજદેવ,
પગલું સોનાનું એક પાડજો જી રે;
પગલામાં નવલખ તારાની ભાત ને
સંધ્યાના રંગ બે'ક માંડજો જી રે.

બીજા મ્હેમાન તમે આવો પવનદેવ,
પગલું ઊંડેરૂં એક પાડજો જી રે;
પગલામાં વાત લખો પરીઓના દેશની
ફુલડાંની ફોરમ પૂરજો જી રે.



ત્રીજા મ્હેમાન તમે આવો સમદરદેવ,
પગલું મોતીનું એક પાડજો જીરે;
પગલામાં મ્હેલ ચણી સાતે પાતાળના
માણેકના દીવા પ્રગટાવજો જી રે.

ધીરે મ્હેમાન જરા ધીરેથી આવજો,
પગલાં તે જાળવીને પાડજો જીરે;
જોજો વિલાય ના એ પગલાંની પાંદડી
બાળુડે ઓટલી બનાવી જી રે.

સુન્દરમ્

માં બારીક વાળો. પણ જેવો એ બીજો તાર કાઢવા જાય છે ત્યાં અચાનક ત્રાકને આંગળી અડી ને ત્રાક આંગળીમાં પેસી ગઇ. રૂપાંદે ઢળી પડયાં. ઓરડામાં અંધારૂં વ્યાપી ગયું. રૂપાંદેનાં કમળ જેવાં પોપચાં બીડાઇ ગયાં. ઓરડામાંથી કોઈ એવી કારમી હવા નીકળી જે ખંડેખંડ વીંધી બહાર નીકળી. ઝાડ ઉપરનાં પક્ષીને તે હવા લાગતાં સૌ પંખી ઊંઘી ગયાં. હવા તો ફેલાતી જ ચાલી. રસ્તાનાં માણસને લાગતાં માણસ ત્યાં જ ઢળી પડે. કંદોઇ, કાપડીઆ અને બધા વહેપારીઓ પોતાનું કામ કરતાંકરતાં જેમના તેમ ઊંઘી ગયા. હાથમાં માલ લેતાંલેતાં ઘરાક ઊંઘી ગયાં. દૂધના કટોરા ઝાલી કુંવરીબાની વાટ જોતા ઊભેલા ચાકર ઊંઘી ગયા. રાજા અને રાણી ઊંઘી ગયાં. આખું ગામ ઊંઘી ગયું.

આ વાતને વરસો પર વરસો વીતતાં ગયાં. એ ઊંઘતું ગામ ઝાડઝાંખરાંમાં ઢંકાઇ ગયું. પણ રૂપાંદેની વાતો ગામોગામ ફેલાઈ. દેશદેશના રાજકુંવરો ત્યાં આવે. પણ જેવાં ઝાડવાં ખસેડી, ખોદી અંદર જાય કે હવા લાગે ને ઊંઘી જાય. એમ કરતાંકરતાં સોસો વરસ વીતી ગયાં.

એકવાર એક રાજકુંવર શિકારે નીકળ્યો છે. શંકર જેવું તેજસ્વી એનું કપાળ છે. રૂપગુણનો તો ભંડાર. જંગલમાં ઘોડા ઉપર બેઠો ચાલ્યો જાય છે. એના મનમાં કંઇ ઊંડાઊંડા વિચાર છે. કોઇ સાંભળતું નથી એમ જાણી મોંમાંથી બોલી જવાયું: ' જોડ વગરના જીવન-માં શી મજા ? ગમે તેવાં ઝાંખરાં વળગાડીને જિંદગીને ઝેરી શું કરવા કરૂં ? જોડ ના જડે તો જોગી થઇ જીવન જોગવવું સારૂં. ' આમ બોલે છે ત્યાં આકાશ-માંથી એક પોપટ ઊતરી આવ્યો અને રાજકુંવરની આંગળી પર બેસી બોલ્યો, 'આશા ફળશે, જોડ જડશે; સીધો ને સીધો જજે. '

આટલું બોલીને પોપટ તો તરત પાછો આકાશ-માં ઊડી ગયો. રાજકુંવરની જે આંગળી પર પોપટ બેઠો હતો તેમાંથી જાણે કસ્તુરી જેવી વાસ આવવા લાગી. લક્ષ્મણજીની મોહનિદ્રા મટાડવા હનુમાનજી લાવ્યા હતા તેવી ગંધમાદનની ઔષધિનો જાણે ફોર એ આંગળીમાંથી નીકળવા લાગ્યો.

રાજકુંવર આગળ ચાલ્યો. ઊંઘના ગામનાં ઝાડવાં ખસેડી અંદર પેઠો. ત્યાં તો ઊંઘતાં પંખી જાગી કલરવ કરવા લાગ્યાં. જાણે પ્રભાતનો સમય. વેપારીઓ જાગ્રત થયા ને કામ કરવા લાગ્યા. હાથીઘોડા હણહણવા લાગ્યા. રાજાના નોકર કુંવરીની વાટ જોઇ ઊભા. કુંવર તો સીધો ને સીધો પેલા મકાનમાં ગયો ને અઢારે ઓરડા વીંધી કુંવરી પાસે આવી ઊભો. જાણે કુશળ કારીગરે કોરેલી કોઇ આરસની પૂતળી હોય તેવી રાજ-કુંવરી સૂતી હતી. રાજકુંવરે આંગળી અડાડતાં કમળ જેવાં પોપચાં ઊઘડયાં ને કુંવરી આળસ મરડી ઊઠી. કુંવરને જોઇ તે બોલી, ' તમને રેંટિયો ગમે છે?' કુંવરે કહ્યું ' હા રેંટિયો તો મને બહુ જ વહાલો. ' કુંવરી કહે, મને પણ 'રેંટિયો બહુ જ વહાલો છે. હવે તો આપણે સાથે જ રહીશું. '

રાજાને આ વાતની જાણ થઇ. તેણે રૂપાંદેને ધામધૂમથી પરણાવ્યાં. કુંવર રૂપાંદેને લઇ પોતાને ગામ આવ્યા. કુંવર વહુ લાવ્યા એ સમાચાર સાંભળી એમનું ગામ તો આખું હીલોળે ચડયું. નવાં જોડાને ફૂલથી વધાવ્યું. રાજમહેલમાં રેંટિયો આણ્યો. એમનું જોઈ ઘેરઘેર રેંટીઆના તાર ને રેંટિયાનું સંગીત ચાલ્યું. રૂપાંદેના રાસડા જોડાયા અને ઘેરઘેર ગવાવા લાગ્યા.

રૂપાંદેની ઊંઘો સોસો વરસની,
રૂપાંદેની સાથે ઊંઘ્યું ગામ જો,
હાથી ને ઘોડા રૂપાંદે ઊંઘી ગયા.
ઊંઘ્યાંઊંઘ્યાં જંગલ કેરાં ઝાડ જો:—રૂપાંદેની૦
કાળી ને ક્રોધી રે કટફટ જોગણી.
તેં તોડાવી નાખી નવલખ ત્રાક જો;
રાજાને વ્હાલી રૂપાંદે દીકરી,
તેને ન દેવા ઘટે કારમા શાપ જો:—રૂપાંદેની૦
ધનધન રે બાપુની મોહન આંગળી,
એ આંગળીએ કસ્તુરીનો વાસ જો;
એ સુરભીએ રૂપાંદે જાગી ગયાં,
જાગ્યાંજાગ્યાં ગામ તણાં સૌ લોક જો:—રૂપાંદેની૦
રૂપાંદેને વ્હાલો રૂડો રેંટીઓ,
રૂપાંદેના રૂપા જેવા તાર જો;
ભૂમંડળને ફરતી ધારા તારની,
કલ્યાણી જોગણના આશીર્વાદ જો:—રૂપાંદેની૦
અમર તપો રૂપાંદે તારો ચૂડલો,
અમર વધો રૂપાંદે તારો તાર જો;
તાર વધે ત્યાં ભૂખ કે દુઃખ આવે નહિ,
રક્ષા કરજો તેત્રીસ કોટિ દેવ જો:—રૂપાંદેની૦



માધુકરી

·ઇન્દ્ર–વંશ·

તિમિરનો મારગ કોણ ધોશે
 નિતારીને અંતર તેજની કલા?
ભાવિતણું ભીતર કોણ જોશે
 ફંગોળીને જીવન મોહ શૃંખલા?
આગે બઢી કોણ સપૂત ધાશે
 ખંડેરના મુક્તિ મહેલ સર્જને?
એ સર્જનોનો બલિ કોણ થાશે
 પેગમ્બરીના ઇતિહાસપૂજને?
મૃત્યુ મહીં જીવન જોયું જેણે
 પડી રહે કેમ ગુલામી બંધને?
સિદ્ધાંતનું વિષ પીધેલ જેણે
 વેચી શકે શેં મરજીવ હિંદને?

ઈન્દુલાલ ગાંધી

('કલાપી સાહિત્યકુંજ કરાંચી'ના સુંદર છમાસિક 'ભારતી'ના અગ્રકાવ્યમાંથી)

કુંવરજી કાકા

ચારેક દશકા પહેલાંની વાત છે. મોરબી પાસે મકનસર નામે એક નાનું ગામડું છે. ગામડાની ધૂળમાં ઢંકાએલાં રત્નોને રગદોળાઇ જાય ત્યાં સુધી ન પિછાનવાની કળા આપણા લોકોને જેવી વરી છે એવી દુનિયાની બીજી પ્રજાઓને વરી હશે કે નહિ એ એક અણઉકેલ્યો કોયડો છે. આ નાના ગામડાનો કોઈ ઇતિહાસ લખે તો એ ઇતિહાસનું એક જ્વલંત પાત્ર કુંવરજી કાકા બને.

પાંચ હાથ લાંબુ અને એટલું જ પહોળું કાઠું. ભલભલા જુવાનની જાંગને શરમાવે એવાં ઢીંચણને આંબતાં મજબૂત અને લાંબાં બાવડાં. ગજભર પહોળી છાતી અને કેરીની ફાડ જેવી પહોળી આંખો. કહે છે કે મરણની છેલ્લી ઘડી સુધી એ આંખોની રતાશ ઓસરી નહોતી. જ્ઞાતિએ પોચા વાણિયાભાઇ, પણ જીવને અને પહેરવેશે પૂરા ગરાસીઆ. મિયાણા અને મોમનાને નામે ફફડતી મોરબીની રાંક પ્રજાને કાકાનો જ આશરો. માટી થઇને ફરનારી એ લૂટારૂ અને શૂરવીર કોમની પણ કાકાને નામે ફે ફાટે.

જુવાનીમાં તો કાકાએ કંઈક ઊંધાંનાં ચત્તાં કરેલાં. પણ એ ઇતિહાસ એમની સાથે જ માટીમાં મળી ગયો. એમના જ્વલંત જીવનના બે જ પ્રસંગો મળી શકયા છે.

મળસ્કું થતાં પહેલાં હાથમાં બશેરીઓ લોટો લઇ કાકા શૌચે જાય. એક દિવસ શૌચ જઈ કૂવા કાંઠે હાથપગ ધોવા આવ્યા. પાણીઆરીઓનો કાળો કકળાટ સાંભળી કાકા સ્તબ્ધ થઇ ગયા. પૂછપરછ કરતાં ખબર પડી કે ગામને પાદર એક મોમનો માછલાંનું ભર્યું ગાડું ઠાલવી વેચવા બેઠેલો. ગામમાં મુસલમાનની વસ્તી તો ફક્ત ચાર જ ખોરડાંની; પણ આડોડાઇ કરવાના ઇરાદાથી જ મોમનાએ ગાડું ઠલવેલું. મહાજનને ખબર પડતાં મોવડીઓ પાદર પહોંચ્યા. જુવાન મોમનાને ખૂબ સમજાવ્યો. ભાઇબાપા કર્યા, પગે પડયા, પણ મોગનો એકનો બે થયો નહિ. પોતડું ખેંચી કાઢવાની ધમકી આપી એણે મહાજનને રવાના કર્યું અને પોતાના વિજયના હરખમાં ફુલાતો માછલાં વેચવા બેઠો.

હાથ ધોઇ કાકા પાદર આવ્યા. ચાર આંખ ભેગી થઇ ને મોગનાના રામ રમી ગયા;—પણ પાછી પાની કરે તો માનું ધાવણ લાજે ને! કાકાએ તો પેટના દીકરા સાથે વાત કરતા હોય એટલી મીઠાશ અને શાંતિથી એ જુવાનને સમજાવવા માંડયો: 'મા'જનને નો દૂભાવાય; બાપ! ગાડું ભરી લે અને હાલ્યો જા.' કાકાના શબ્દો જાણે હવામાં ઊડી ન ગયા હોય તેમ મોમનો ખડખડાટ હસ્યો: 'એલ્યા, કુંવરજી કાકો તું કે?' કાકાને પગથી તે માથા સુધી નિરખતો મોમનો બોલ્યો. 'હા ભા, હું જ કુંવરજી,' કાકાએ ટાઢે પેટે શાંતિથી ઉત્તર દીધો. કાકાના શાંત ઉત્તરથી ઉશ્કેરાતો મોમનો બોલ્યો: 'તો કાકા, આવ્યો એવો જ આબરૂભેર હાલ્યો જા. ધોળામાં ધૂળ નાખ મા. હું મોમનો હોં.' 'હા બાપ, હા! તું તો મોમનો. પણ હવે ગાડું ભરી લે; હું તો આ હાલ્યો.' જરા પણ ઊકળાટ વિના કાકાએ જવાબ આપ્યો.

'ગાડું? ગાડું ભરાવનાર દીકરો તો મા હવે જણશે, કાકા! હાલતો થા નહિ તો પોતડું ખેંચી કાઢીશ.' જુવાનીના મદમાં મોમનાએ હદ ઓળગવા માંડી. કાકા શાંત ચિત્તે સાંભળતા જ ગયા. ગાળોનો બેશુમાર વરસાદ પોતાથી ઝીલાશે નહિ એમ જ્યારે લાગ્યું ત્યારે કાકાએ ખોંખારો ખાઇ જુવાનને પડકાર્યો: 'એલ્યા માટી! આ ઉપાડ નહિ તો મર્યો જાણજે.' મોમનો ખડખડાટ હસી પડયો. વીજળી ચમકે અને જોતાજોતામાં મેઘ તૂટી પડે તેમ કાકાની આંખ ક્રોધથી લાલ થઇ.

પણ મોમનો વખત વર્તી શકયો નહિ. કાકાએ લોટો અધ્ધર તોળ્યો અને જોતજોતામાં એ જુવાનની ખોપરીનાં કાચલાં લોહીના કાદવમાં રમવા લાગ્યાં !

એક વખત કાકા બાજુના ગામડે ઉઘરાણીએ ગએલા. શ્રાવણી આભ ઘટાટોપ જામેલું. જોતજોતાંમાં વીજળીના ઝબકારા અને મેઘના ઘડુડાટ શરૂ થયા. પહુંપહું થઇ રહેલો મે અનરાધાર વરસવા માંડ્યો. પવનનું તોફાન વધ્યું અને મે ગાંડો થયો. માટીનાં કાચાં ઝુંપડાં ધડોધડ પડવા લાગ્યાં, અને તાણ શરૂ થયું. વધતા જતા પાણીના વેગમાં ઢોરઢાંખર અને માણસો તણાવા લાગ્યાં. કાકાનો માનવપ્રેમી જીવ કકળી ઊઠ્યો. ' હે જીવ ! ઊઠ બાપ. ' કહી કાકા ઊભા થયા. ગામડાની સાંકડી શેરીમાં સામાસામી બે આંબલીઓ ઝૂકી રહેલી. કાકાની શકરાબાજ આંખે તરત જ માપ કાઢી લીધું. આડા સૂઇને એક થડને બાથ ભીડી અને બીજા થડે પગ ભરાવ્યા, અને દેહની દીવાલ બનાવીને પૂરને ખાળી ગામ તણાતું અટકાવ્યું. મે ટાઢો પડ્યો અને ચડેલું પૂર ઊતરી ગયું. નાનામોટા દોઢસો જીવ કાકાના શરીરની અડગ દીવાલના આશરે ટકી રહેલા. પાંચ કલાકના શેકતાપ પછી કાકાના જીવમાં જીવ આવ્યો. —ચમનલાલ ગાંધી

ઉષર્બુધ

કોમ તરીકે આપણે પ્રથમથી વહેલા ઊઠનારા હતા. વેદમાં ઉષાદેવીનાં જે ઉત્સાહભર્યાં વર્ણનો આવે છે તે જ બતાવે છે કે આપણા લોકો સવારે વહેલા ઊઠતા હતા. સ્મૃતિઓમાં પણ બ્રાહ્મમુહૂર્તે ઊઠવાનું પુણ્ય એટલે કે મહત્ત્વ બતાવ્યું છે. શિયાળાની શરૂઆતમાં અને અંતમાં જ્યારે આળસને આધીન થવાની બીક વધારે ત્યારે કાર્તિકસ્નાન તથા માઘસ્નાનનાં પર્વો ગોઠવી પહો ફાટે તે પહેલાં નાહી તૈયાર થવાનો રિવાજ આપણા લોકોમાં હતો. આર્ય લોકો ઉષર્બુધ હતા.

સગવડ પ્રમાણે સમયપત્રક રાખવું એ એક માર્ગ છે, અને જીવનમાં કેટલીક વસ્તુઓનો પૂરેપૂરો આગ્રહ રાખી એ આગ્રહ આગળ સગવડો ને અગવડોને સરખી રીતે નમાવવી એ બીજો માર્ગ છે. જેવી ટેવ પાડીએ તેવી ઘરેડ બેસી શકે છે. એકમાં સહેલાઇ છે, બીજીમાં સંકલ્પસામર્થ્ય છે. દુન્યવી વાતોમાં પહેલો માર્ગ વખતે વધારે અનુકૂળ હોય, પણ આધ્યાત્મિક માર્ગ—સાચો આધ્યાત્મિક માર્ગ લડાયક હોય છે. ત્યાં યુદ્ધવિરામને સ્થાન નથી, માંડવાળને અવકાશ નથી, સામા પક્ષની દયા તો ખવાય જ નહિ. એ તો હાથી ને ગેંડાના યુદ્ધ જેવું છે.

કુદરતની અવજ્ઞા કરીએ તો કુદરત વેર વાળે છે, પ્રકૃતિમાંથી વિકૃતિ ઉત્પન્ન થતાં વાર નથી લાગતી, એ બધી વાત સાચી છે. અધ્યાત્મના યાત્રીઓ એ બધું જાણે છે, પણ અધ્યાત્મ વિષે એ વસ્તુસ્થિતિને જીવનની મર્યાદા તરીકે સ્વીકારવાની ના પાડે છે. સંકલ્પ મહાન છે, સંકલ્પ વિજયી છે, સંકલ્પ સાર્વભૌમ છે. સંકલ્પને જોરે કલ્પાંત સુધી ઝૂઝીશું પણ એને મોળો નહિ પાડીએ એ એમની વૃત્તિ હોય છે.

સંકલ્પવીરો દલીલમાં ઊતરવાની પણ ઘણીવાર ના પાડે છે. એનું કારણ એમની અશક્તિ કે અભિમાન નથી હોતું, પણ તેઓ બુદ્ધિવાદની મર્યાદા જાણે છે. બુદ્ધિવાદના ક્ષેત્રની અંદરની વાતો તેઓ છૂટથી ચર્ચે છે. બહારની વાતો વિષે તેઓ કાં તો મૌન સેવે છે, અથવા કેવળ પોતાની શ્રદ્ધાને શબ્દબદ્ધ કરી એકવાર રજૂ કરી લે છે.

સવારે ચાર વાગ્યે કેમ ઊઠવું? ત્રણ કે પાંચ વાગ્યે કેમ નહિ? ચાર ઉપર સાત મિનિટે ઊઠીએ તો શો વાંધો? અને રોજ નિયમિત ઊઠવું જોઇએ એવો પણ આગ્રહ શા માટે? આવા સવાલનું સમાધાન શું? ब्राह्मे मुहूर्ते चोत्थाय चिन्तयेत् हितमात्मनः એટલો પુરાવો બુદ્ધિવાદીને બસ નથી થવાનો. પણ સવારે જેટલા વહેલા ઊઠાય તેટલા ઊઠવું જોઇએ એટલું તો સૌકોઇ સ્વીકારે. સવારે જ્યારથી આસપાસ બધું સ્પષ્ટ દેખાય છે ત્યારથી તો માણસની પ્રવૃત્તિની શરૂઆત થવી જોઇએ. તે પહેલાંનો વખત આત્મચિંતનમાં ગાળવો એવી ઋષિઓની શિખામણ છે. જેને મોક્ષની પડી હોય તે સવારે ઊઠીને આત્મા અને અનાત્મા વચ્ચેનો વિવેક વિચારશે. સામાન્ય માણસ પોતાની સ્થિતિ, પોતાનું જીવન, પોતાના આદર્શો અને પોતાની પ્રગતિ કે પરાગતિ એ બધી વસ્તુનો વિચાર કરશે. પ્રવૃત્તિશીલ માણસને આખો દિવસ પોતાનો સહવાસ ભાગ્યે મળે છે. અનેક મિત્રો અને સંબંધીઓના કાગળો વાંચવામાં આત્મદેવ તરફથી આવેલો કાગળ વાંચવાનો રહી જ જાય છે. આનો ઉપાય એક જ છે. ઘસઘસાટ ઊંઘી લઇ આખા દિવસનો થાક ઉતાર્યા પછી માણસ સવારે સાડા ત્રણ કે ચાર વાગ્યે ઊઠે, ઉષા દર્શન દે ત્યાંસુધી પોતાના અને પોતાના કુટુંબના, પોતાનાં સગાંવહાલાંના અને સમાજના હિતઅહિતનો વિચાર નિરાંતે કરે. સાત વાગ્યે ઊઠવું અને ચા સાથે બિસ્કિટ અને બગાસાં ખાવાં એમાં નથી પવિત્રતા કે નથી પ્રસન્નતા. સવારની ચા પછી દુનિયાની ખબરો વાંચતાં પહેલાં દુનિયા સાથેનો પોતાનો સંબંધ કેવો છે એનું ચિંતન માણસ કરે એ કોઇ પણ કાળે લાભદાયક જ છે.

જેમને વહેલા ઊઠવાની ટેવ નથી તેઓ શરૂઆતમાં સવારે ઊઠી પ્રાર્થના કરી ફરી સૂઈ જશે. શરૂમાં આ સ્થિતિ સહન કર્યે જ છૂટકો. આગળ જતાં ઊઠવાની ટેવ કાયમ થશે. સવારે એકવાર ઊઠ્યા પછી ને હૃદયપૂર્વક પ્રાર્થના કર્યા પછી પથારીની એંડી હૂંફમાં ફરી આળોટવાનું કોણ પસંદ કરે? અનેક જાતનાં કામો તો નોતરતાં જ હોય. એટલે ઊંઘવાનું પ્રમાણ ઓછું થઇ જશે, અને ચાર વાગ્યે પ્રાર્થના કરવાની ટેવ કાયમ થઇ જશે.

જેઓ વહેલા ઊઠે તેઓ વહેલા સૂઈ જાય. વહેલા ઊઠવાની ટેવ સાથે સીનેમાનાટક જોવા શોખો એની મેળે ઘટી જશે. ને કૌટુંબિક જીવન સુધરશે. સવારે ઊઠવાનો પ્રયોગ ચાર છ માસ સુધી લાગલાગટ કરી જોવો જોઇએ. (કાલેલકર)



પચાસ હજાર વર્ષ પહેલાં મધ્ય યુરોપ અને સાઇબારિયામાં ભમતો રૂંછડાંવાળો પ્રચંડ પડછંદ આ મૅમથ હાથી તે નીચેના ચિત્રમાં બતાવેલા મૅસ્ટોડનનો વંશજ અને આજના હાથીનો વચલો વડવો.

પૃથ્વીએ આથી રાખેલો નક્ષ હાથી


બે ઘડી રમૂજની ખાતર એવું માની લો કે ઇતિહાસના કોઇ પણ સમયનું દર્શન કરવાની શક્તિ આપતી જાદુઇ વીંટી આપણને મળી છે. કંઇ નહિ તો ચાળીસેક લાખ વર્ષ પહેલાં દુનિયા જેવી હોય તેવી દેખાય એમ માની લઇને ઇચ્છા કરીએ તો હિમાલયના આજના ગગનગામી પ્રદેશમાં સાગર લહેરાતો દેખાય છે. ઇંગ્લંડ જેવા દેશમાં બાફ મારતી ગરમી લાગે છે અને ટેમ્સના કિનારે વિચિત્ર કાચબાઓ આંટા મારે છે તથા મગરો અને જળસાપો અહીંતહીં આથડતાં દેખાય છે.

આફ્રિકાના ઉત્તર પ્રદેશમાં નજર કરીએ. મોરીસ સરોવર પર સાડા ત્રણ હાથની ઊંચાઈનાં પાડા જેવાં કોઈ વિચિત્ર પ્રાણીઓ ખાડાઓમાં ખાબકી રહ્યાં છે. આજના આપણા હાથીનું પૂર્વ પિતૃકુળ આ પ્રાણીઓથી શરૂ થાય છે. જુઓ પેલું પ્રાણી સૂંઢ પેઠે લંબાતું નાક ખેંચીખેંચી પાંદડાં પકડવા મહેનત કરી રહ્યું છે. બીજું વળી સહેજ બહાર નીકળતા પોતાના ટૂકડા દાંતોથી ઝાડનાં મૂળિયાં ખણી રહ્યું છે.

આ જગ્યા છોડતાં પહેલાં આપણી જાદુઇ વીંટીને હવે આજ્ઞા કરીએ કે આપણને ત્રીસ લાખ વર્ષનો ગાળો કૂદાવીને ચાળીસમાંથી દસ લાખ વર્ષ સુધીની મુદ્દત પર લાવી મૂકે. પેલાં મોરીસ જનાવરો હવે નાબૂદ થએલાં દેખાય છે. તેને બદલે હવે એ ઝાડીમાંથી બહાર નીકળી ઘૂમતાં જે પ્રાણીઓ દેખાય છે તે તેમના જ વંશજો છે, અને હવે આખી પૃથ્વી ઉપર આથડવા નીકળ્યાં લાગે છે. એનાં નાક અને ઉપલો હોઠ બદલાઇને લાંબી સૂંઢ બની ગઇ છે અને ઉપલાં જડબાં જે વધુ મોટા દાંત હતા તે હવે દંતૂશળ બની રહ્યા છે. આ પ્રાણીઓ અર્ધ હાથી જેવા લાગે છે. આવા એક હાથીનું અસ્થિપિંજર ઇ.સ. ૧૯૦૧માં મળી આવ્યું હતું. તેને પુરાતત્ત્વવેત્તાઓએ પ્રાચીન નક્ષ હાથી તરીકે ઓળખ્યો છે.

તે પેલા સરોવરનાં જનાવરો કરતાં સહેજ મોટો છે, પણ હિંદુસ્તાની કે આફ્રિકન હાથી કરતાં ઘણો નાનો છે. હાલના તેરતેર ફૂટ ઊંચા ને પંદર પંદર ફૂટનાં દંતૂશળો વાળા હાથીઓ તે મૂળ પેલા નક્ષ હાથીના વંશજો. હવે તે દુનિયા આખીમાં ફેલાયા અને તેમાંથી આજના હાથીની જાત નીપજી તેમ જ અમેરિકામાં મળી આવેલ નક્ષ હાથી તથા યુરોપના બીજા ભાગોના પ્રચંડ મૅમથ નામના હાથી પણ એમાંથી જ નીપજ્યા.


હવે આપણી વીંટીને ફરીવાર દેખાવ બદલી ઇ.સ પહેલાં ૫૦,૦૦૦ વર્ષ પૂર્વેનું સાઈબીરીયા નજરે પાડવા ફરમાવીએ. એટલે આ મૅમથ નામનો હાથી અદૃશ્ય થાય તે પહેલાં તેને જોઈ લેવાય. જુઓ જુઓ ! ઓ જાય પેલો રૂંછડાવાળો પડછંદ હાથી. બરફના મેદાન પર તે ધસ્યો જાય છે અને તેની પાછળ પડેલાં ચામડાનાં પોશાકમાં ઝડપથી દોડતાં પ્રાણીઓ તે ઇતિહાસ પૂર્વકાળનાં માનવીઓનો છે. ‘ કડડડડ ભુફાંગ !’



આજથી ચાલીસ લાખ વર્ષ પહેલાં, આફ્રિકાના ઉત્તર પ્રદેશમાં વસતું લંબાતા નાક અને દાતરડી જેવડા ટૂંકડા દંતુશળોવાળુ સાડા ત્રણ હાથ ઊંચાઇનું પાડા જેવડું આ મૅસ્ટોડન પ્રાણી તે આજના હાથીઓનો આદિ વડવો.



પૃથ્વીએ બરફમાં આથી રાખેલા મૅમથ (નક્ષ) હાથીના મિ. ઍડમ્સે શોધેલા અવશેષ (ચામડા, દંતૂશળ વગેરે) પરથી ઊભો કરીને રાખેલો સેંટપીટર્સબર્ગના સંગ્રહસ્થાનમાંનો નક્ષ હાથી.



આફ્રિકાના ઉત્તર કિનારે નાઈલના મુખ આગળ જ્યાં આવું • કાળું મીંડું બતાવ્યું છે ત્યાંથી ચાળીસ લાખ વર્ષ પહેલાંનો હાથીનો વડવો મૅસ્ટોડન આખી પૃથ્વીમાં યુગો વીતતાં કયેકયે રસ્તે પ્રસર્યો અને હાથીનો વંશ કેમ ફેલાયો તે બતાવતો નકશો. ઑસ્ટ્રેલિયા સમુદ્ર વચ્ચે હોવાથી ત્યાં તે નથી જઇ શક્યો.

સાત ટનના એ કદાવર જાનવરના ભારથી બરફનું પડ તૂટ્યું અને ઠંડાગાર જળમાં તે ગરક થઈ ગયો. પેલા શિકારીઓ અગ્નિના તણખા પેઠે વેરાઇ ગયા.

પણ ઓ પ્રિય વીંટી! રખે તું આ દેખાવ આગળ જ અમને છોડી દેતી! ૫૦,૦૦૦ વર્ષ પહેલાંની આ પુરાણી જગ્યાએથી અમને ઉઠાવી લે. હાશ! આ તો ૧૯૩૧ની સાલનો નવેમ્બર મહિનો છે. ઉપકાર થયો.

હવે આપણે હતા ત્યાં ને ત્યાં આવી ગયા, એટલે ખરા ઇતિહાસની વાત પર આવીએ. ઇ.સ. ૧૭૯૯માં સાઈબીરિયાની લીના નદીના મુખ આગળ હાથીદાંતના એક શિકારીએ બરફના મોટા ટેકરામાં એક વિચિત્ર કાળો સમૂહ જોયો. પણ તે વિશે તેને કંઇ સમજણ પડી નહિ. એક વર્ષ પછી ફરી તે જગ્યાએ તે આવ્યો ત્યારે આશ્ચર્ય પામતાં તેણે જોયું કે એ કાળો પદાર્થ એક હાથી હતો. બરફ ઓગળતો જતો હતો છતાં હજી તેને હાથ કરવાનું સુલભ થયું ન લાગ્યું. એટલે એક વર્ષ વધુ તેણે રાહ જોઈ.

પછીને વર્ષે શિકારી પાછો આવ્યો ત્યારે તેણે જોયું કે હાથીનું માથું આગલા બે પગમાં ભરાઈ પડ્યું હતું અને બરફના ગાપચામાં ગબડી પડતી સ્થિતિમાં નમી રહેલો લાગતો હતો. હજારો વર્ષ પહેલાં તેનું કરુણ અવસાન થયું. તે વખતે જેવું હતું તેવું જ તેનું માંસ હજી તાજું હતું. અત્યાર સુધી કુદરતની ઠંડીમાં તે જળવાઇ રહ્યું હતું.

તેના દંતૂશળો કાપી લઇને શિકારી તો ચાલતો થયો. પાછળથી વરૂઓ અને રીંછડાંઓનાં ટોળાંએ માંસના એ પ્રચંડ ઢગ ઉપર ભાગ માટે તૂટાતૂટ કરી મૂકી. પાંચ વર્ષ પછી ૧૮૦૪માં મી. ઍડમ્સને તેનું હાડપીંજર તે જ ઠેકાણે મળી આવ્યું. તેણે છૂટાં પડેલાં હાડકાં વીણી લીધાં અને જનાવરના પડખા નીચે દબાએલા ભાગની ચામડી બચી હતી તે પણ મેળવી. એ ચામડી પર કાળા વાળ અને લાલ ઊન ચોટ્યાં હતાં અને તેનું વજન એટલું બધું હતું કે દસ માણસો તે ખેંચી જવાને લાગ્યા. ભૂખ્યાં વરૂઓએ તેનું માંસ ખાતાંખાતાં બરફ ઉપર અહીંતહીં તેના મવાળ પડતા મૂક્યા હતા તે ભેગા કર્યા તો ૬૦ રતલ થયા. એક કાન અને બે આંખો પણ મળી; પણ સૂંઢ ચવાઇ ગઇ હતી. ત્યાર પછી તેણે તપાસ કરી પેલા શિકારીનો પત્તો મેળવી દંતૂશળો ખરીદી લીધા ને બધો જથ્થો ૭૩૬૦ માઇલ સેંટપીટર્સબર્ગ (હાલ લેનીનગ્રાડ)માં પહોંચાડ્યો, ત્યાં કુશળ કારીગરોએ તેનું અસલ રૂપ બેસાર્યું. (અંગ્રેજી ઉપરથી)

દીવાળીના સર્પો

ત્રણ કે ચાર આનાની ગોળ ડાબલીઓમાંથી નીકળતી પેલી નાનકડી સફેત ટીકડીઓ, જેને દીવાસળી લગાડતાં અંદરથી સર્પનો ઉદ્ભવ થાય છે, એ ખરું જોતાં એક રાસાયનિક પદાર્થ છે. કારબન અને નાઇટ્રોજનના મિશ્રણથી સાયેનોજન નામનો પદાર્થ બને છે, અને એની સાથે ગંધકને મેળવવાથી 'સલ્ફો સાયેનોજન' પેદા થાય છે. પારા જોડે સલ્ફો-સાયેનોજન ભેળવ્યાથી, 'સલ્ફો સાયેનાઇડ ઑફ મર્ક્યુરી' નામનો ક્ષાર મળે છે. આ ક્ષાર તે પેલી દાબડીમાંની ટીકડીઓ. દીવાસળી લગાડવાથી 'સલ્ફો સાયેનાઇડ'ને ગરમી મળતાં જ તેનું કદ ધીમેધીમે વધતું જાય છે, અને ટીકડીની લંબાઇ પણ વધતી જાય છે. દરમ્યાન ટીકડીનો સફેદ રંગ બદલાઇ પીળાશ પર આવી જાય છે. સર્પ બનતી વખતે જે એક નાપસંદ ગંધ જણાય છે, તે આ ક્રિયાને લીધે ઉદ્ભવતા 'સલ્ફ્યુરિક ઍસિડ'ને લીધે છે. —પ્રતાપરાય પો. વૈદ્ય

બંગાળાની રેવન્યુ બોર્ડના કારકુન પદ્મલોચનના કાર્યકૌશલથી પ્રસન્ન થઇ અધિકારી સાહેબે તેનો પચાસ રૂપિયા પગાર વધારવાની ઇચ્છા જણાવતાં તેણે કહ્યું 'મને હાલ જે વેતન મળે છે તે મારા નિર્વાહ માટે પૂરતું હોઇને વિશેષની મને જરૂર નથી. માટે મારો પગાર ન વધારતાં મારા હાથ નીચેના કારકુનોનો થોડોથોડો પગાર વધારી આપો.'

અનેકાર્થી શબ્દઃ **ઘોડો**=અશ્વ; ચાંપ કે કળ; પાણીનું મોટું મોજું; વસ્તુઓ મૂકવા માટે બનાવેલું લાકડાનું ચોકઠું; ઘોડાના માથાના આકારની ખીંટી; કપાસનું ચાર પાંખડીનું કાલું; અંગૂઠા પાસેની આંગળી ઉપર પહેરવાનું રૂપાનું ઘરેણું.

૧થી અમુક સંખ્યા સુધીમાં જેટલા આંકડા આવે તે બધાનો પહેલેથી સામટો (૧+૨+૩+૪+૫ એમ) સળંગ સરવાળો કરવાની એક ટૂંકી રીત છે: જે અંક સુધીનો સરવાળો કરવો હોય તે અંકને તેના જ અરધા વડે ગુણીને તેનું અરધ તેમાં ઉમેરવું. ધારો કે ૧થી ૧૫ સુધીના અંકનો ૧થી માંડીને સળંગ સરવાળો કરવો છે; તો $\frac{૧૫}{૧}\times\frac{૧૫}{૨}+\frac{૧૫}{૨}=\frac{૨૪૦}{૨}=૧૨૦$. તે જવાબ. હવે સરવાળો કરીને તાળો મેળવી જુઓ.

વીંછી કરડે કે તરત સોપારીનો ભૂકો ચલમમાં કે કાગળની બીડી વાળીને તમાકુની પેઠે પીવાથી ઊતરી જાય છે.

ફાઉન્ટન પેન વાપરનારાઓએ થોડાથોડા વખતને આંતરે તે સાફ કરતા રહેવાની કાળજી રાખવી જોઇએ. એના સાંધેસાંધા છૂટા કરી નાખીને સુરકામાં અરધો કલાક ભીંજવી રાખ્યા બાદ નવશેકા પાણીથી સારી પેઠે એકેએક ભાગ ખૂબ ચોળીચોળીને અંદરબહારથી ધોઇ નાખવો. અને તે ફરી તદ્દન સુકાઇ ગયા પહેલાં તેમાં શાહી ન ભરવી.

પૃથ્વીના પૃષ્ઠ ઉપર થએલાં સઘળાં યુદ્ધોમાં ગત મહાન જર્મન યુદ્ધ એ મોટામાં મોટું હતું. તે તારીખ ૧લી ઑગસ્ટ ૧૯૧૪થી ૨૧મી નવેમ્બર ૧૯૧૮ સુધી ચાલ્યું. તેને પરિણામે ત્રીસ દેશોની સરહદો બદલાઇ ગઇ ને એક કરોડ માણસોના જાનની ખુવારી થઈ.

અનિદ્રાના દરદ ઉપર એક રૂપિયાભર ગોળમાં આઠ માસા પીપરીમૂળના ગંઠોડાનું ચૂર્ણ મેળવી સૂતી વખતે ખાવાથી રાહત સાથે ઊંઘ આવી જશે.

પાણી ભરેલા પ્યાલામાં એકાદ આંગળ જેટલો શાહીચૂસ કાગળ મૂકી તે પર ટાંકણી મૂકો. થોડી વારે કાગળ નીચે બેસી જશે ને ટાંકણી પાણી ઉપર તરશે. કાગળ એની મેળે નીચે ન બેસે તો બે સળી વડે સંભાળથી તેને જરા દાબવો. ટેવ પડયા પછી તમે શાહીચૂસ વગર પણ ટાંકણી પાણી પર મૂકી શકશો. એકાવખતે આખી ટાંકણીને પાણી અડકે તો જ તે તરી શકે. તેનો કોઇપણ છેડો પહેલો પાણી પર પડશે તો તે નીચે બેસી જશે.




જૅક કૉરવિન નામના આ માણસે આખા યુનાઇટેડ સ્ટેટ્સ સોંસરી લાંબી સફર પાછા પગે ચાલીને જ કરી હતી સફળતા માટે હાથમાં તે અરીસો રાખતો.


સામો વકીલઃ તમે તમારી નિર્દોષતા ઠરાવી શકો તો તો ઘણું સારું. ગુનો કરતી વખતે તમને કોઇએ જોએલા ખરા ?

તહોમતદારઃ સુભાગ્યે કોઇએ નહિ!

સ્ત્રીઓનું સૌથી પહેલું હિંદી માસિક 'સુગૃહિણી' ૪૩ વર્ષ પહેલાં નીકળેલું.



દૃષ્ટિભ્રમ
અ થી અ સુધીની લીટી બ થી બ સુધીની લીટીના જ માપની બરોબર છે, છતાં તે ટૂંકી લાગે છે!



અમરત્વની ભાવના દર્શાવતાં વિવિધ પ્રજાઓનાં પ્રતીકઃ એમાં (૧) સ્વસ્તિક એ જગજૂનું પ્રતીક છે. કઇ પ્રજાએ તે શોધ્યું એ હજી જણાયું નથી. આદિકાળથી તે ઊતર્યે આવ્યું છે. અખંડ આરોગ્ય ને કલ્યાણનું તે સૂચક છે. (૨) બાબિલોન ને આસીરિયાની સેમિટિક પ્રજાનું દીર્ઘાયુષ્ય તથા મંગલ સૂચક ચિહ્ન. (૩) આરોગ્ય ને અમર જીવનનું ચીની પ્રજાનું પ્રતીક (૪) દીર્ઘજીવી કાચબો હિંદી પ્રજાનું દીર્ઘઆયુષ્ય તથા કલ્યાણભાવના પ્રકટ કરતું ચિહ્ન છે. તેથી જ તે આપણાં મંદિરો ને શિલ્પમાં ઘણે ઠેકાણે નજરે પડે છે. (૫) ઓક-વૃક્ષનું ફળ: ઇરાની પ્રજાનું અમરત્વસૂચક પ્રતીક.(૬)અનંત જીવનની ઇજીપ્શીઅનોની ભાવના મૂર્ત કરતું પ્રતીક.